MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૧૨-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 મેચમાં વરસાદ વિલન બને તેવી શક્યતા : આજે ધર્મશાળામાં ભારત-દ. આફ્રિકા વચ્ચે પ્રથમ વન-ડે

5 કાન ખોલીને સાંભળી લો અમને પ્રેમ માટે નમતા આવડે છે ને લડતા પણ આવડે છે

8 રાજપીપળાની મધ્યમાં આવેલી રજવાડા સમયની કન્યા શાળાની હરાજી ટાણે વિવાદ : રાજપીપળાની અસ્મિતા જાળવવા પાલિકા સદસ્ય મેદાને

9 પ્રજાની રક્ષા કરતી નર્મદા પોલીસ પર મચ્છરોનો હુમલો : પાયગા પોલીસ લાઈનની ડબકોમાંથી મચ્છરોનું આક્રમણ

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એકટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257


(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

ઉચ્છલમાં ઉકાઇ જળાશયમાં હોડી દુર્ઘટના : ૭ના મોત

સુરત

તાપી જિલ્લાના ઉચ્છલમાં ઉકાઇ જળાશયના ફુગારામાં ગઈકાલે સાંજે હોડી પલટી જતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. હોડીમાં ૧૩ જેટલા લોકો સવાર હતા. ઘટનાની જાણ થતા સ્થાનિક તરવૈયાઓ દ્વારા મદદ કરવામાં આવી હતી અને ૬ જેટલાનો બચાવ કરવામાં આવ્યો હતો. જ્યારે એક બાળકી સહિત ૭ મૃતદેહ મળી આવ્યાં છે. હાલ અન્યોની સ્થાનિક તરવૈયાઓની મદદથી શોધખોળ ચાલી રહી છે.દુર્ઘટના પહેલા હોડીમાં બેસતા લોકોનો વીડિયો સામે આવ્યો છે.મૃતક બાળકીની ઓળખ એંજલબેન ડેવિડભાઈ કોંકણી (ઉમર વર્ષ ૫) તરીકે થઈ છે. બાળકી ઉચ્છલના સુંદરપુર ગામની રહેવાસી છે.

હોળીની રજાઓને લઈને લોકો ફરવાના સ્થળે ગયા હતા. દરમિયાન તાપી નદીની આસપાસ આવેલા સ્થળો મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડે છે. ઉચ્છલ તાલુકાના સુંદરપુર ગામના રહેવાસીઓ ફરવા



માટે ગયા હતા. તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના ભીસકુદ ગામ ખાતે આવેલઉકાઇ જળાશયના ફુગા[illegible]હોડીમાં સવાર થઇને ૧૩ જેટલા લોકો જઈ રહ્યા હતા. દરમિયાન ભારે પવનના કારણે હોડી પલટી મારી ગઇ હતી. જેથી બૂમાબૂમ થઇ ગઇ હતી. કિનારે હાજર લોકો અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા મદદે પહોંચ્યા હતા. ૬ જેટલાનો બચાવ કરી કિનારે લાવ્યા હતા. જ્યારે એક બાળકી સહિત સાત મૃતદેહ બહાર કાઢ્યા હતા. હાલ પણ સ્થાનિક તરવૈયાઓની મદદથી અન્યો શોધખોળ ચાલી રહી છે.

વધુમાં મળતી માહિતી મુજબ ઉચ્છલ તાલુકાના સુંદરપુર ગામનો કોકની પરિવાર કાળનો કોરિયો બની ગયો છે. મૃતકોની યાદી નીચે મુજબ છે. એન્જલ ડેવીડભાઈ કોકની (ઉ.વ. ૫), આરાધ્યા સુખલાલ કોકણી (ઉ.વ. ૭), અભિષેક રાજેશ કોકણી (ઉ.વ. ૧૧), અંજના રાજેશ કોકણી (ઉ.વ. ૧૪), વિનોદ બુધિયા કોકણી (ઉ.વ. ૧૮), ઉર્મિલા રતુભાઈ કોકણી (ઉ.વ. ૨૦) રાજેશ બલીરામ કોકણી (ઉ.વ. ૩૪)નો સમાવેશ થાય છે.

ફુગારા ગામ નજીક ધૂળેટીના તહેવારની રજા માણતા કુલ ૧૩ લોકો મોડીમાં સવાર હતા : ભારે પવનના કારણે હોડી પલટી ગઈ : સ્થાનિક તરવૈયાઓએ છ લોકોને ઉગારી લીધા

માંડવી રામેશ્વર મંદિર તાપી નદીમાં નહાવા પડેલા સુરતના ત્રણ તણાયા

એક બાળક સહિત ત્રણનાા તાપી નદીમાં ડૂબી જવાથી મોત

સુરત

માંડવી નગર નજીક પસાર થતી તાપી નદીના કિનારે રામેશ્વર મંદિરે દર્શન કરવા ગયેલા સુરતના શ્રદ્ધાળુઓ પૈકી નદીમાં નાહવા પડેલા એક ૯ વર્ષના બાળક સહિત ત્રણના ઊંડા પાણીમાં ગરકાવ થતા કરૂણ મોત નિપજ્યા હતા મૃતકો ત્રણે સુરતના હોવાનું જાણવા મળ્યું હતું. બનાવને લઈને પરિવારજનોમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

હોળી-ધૂળેટીના રંગોના પર્વને મનાવવા માટે સુરતમાં સેંકડો પરિવારો વાર તહેવારે આજુબાજુના પિકનિક સ્થળોએ પરિવાર સાથે હરવા ફરવા જતા હોય છે એવી જ રીતે ગતરોજ માંડવી નજીક રામેશ્વર મહાદેવ મંદિરે સુરતના સરથાણા વિસ્તારના પરિવારો દર્શનાર્થે ગયા હતા જેમાં સરથાણા વિસ્તારમાં વ્રજ વિલા રેસીડનસી વ્રજ ચોક માં રહેતા શાંતિ ભાઈ નાનુભાઈ સેંજલીયા ઉમર વર્ષ ૪૫ તેમજ અતુલ વશરામ સેંજલીયા ઉમર વર્ષ ૪૦ રહે નવકાર એપાર્ટમેન્ટ પાસોદરા પાટીયા રોડ સુરત અને અન્ય એક નવ વર્ષનો બાળક રુદ્રાક્ષ અગ્નિ ગોરધન કાથરોટીયા રહે શ્યામ નગર નવાગામ કામરેજ નું ઊંડા પાણીમાં ઘરકામ થવાથી મોત નીપજ્યું હતું.

માંડવી પોલીસ ના અહેવાલો અનુસાર માંડવી નજીક તાપી નદીમાં રામેશ્વર મહાદેવ મંદિર નજીક જોખમી જગ્યા આવેલી છે અને અત્યાર સુધીના સમયાંતરે ત્યાં ડૂબી જવાના અનેક બનાવો ભૂતકાળમાં પ્રકાશમાં આવ્યા છે છતાં મંદિરે આવતા દર્શનાર્થીઓ નાહવા માટે ઊંડા પાણીમાં ઉતરતા હોય છે ગઈકાલની ઘટના માં પણ કંઈક આવું જ બન્યું છે તરતા તરતા ગુજારી જોખમી જગ્યા ના પ્રવાહ માં દર્શનાર્થીઓ જતા ઉપરોક્ત ત્રણેય ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને પરિવારજનોએ બૂમાબૂમ કરતાં સ્થાનિક લોકો મદદે દોડી આવ્યા હતા આ બનાવની જાણ માંડવી ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી ફાયરના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને ઘણી એની લાશને બહાર કાઢી હતી ઉપરાંત માંડવી પોલીસને પણ ઘટનાની જાણ ભોગ બનનારના સબંધી મનસુખભાઈ કચરાભાઈ લીંબાણીએ કરતા માંડવી પીએસઆઈ વરવી સહિતનો કાફલો ઘટનાસ્થળે ધસી ગયો હતો અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરાયા બાદ પોસ્ટમોર્ટમ વિધિ પછી મૃતકોની લાશનો કબજો તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો.

બે સગી બહેનો વિધવા બનતા આભ તૂટી પડ્યું

હોળી પર્વ પર બે દિવસની રજા હોય હરવા-ફરવા માટે પરિવાર સાથે ગયેલા સરથાણા વિસ્તારના મુળે સૌરાષ્ટ્રવાસી પરિવારો પૈકી ના માંડવી નજીક પસાર થતી તાપી નદી કિનારે આવેલા પ્રસિદ્ધ રામેશ્વર મહાદેવ મંદિરે ગયા હતા જ્યાં મંદિરે દર્શન કર્યા બાદ જોખમી જગ્યાએ તાપી નદીના પાણીમાં નાહવા પડ્યા હતા . આ ઘટનામાં મૃતક અગ્નિ સેંજલીયા અને શાંતિભાઇ સેંજલીયા બંને સગા સાઢૂભાઈ થાય છે. બંને સગા સાઢૂભાઈ ના મોત થતા બે સગી બહેનો વિધવા થઈ છે જેથી પરિવાર પર આ બધું તૂટી પડ્યું હતું.

માંડવી ઈકો ટુરીઝમ પાર્કમાં બ્રિજ તૂટી પડતા ૨૫ જેટલા સહેલાણીઓ ઈજાગ્રસ્ત

ધૂળેટીના તહેવારમાં મોટી સંખ્યામાં સહેલગાહ માણવા લોકો ઊમટી પડતા દુર્ઘટના : ગંભીર ઘાયલ ચાર લોકો સિવિલમાં દાખલ

સુરત

સુરતઃ માંડવી તાલુકાના જેતપુર-કેવડી ગામ ખાતે આવેલા આવેલી ઈકો ટુરિઝમ પાર્કમાં તળાવ પરનો લોખંડનો બ્રિજ તૂટી પડતા ૨૫થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોમાં મોટા ભાગના સુરતના હોવાનું જાણવા મળ્યું છે. તમામ ઈજાગ્રસ્તોને બારડોલીની સરદાર હોલ્ખિટલ અને સુરત હોલ્ખિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

રજાને લઈને મોટી સંખ્યામાં સહેલાણીઓ હતા

માંડવી તાલુકાના જેતપુર-કેવડી ગામ ખાતે ઈકો ટુરિઝમ પાર્ક આવેલો છે. રજાના દિવસોમાં સુરત અને જિલ્લાના લોકો ફરવા માટે જતા હોય છે. હાલ હોલીની રજાઓના લઈને આજે મોટી સંખ્યામાં સહેલાણીઓ ઈકો પાર્કમાં ઉમટી પડ્યા હતા. ઈકો પાર્કમાં જંગલની વચ્ચે નદીને પાર કરવા માટે એક ૨૫થી ૩૦ ફૂટ ઉંચો લોખંડનો બ્રિજ બનાવવામાં આવ્યો છે. જે આજે તૂટી પડ્યો હતો. જેથી ૨૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેથી તમામ ઈજાગ્રસ્તોને પ્રથમ માંડવી બાદ બારડોલીની સરદાર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ૪ જેટલા ગંભીર ઈજાગ્રસ્તોને સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

હોળીની રજાને લઈને મોટી સંખ્યામાં સુરતના લોકો માંડવી ઈકો ટુરિઝ્ન પાર્કમાં ફરવા માટે ગયા હતા. જે લોકો બ્રિજ તૂટી પડતા ઈજાગ્રસ્ત થયા હતા. બ્રિજ તૂટી પડતા ઈજાગ્રસ્તોમાં મોટા ભાગના સુરતના છે. જે પૈકીના ૪ જેટલાને સુરત સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. મોક્ષ મુકેશ ગામી (ઉ.વ.૩ રહે. ભગુ નગર, વરાછા), રીના મનીષ ગામી (ઉ.વ.૩૩ રહે. એજન), દક્ષા ઘનશ્યામ ફાસરા (ઉ.વ.૫૪ રહે. પૂર્વી સોસાયટી, વરાછા) અને દયાબેન અગ્નિ ચોથાણી (ઉ.વ.૪૮ રહે. ભગુ નગર, વરાછા), મનીષા લક્ષ્મણ જાની (ઉ.વ.૪ રહે. ભગુ નગર, વરાછા), રસીલા ભગુ ગુંદડીયા (ઉ.વ.૫૬ રહે. મીની બજાર, વરાછા) અને રિન્કુ મનીષ ગામી (ઉ.વ.૪૦ રહે. ભગુ નગર, વરાછા), રંજન મુકેશ ગામી (ઉ.વ.૨૮ રહે ભગુ નગર વરાછા), પટેલ ચિરાગ, વેદ ચિરાગ પટેલ(ઉ.વ.૯)ને સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે.

વ્યાજે ધીરેલા રૂા.એક કરોડની ઉઘરાણી માટે મકાન પર કબજો કરી લેવાયો

વ્યાજખોરોએ મારી નાંખવાની ધમકી આપતા સાત સામે પોલીસ ફરિયાદ

સુરત

એક કરોડ રૂપિયા ઊંચા વ્યાજે આપનારાએ મકાન ઉપર કબજો જમાવી દઈ મકાનમાં લગાવેલ સીસીટીવી કેમેરા તોડી નાંખી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ કતારગામ પોલીસ મથકે નોંધાઈ હતી.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નગરમાં રહેતા વસંત પરસોત્તમ કાબરીયાએ આરોપી હસમુખ અમરાવાળા, રમેશ ઉકા મકવાણા, અભય હરસુખ વાળા, ભાવેશ હરસુખ વાળા, રિતુલ હિંમત ગજેરા, દિપક અરજણ ડોંગા, વિપુલ મધુ ગજેરા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી રિતુલ તથા દિપકભાઈએ ફરિયાદીને એક કરોડ રૂપિયા વ્યાજે આપી ઊંચુ વ્યાજ વસૂલ કરી ફરિયાદીની પત્નીના નામનું મકાનનો કબજા વેચાણનો કરાર કરાવી મકાનનો કબજો પડાવી લેવા માટે અન્ય વ્યક્તિઓને મકાન ભાડે આપ્યાનો કરાર કરી ફરિયાદીની ગેરહાજરીમાં મકાનમાં પ્રવેશી સફાઈ કામદારને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી સીસીટીવી કેમેરા તોડી નાંખ્યા હતા. કતારગામ પોલીસ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કારખાનાના પહેલા માળેથી કારીગરને નીચે ફેંકી દેવાયો

સુરત

ઉધના-મગદલ્લા રોડ સદાનંદ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી ખાતે સાત ઈસમોએ એક યુવકને પહેલા માળથી નીચે ફેંકી દઈ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ પંચમહાલ જિલ્લાના વતની અને હાલમાં ઉધના મગદલ્લા રોડ સુનીલ પટેલના ખાતામાં રહેતાં કૌશિક બારીયાને ગતરોજ સવારના પોણાદસેક વાગ્યાના સુમારે આરોપી પ્રફુલ્લ ભાલેરાવ, ભાવના ચૌહાણ, કિશન ચૌહાણ, સાગર કાલીયા શાહુ, દિપચંદ વિશ્વકર્મા તથા રાહુલ હરીજને તેની સાથે નજીવી બાબતમાં ઝઘડો કરી પહેલા માળ પરથી નીચે ફેંકી દઈ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

IDFC બેન્કના એટીએમમાંથી ૧૬ લાખની ચોરીઃ કર્મચારીઓની સંડોવણીની શંકા

ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી આઇડીએફસી ફર્સ્ટ બેંકના એટીએમમાંથી ૧૬ લાખની ચોરીની ઘટના બની છે. પાસવર્ડ નાખીને એટીએમ ખોલીને ચોરી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જેથી કોઈ જાણભેદુએ જ ચોરી કરી હોવાની શક્યતા છે. પાસવર્ડ નાખીને ચોરી થઈ હોવાથી બેંકમાં રૂપિયા જમા કરાવવા જતા કર્મચારીઓ શંકાના ઘેરામાં છે. જેને પગલે બેંક સંચાલકોમાં દોડધામ મચી ગઈ છે અને પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

૪ માર્ચના રોજ બેંકના કર્મચારીઓ દ્વારા એટીએમમાં રૂપિયા ડિપોઝિટ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ બે દિવસ પહેલા જ એટીએમની અંદર બે મશિનમાંથી ૧૬ લાખ રૂપિયાની ચોરી થઈ હતી. જેમાં તમામ નોટો ૫૦૦ રૂપિયાના દરની હતી. પોલીસે સીસીટીવી મેળવવાની તજવીજ હાથ ધરી છે અને કર્મચારીઓની પણ પૂછપરછ શરૂ કરી છે.

પિયરમાં પત્નીની ચપ્પુ વડે હત્યા કરી ઘરે પહોંચી પતિનો આપઘાત

માતાની હત્યા અને પિતાના આપઘાતથી બે બાળકો નિરાધાર

સુરત

ભટાર આઝાદ નગરમાં પતિએ પત્નીને ઉપરા ઉપરી ચપ્પુના અનેક ઘા માર્યા બાદ ઘરમાં જઈ ફાંસો ખાઈ લીધો હતો. છેલ્લા ઘણા સમયથી પતિ-પત્ની વચ્ચે ઝઘડા ચાલી રહ્યા હતા. બે માસૂમ બાળકીની માતાનું સિવિલમાં ટૂંકી સારવાર બાદ મોત નિપજ્યું હતું. પતિ-પત્નીના ઝઘડાને લઈ બન્ને બાળકો નાના-નાની પાસે જ રહેતા હતા.

બાલુ વાનખડે (મૃતક મોહીનાના પિતા) એ જણાવ્યું હતું કે, દીકરીના લગ્નને પાંચ વર્ષ થયાં હતાં. દરમિયાન મોહિનીને બે દીકરી અવતરી હતી. એક ૩ વર્ષની અને એક એક વર્ષની છે. જોકે, બેકાર જમાઈ રવિ ખાનનારે વારંવાર દારૂ પીવાના પૈસાને લઈ ઝઘડો કરતો હોવાને કારણે દીકરી મોહિની બન્ને માસૂમ દીકરીઓને લઈ પિયર આવી ગઈ હતી. આજે ધૂળેટીને લઈ રવિ દારૂનાના નશામાં ઘરે આવ્યો હતો અને જોર જબરજસ્તીથી બન્ને દીકરીઓને પોતાની સાથે લઈ જવાની વાત કરતા મોહિનીએ પોલીસ સ્ટેશન ફોન કર્યો હતો. જેને લઈ નશામાં ચૂર રવિએ ચપ્પુ કાઢી મોહિની પર તૂટી પડ્યો હતો અને ઉપરા ઉપરી અનેક ઘા મારી ભાગી ગયો હતો. મોહિનીને ગંભીર હાલતમાં સારવાર માટે ૧૦૮માં સિવિલ લઈ આવ્યો હતો.

મૃતક મોહીનાના પિતાએ વધુમાં જણાવ્યું હતું કે, પત્ની પર જીવલેણ હુમલો કરનાર રવિએ પણ તેના ભાડાના ઘરમાં મોઢા પર ઘા મારી ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલી હાલતમાં મળી આવ્યો હતો. જ્યારે મોહિનીનું સિવિલ હોલ્ખિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ બાદ ખટોદરા પોલીસ સિવિલ દોડી આવી આગળની તપાસ હાથ ધરી છે.

પીપોદરા જીઆઈડીસીમાંથી અજાણ્યા યુવકની હત્યા કરાયેલી લાશ મળી

સુરત

છેલ્લા ઘણા સમયથી સુરતમાં હત્યા અને મારામારીના ગુના વધી રહ્યા છે. સુરતના પીપોદરા જીઆઈડીસી વિસ્તારમાં આજે એક અજાણ્યા યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. લાશ અર્ધનગ્ન હાલતમાં હોવાથી પોલીસે આ મુદ્દે ગંભીરતાથી તપાસ હાથ ધરી છે.

આ ઘટના અંગે માહિતી મળતા કોસંબા પોલીસ તુરંત ઘટના સ્થળે પહોંચી ગઈ મૃતકની ઓળખ મેળવવા માટે તપાસ હાથ ધરી છે. આ મૃતદેહ ઝાડી ઝાંખરામાંથી મળી આવ્યો હતો. આ સાથે મૃતકના માથાના અને મોઢાના ભાગે ગંભીર ઈજાના નિશાનો જોવા મળી રહ્યા છે.

જીઆઈડીસીમાં હત્યાની વાત ફેલાઈ જતા મોટી સંખ્યામાં કારીગરો ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા. પોલીસે ઘટના સ્થળ પર તપાસ હાથ ધરી પુરાવા એકત્ર કરી રહી છે. ઉલ્લેખનીય છે કે જીઆઈડીસી વિસ્તાર હોવાથી અહીં અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં કારીગરો નોકરી કરવા માટે આવે છે. તો પોલીસને આશંકા છે કે આ મૃતક અન્ય કોઈ રાજ્યનો રહેવાસી હોઈ શકે છે. આ સાથે મૃતકના માથાના ભાગે કોઈ બોથડ પદાર્થની ઈજા પહોંચાડવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવી રહ્યું છે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૧૨-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

મધ્યપ્રદેશમાં જ્યોતિરાદિત્ય સિંધિયાનો બળવોઃ કોંગ્રેસ સરકાર સંકટમાં

સિંધિયા 'કમલ'ને છોડી 'કમળ'માંઃ રાજ્યસભાની ટિકિટ મળી

મ.પ્રદેશમાં ધૂળેટીના દિવસે ખેલાયો રાજકીય હોળીનો જંગ, કોંગ્રેસનો ઉડ્યો રંગઃ કુલ ૨૨ ધારાસભ્યોએ રાજીનામા આપતા ખળભળાટ,કોંગ્રેસનું સંખ્યાબળ ઘટીને ૮૮, નવા ગણિત મુજબ બહુમતના આંકડાથી ૧૬ બેઠકો દૂર, ભાજપ પાસે ૧૦૯થી વધુ ધારાસભ્યોનું સમર્થન





● હોર્સ ટ્રેડિંગના ડરથી કોંગ્રેસે પોતાના ધારાસભ્યોને જયપુર તો ભાજપે હરિયાણાના માનેસર ખસેડ્યા ● સિંધિયાએ નડ્ડાની હાજરીમાં ભાજપનો કેસરિયો ખેસ ધારણ કર્યો ● સિંધિયા સમર્થનવાળા ૧૯ ધારાસભ્યોને બેંગ્લુરુ શિફ્ટ કરાયા ● સિંધિયાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપતા પહેલાં ગૃહમંત્રી શાહની સાથે વડાપ્રધાનની મુલાકાત લેતાં ચર્ચાએ જોર પકડ્યું હતુ...આખરે જોડાયા

ન્યુ દિલ્હી/ભોપાલ

કોંગ્રેસ શાસિત મધ્યપ્રદેશ સરકારમાં ૨૦૧૮માં કમલનાથ સરકાર રચાયાના દોઢ વર્ષ બાદ આખરે આંતરિક કલહ જોશભેર સપાટી પર આવતાં પક્ષથી નારાજ સિનિયર યુવા નેતા અને સિંધિયા રાજવી પરિવારના એવા યુવા જ્યોતિરાદિત્યા સિંધિયા હોળી-ધૂળેટીના દિવસે જ પોતાના ટેકેદાર ૬ મંત્રીઓ સહિત ૧૯ ધારાસભ્યો સાથે બેંગલુરૂ પહોંચતા કમલનાથ સરકાર સામે ગંભીર રાજકિય સંકટ સર્જાયું હતું. સિંધિયાએ ગઈકાલે ૧૦મીએ દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળતા અને બેંગલુરૂથી ૧૯ બાગી સભ્યોએ રાજીનામા પત્ર હાથમાં રાખીને પડાવેલી તસ્વીર જાહેર કરતાં મધ્યપ્રદેશ સહિત દેશના રાજકિય ક્ષેત્રે ભારે સનસનાટી મચી ગઈ હતી. અને એક મોટી રાજકિય ઘટનામાં આખરે સિંધિયા આજે ભાજપમાં જોડાઈ ગયા હતા. જો કે આંચકા ઉપર આંચકા ખમનાર સીએમ કમલનાથે ગઈકાલે સાંજે જ પોતાની સરકાર વિશ્વાસનો મત જીતી જશે અને ભાજપના કેટલાક ધારાસભ્યો તેમની સાથે સંપર્કમાં હોવાનો દાવો કરતાં મામલો વધારે અટપટો અને પેચીદો બન્યો હતો. અને મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર રહેશે કે જશે તેની વિવિધ અટકળો વહેતી થઈ હતી. સરકાર રહેશે કે જશે તેનો સમગ્ર આધાર વિધાનસભાના અધ્યક્ષ પ્રજાપતિ અને રાજ્યપાલ લાલજી ટંડનના વલણ પર સ્થિર થયો છે. દરમ્યાનમાં આજે સિંધિયા વિધિવત ભાજપમાં જોડાતા જ ભાજપે તેમને તરત જ રાજ્યસભાની ટિકિટ પણ આપી દીધી હતી.

ત્રણ રાજ્યોની સાથે મધ્યપ્રદેશમાં ૨૦૧૮માં વિધાનસભા ચૂંટણીઓ બાદ કોંગ્રેસની સરકાર રચાતા સિંધિયાએ સીએમ બનવાની ઈચ્છા પક્ષને દર્શાવી હતી. પરંતુ કોંગ્રેસ નેતાગીરીએ સિનિયર મોસ્ટ એવા કમલનાથને સીએમ બનાવતાં સિંધિયા ત્યારથી નારાજ ચાલી રહ્યાં હતા. જો કે તેઓ અવાર-નવાર ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના આકરી ટીકા પણ કરતા હતા. પરંતુ નવેમ્બર ૨૦૧૮માં તેમણે પોતાના લેટરહેડ અને ટ્વીટર એકાઉન્ટ પરથી કોંગ્રેસનું નામ, હોદ્દો વગેરે. દૂર કરતાં તેઓ કોંગ્રેસ છોડી રહ્યાં હોવાની અટકળો શરૂ થઈ

અનુસંધાન પાના નં. ૪

ભારતમાં કોરોના વાયરસનો હાહાકારઃ કુલ ૬૨ કેસ નોંધાયા

કર્ણાટકમાં કોરોનાના એક શંકાસ્પદ દર્દીના મોતથી ખળભળાટ

પૂનામાં ૫, કેરળમાં છ તેમજ કર્ણાટકમાં ચાર નવા કેસની પુષ્ટિ

ન્યુ દિલ્હી

આજે કોરોના વાયરસના કારણે ભારતમાં પ્રથમ શંકાસ્પદ મોત થયું છે. કર્ણાટકના કલબુર્ગી-ગુલબર્ગા જિલ્લામાં કોવિડ-૧૯ના પોઝિટિવ કેસ ધરાવતાં વૃદ્ધનું મોત થયું છે.

માહિતી મુજબ કર્ણાટકમાં કોરોના વાયરસના કારણે પ્રથમ શંકાસ્પદ મોત થયું છે. કર્ણાટક આરોગ્ય વિભાગના અધિકારીઓએ આ અંગે માહિતી આપી હતી.

ચીનથી શરૂ થયેલા કોરોનાએ વિશ્વભરમાં હાહાકાર મચાવી દીધો છે. ત્યારે ભારતમાં પણ કોરોનાનો કેર વધી રહ્યો છે.. દેશમાં કોરોના વાઈરસના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોનાના દર્દીઓની સંખ્યા હવે ૬૨ પર પહોંચી છે. પૂનામાં કોરોના વાઈરસના ૫ કેસ પોઝિટિવ મળ્યાં છે. પુણેમાં કોરોના વાઈરસ કોવિડ-૧૯ના બે દર્દીઓના સંપર્કમાં આવ્યા બાદ વધુ ૩ લોકોમાં તેના લક્ષણો જોવા મળ્યા છે. માનવામાં આવી રહ્યું છે કે, પુણેના પતિ અને પત્ની દુબઈથી ભારત પરત આવ્યા ત્યારે કોરોનાની પુષ્ટિ કરવામાં આવી હતી. રાજસ્થાનના જયપુરમાં બુધવારે સંક્રમણનો વધુ એક કેસ સામે આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે, યુવક ૨૮

અનુસંધાન પાના નં. ૪

દિલ્હી હિંસા મામલે લોકસભામાં ધમાલઃ વિપક્ષે સરકારનો ઉધડો લીધો

આઝાદી બાદ સૌથી વધુ રમખાણ કોંગ્રેસના શાસનમાં થયાઃ સરકાર

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસામાં ૫૦થી વધુ લોકોના મોત થયા હતા. દિલ્હી હિંસાને લઈ લોકસભામાં સરકારે જવાબ આપ્યો હતો. સરકાર તરફથી ભાજપના સાંસદ મીનાક્ષી લેખીએ જવાબ આપ્યો હતો અને વિપક્ષ પર પ્રહાર કર્યા હતા. મીનાક્ષી લેખીએ કહ્યું કે, આઝાદી પછી સૌથી વધુ રમખાણ કોંગ્રેસના કાર્યકાળમાં થયા છે. બીજી તરફ વિપક્ષે પણ પ્રહાર કરતા કહ્યુ કે, બાલાકોટમાં એર સ્ટ્રાઈક કરી શકાય છે તો પછી સરકાર દિલ્હી હિંસાને કેમ ના રોકી શકી. મીનાક્ષી લેખીએ કહ્યું કે આઝાદી બાદ સૌથી વધુ રમખાણ કોંગ્રેસના કાર્યકાળમાં થયા. ટોપ ૧૦ રમખાણ કોંગ્રેસના સમયમાં થયા. ૨૦૦૨ બાદ ગુજરાતમાં કોઈ રમખાણ નથી થયા. આજે દિલ્હી રડી રહી હશે. લોકોએ મફત વિજળી અને પાણી માટે એક પાર્ટીને મત આપ્યા પરંતુ અમે જોયુ કે રમખાણમાં કરોડોનું નુકસાન થયુ, તેમણે કહ્યું દિલ્હી ભાજપના સાંસદો

અનુસંધાન પાના નં. ૪

સરકાર બાલાકોટમાં સ્ટ્રાઈક કરી શકે પણ હિંસા રોકી નથી શકતીઃ અધીર રંજન

કોંગ્રેસ સાંસદ અધીર રંજને એનએસએ અજીત ડોભાલની પ્રશંસા કરી છે, તેમણે કહ્યું કે અજીત ડોભાલ રસ્તા પર ઉતરતા જ હિંસા શાંત થઈ હતી. જ્યા અજીત ડોભાલ જઈ શકે છે ત્યા અમિત શાહ કેમ નથી જઈ શકતા. ગૃહમંત્રી સિવાય બે ગૃહ રાજ્યમંત્રી છે તે બાદ પણ અજીત ડોભાલ હિંસાગ્રસ્ત વિસ્તારમાં ગયા હતા. દિલ્હીની કાયદા-વ્યવસ્થાની જવાબદારી તેમની પાસે નથી.

અધીર રંજને કહ્યું કે, સરકાર પ્રયાસ કરતી તો દિલ્હી હિંસાને રોકી શકાતી હતી. આ દેશનું પાટનગર છે. અહીની પોલીસને અમે મોર્ડન માનીએ છીએ. હથિયારની કોઈ કમી નથી. પછી આ ઘટના કેમ બની. ત્રણ દિવસ સતત આ ઘટના કેવી રીતે ઘટી. સરકારે જવાબ આપવો પડશે.ગૃહમંત્રી અમિત શાહ ત્રણ દિવસ સુધી ક્યા હતા. દિલ્હીની કાયદાની જવાબદારી તેમની પાસે છે. અધીર રંજને કહ્યું કે જ્યારે દિલ્હી સળગી રહી હતી તો અમદાવાદમાં ટ્રમ્પનું સ્વાગત કરવામાં આવતુ હતું.

મહારાષ્ટ્રમાં દર્શકો વિના આઈપીએલની મેચો રમાશેઃ ઉદ્ધવ કેબિનેટની મંજૂરી

મુંબઈ

મહારાષ્ટ્ર કેબિનેટે આવનારી આઈપીએલની ૧૩મી સીઝનની મેચો માટે મંજૂરી આપી દીધી છે. પણ દર્શકો વિના. કોરોના વાયરસને ફેલાવવાથી રોકવા માટે કેબિનેટે આ નિર્ણય લીધો છે. એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે મુંબઈમાં IPLની દરેક મેચો દર્શકો વિના યોજાશે. આ પ્રપોઝલ પર સ્ટેટ મિટીંગની કેબિનેટમાં ચર્ચા થઈ છે. આશા છે કે સરકાર ટૂંક સમયમાં તેને લઈને વિધાનસભામાં નિવેદન બહાર પાડશે. આઈપીએલની પહેલી મેચ ૨૯ માર્ચના રોજ મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમમાં રમાવાની છે.

મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ વાયરસના ૫ મામલાની પુષ્ટિ થઈ છે. જેને લઈને સરકારે આઈપીએલને લઈ ચર્ચા કરી છે. મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતાએ કહ્યું કે, અમે કોરોના વાયરસને કારણે દરેક રીતની સાવચેતી રાખી રહ્યા છે. અમે નિર્ણય લીધો છે કે રાજ્યમાં હવેથી કોઈ પણ મોટી સંખ્યામાં લોકોને ભેગા

અનુસંધાન પાના નં. ૪

ભાજપમાં જોડાતાં જ સિંધિયાના કોંગ્રેસ પર પ્રહારો

કોંગ્રેસ હવે પહેલા જેવી પાર્ટી નથી, રાજનીતિ ફક્ત દેશ સેવા માટે હોય છેઃ સિંધિયા

કમલનાથ ભ્રષ્ટ,મધ્યપ્રદેશમાં ભ્રષ્ટાચાર ફૂલ્યો ફાલ્યો, વડાપ્રધાન મોદીના હાથમાં દેશ સુરક્ષિત

ન્યુ દિલ્હી

બીજેપીમાં સામેલ થયા બાદ જ્યોતિરાદિત્ય સિંધિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહનો તેમના પરિવારમાં સ્થાન આપવા બદલ આભાર માન્યો હતો. સિંધિયાએ કહ્યું કે મારા જીવનમાં બે તારીખ ખૂબ જ મહત્વની છે, તેમાંથી પહેલી ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૧ જે દિવસે મેં મારા પિતાને ગુમાવ્યા હતા, તે જિંદગી બદલનાર દિવસ છે અને બીજી તારીખ ૧૦ માર્ચ ૨૦૨૦ જે દિવસે મે જીવનમાં એક મોટો નિર્ણય લીધો છે. હું એ વાતને માનું છું કે જીંદગીમાં આપણું લક્ષ્ય જનસેવાનું હોવું જોઈએ. રાજનીતી માત્ર એ લક્ષ્યની પૂર્તિ કરવા માટેનું એક માધ્યમ હોવું જોઈએ, તેનાથી વધુ નહિ. મારા પૂજય પિતાજી અને ૧૮-૧૯ વર્ષમાં જે સમય મને મળ્યો તેમાં મેં રાજય અને દેશની સેવા કરવાની કોશિશ કરી.

સિંધિયાએ કહ્યું કે આજે મન વ્યથિત છે અને દુઃખી છે, જે કોંગ્રેસ પાર્ટી પહેલા હતી તે આજે રહી નથી, તેના ત્રણ મુખ્ય મુદ્દાઓ છે. પ્રથમ વાસ્તવિકતાથી ઈન્કાર કરવો, નવી વિચારધારા અને નેતૃત્વને માન્યતા ન મળવી. ૨૦૧૮માં જયારે મધ્યપ્રદેશમાં સરકાર બની તો એક સપનું હતું, પરંતુ તે પણ ખેદાનમેદાન થઈ ચૂક્યુ હતું. મધ્યપ્રદેશમાં કોંગ્રેસ સરકારે વાયદાઓ પુરા કર્યા નથી. જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું કે આજે મધ્ય પ્રદેશમાં ટ્રાન્સફર માફિયાનો ઉદ્યોગ ચાલી રહ્યો છે, રાષ્ટ્રીય સ્તર પર વડાપ્રધાન અને ગૃહ મંત્રીએ મને એક નવું મંચ આપવાની તક આપી છે.

સિંધિયાએ વડાપ્રધાન મોદીના વખાણ કરતા જણાવ્યું કે, દેશનું ભવિષ્ય વડાપ્રધાન મોદીના હાથમાં

અનુસંધાન પાના નં. ૪

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવમાં કડાકો બોલાતા રાહત

અચ્છે દિન..! પેટ્રોલ ૨.૬૯ રૂપિયા અને ડિઝલ ૨.૩૩ રૂપિયા સસ્તુ થયું

અમદાવાદમાં પેટ્રોલ ૬૭.૮૪ પ્રતિ લીટર અને ડીઝલનો ભાવ ૬૫.૯૪ રૂપિયા પ્રતિ લીટર થયો

ન્યુ દિલ્હી

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવોમાં આવેલા મોટા ઘટાડાનો ફાયદો હવે ભારતીય જનતાને મળવા લાગ્યો છે. ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આજે મોટો ઘટાડો નોંધાયો છે. બુધવારે પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર ૨.૬૯ રૂપિયા સુધી ઘટ્યો છે. બીજી તરફ, ડીઝલનો ભાવ પ્રતિ લીટર ૨.૩૩ રૂપિયા ઘટ્યો છે. અમદાવાદમાં બુધવારે પેટ્રોલ ૬૭.૮૪ પ્રતિ લીટર અને ડીઝલનો ભાવ ૬૫.૯૪ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે. અમદાવાદમાં ૧ ફેબ્રુઆરીએ પેટ્રોલનો ભાવ ૭૦.૫૨ હતો જે ૧૧ માર્ચ સુધીમાં ઘટીને ૬૭.૮૪ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડાને કારણે ગુજરાતના શહેરોમાં પેટ્રોલ પંપો પર સસ્તું પેટ્રોલ-ડીઝલ ભરાવવા માટે વાહન ચાલકોની ભીડ જોવા મળી રહી છે. નોંધનીય છે કે, સઉદી અરેબિયા અને રશિયાની વચ્ચે ઓઈલ પ્રાઈસ વૉર છેડાતાં સોમવારે કાચા તેલના ભાવ આંતરરાષ્ટ્રીય વાયદા બજારમાં ૩૧ ટકા સુધી તૂટી ગયો હતો.

તેનાથી ભારતને આર્થિક લાભ મળી શકે છે, કારણ કે આપણો દેશ પેટ્રોલિયમ ઈંધણ માટે ઘણે અંશે આયાત ઉપર

અનુસંધાન પાના નં. ૪

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

તંત્રી સ્થાનેથી...

જળ સંકટ ખુબ વિકટ

દેશમાં જળ સમસ્યા છેલ્લા કેટલાક વર્ષોમાં ખુબ ગંભીર બની છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં આ સમસ્યા ઓછી છે પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં તો ખુબ જટિલ રીતે આ સમસ્યા ઉભી થઈ છે. પાણીના સોર્સ હવે ખતમ થઈ રહ્યા છે. જેથી કૃષિ પર આધારિત લોકોની હાલત ખરાબ થઈ રહી છે. સમસ્યા દિન પ્રતિદિન વધી રહી હોવા છતાં આ સમસ્યા તરફ એટલી ગંભીરતાથી ધ્યાન આપવામાં આવ્યુ નથી જેટલી ગંભીર આ સમસ્યા રહેલી છે. મોદી સરકારે અલગ મંત્રાલયની રચના કરી હોવા છતાં તેના પરિણામ હજુ દેખાઈ રહ્યા નથી. તેમની કામગીરી પણ બહાર આવી રહી નથી. જળ સંકટ પર નીતિ આયોગના હાલના રિપોર્ટથી કેટલીક ખૌફનાક સ્થિતી સપાટી પર આવી ગઈ છે. જો કે એવા કોઈ સંકેત મળતા નથી કે સરકારની નીતિ પર અને પ્રાથમિકતા પર તેની કોઈ પ્રતિકુળ અસર થનાર છે. આવા જ કારણે એવી શંકા રહેલી છે કે આ રિપોર્ટ પર અગાઉના રિપોર્ટની જેમ જ થોડાક દિવસ ચર્ચામાં રહ્યા બાદ હવા થઈ જશે. દર વર્ષે મે અને જુન મહિનામાં આ પ્રકારના હેવાલ સપાટી પર આવતા રહે છે. રિસર્ચ અને અભ્યાસ હેવાલો સપાટી પર આવતા રહે છે. નીતિ આયોગના હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમે ઈતિહાસના સૌથી ભીષણ જળ સંકટના દૌરમાંથી પસાર થઈ રહ્યા છીએ. શુદ્ધ પાણી ન મળવાના કારણે વાર્ષિક બે લાખ લોકોના મોત થઈ જાય છે. વર્ષ ૨૦૨૦ના અંત સુધી દેશના ૨૧ શહેર ભૂગર્ભ જળની કમીના કારણે મુશ્કેલનો સામનો કરશે. વર્ષ ૨૦૩૦ સુધી દેશમાં પાણીની માંગ આના પુરવઠા કરતા બે ગણી થઈ જશે અને સમસ્યા વધારે વિકરાળ બની જશે. રિપોર્ટમાં અન્ય કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવ્યુ છે. પાણીની આ કમીના જીડીપી પર પડનાર અસરને પણ ધ્યાનમાં લઈને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. તેના કહેવા મુજબ જળ સંકટના કારણે જીડીપીમાં છ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. રિપોર્ટમાં દર્શાવાયેલી સ્થિતી તમામ લોકોની આંખો ખોલી નાંખે છે. જો કે આ બાબતને પણ નકારી શકાય નહી કે તે પહેલા પણ આવા હેવાલ આવતા રહ્યા છે. દર વર્ષે વરસાદની સિઝનની શરૂઆત થાય તે પહેલા કોઈને કોઈ જળ સાથે સંબંધિત સંસ્થા દ્વારા પાણીના સંકટને લઈને રિપોર્ટ જારી કરે છે. એટલે કે સરકાર અને નિષ્ણાંતો પરિસ્થિતીની ગંભીરતાથી સંપૂર્ણપણે વાકેફ છે. તેમ છતાં ઉદાસીનતા દર્શાવવામાં આવી રહી છે. સ્થિતીથી વાકેફ હોવા છતાં વરસાદના પાણીને બચાવવા, પારંપરિક જળ સ્ત્રોતની સુરક્ષા રાખવા અને ભૂગર્ભ જળને લઈ ચર્ચા રહી છે. આની તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. સરકારની પ્રાથમિકતામાં આ મુદ્દો દુર દુર સુધી દેખાતો નથી. પાણીની ચિંતા કર્યા વગર દરેક નાના મોટા શહેરમાં નવી નવી કોલોની બની રહી છે. આને વિકાસની જીવિત તસ્વીર તરીકે પણ ગણવામાં આવે છે. આ તમામ કોલોની સુધી પાણી કઈ રીતે પહોંચી જશે અને ગંદા પાણીનો નિકાલ કઈ રીતે કરવામાં આવનાર છે તેને લઈને કોઈ વ્યવસ્થા કે આયોજન સરકાર અથવા તો સંબંધિત લોકો દ્વારા કરવામાં આવતુ નથી. એકંદરે અમે આઈન્સટાઈનની ડાયરીના હવાલેતી આવેલી રિપોર્ટ પર ખરા ઉતરી રહ્યા છીએ.

ઈતિહાસના સૌથી ભીષણ જળ સંકટમાંથી પસાર થઈ રહ્યા હોવાનો રિપોર્ટમાં ધડાકો

રાજનીતિમાં વારંવાર હોર્સટ્રેડિંગ શબ્દનો ઉપયોગ કેમ થાય છે

મધ્યપ્રદેશમાં જોરદાર રાજકીય ભૂકંપ

મધ્યપ્રદેશમાં રાજકીય ભૂકંપની સ્થિતી સર્જાઈ ગઈ છે. કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પૈકી એક એવા જ્યોતિરાદિત્ય સિંધિયા દ્વારા કોંગ્રેસ સાથે એકાએક છેડો ફાડી લેવામાં આવ્યા બાદ મધ્યપ્રદેશની રાજનીતિમાં ભારે ઉથલપાથલ થઈ રહી છે. મધ્યપ્રદેશમાં કમલનાથની કોંગ્રેસ સરકારનુ ભાવિ ડામાડોળ દેખાઈ રહ્યુ છે. કોંગ્રેસના તમામ સંકટમોચક પાર્ટીની સરકારને બચાવી લેવા માટે પ્રયાસ કરી રહ્યા છે બેઠકોનો દોર જારી રહ્યો છે. સિંધિયાએ પાર્ટી સાથે છેડો ફાડી લીધા બાદ કોંગ્રેસના ૨૨ ધારાસભ્યો પોતાના પદથી રાજીનામુ આપી ચુક્યા છે. એમ માનવામાં આવે છે કે આ તમામ ધારાસભ્યો જ્યોતિરાદિત્ય સિંધિયા કેમ્પના છે. મધ્યપ્રદેશમાં જારી રાજકીય ભૂકંપ વચ્ચે ફરી એકવાર હોર્સ ટ્રેડિંગ જેવા શબ્દનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હોર્સટ્રેડિંગ જેવા શબ્દનો ઉપયોગ જ્યારે પણ રાજ્યોમાં કોઈ રાજકીય ઉથલપાથલ થાય છે ત્યારે શરૂ થાય છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહ દ્વારા ભાજપ પર હોર્સટ્રેડિંગનો આરોપ કર્યો છે. હોર્સટ્રેડિંગ શુ છે તેના ચર્ચા વારંવાર કેમ થાય છે તે સવાલ પણ તમામને સતાવે છે. હોર્સ ટ્રેડિંગ શુ હોય છે કેમ થઈ રહી છે તે અંગે આજે અમે વાત કરવા જઈ રહ્યા છીએ. મધ્યપ્રદેશમાં જારી રાજકીય ઘમસાણની વચ્ચે કમલનાથ સરકાર સંકટમાં દેખાઈ રહી છે. કોંગ્રેસના ૨૨ ધારાસભ્યો પોતાના પદથી રાજીનામુ આપી ચુક્યા છે. મધ્યપ્રદેશના કોંગ્રેસી નેતાઓ દ્વારા હોર્સટ્રેડિંગના આરોપો કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસી નેતા કહે છે કે ભાજપ દ્વારા કોંગ્રેસી નેતાઓને લાલચ આપવામાં આવે છે. આખરે હોર્સ ટ્રેડિંગ શુ છે. તે બાબત ઉપયોગી છે. હકીકતમાં કેમ્બ્રિજ ડિક્શનરીમાં આ શબ્દનો સૌથી પહેલા સમાવેશ કરવામાં આવ્યો હતો. કેમ્બ્રિજ ડિક્શનરીમાં આ શબ્દનો અર્થ પરદા પાછળ થતી એવી વાતચીત હોય છે જેમાં બે પાર્ટી એવા સોદા કરે છે જેમાં બંનેનો ફાયદો થાય છે. માનવામાં આવે છે કે ૧૮૨૦માં આ શબ્દનો ઉપોગ અસ્વના વેચાણ માટે વેપારી કરતા હતા. આ વેળા અશ્વની ખરીદી અને વેચાણ માટેની બાબત કેટલાક દાવપેચ સાથે થતી હતી. આને જ હોર્સટ્રેડિંગ કહેવમાં આવતુ હતુ. અશ્વના વેપારી સારી ગુણવત્તાવાળી જાતિના અશ્વને વેચવા અથવા તો ખરીદવા માટે જે જુગાડ કરતા હતા તેને પણ હોર્સટ્રેડિંગ તરીકે ગણવામાં આવતુ હતુ. ત્યારબાદ તેની સાથે જોડાયેલા અનેક કિસ્સા બન્યા હતા. જેથી તેનો ઉપયોગ રાજનીતિમાં થવા લાગી ગયો હતો. ભારતીય રાજનીતિમાં હોર્સટ્રેડિંગ શબ્દનો ઉપયોગ વ્યાપક રીતે કરવામાં આવે છે. ભારતીય રાજનીતિમાં આ શબ્દનો ઉપયોગ સાંસદો અને ધારાસભ્યોને લાલચ આપવા માટે થતો રહ્યો છે. જ્યારે કોઈ ફાયદા માટે અથવા તો કોઈ સરકારનવે અસ્થિર કરવા માટે સાંસદો અથવા તો ધારાસભ્યો એક પાર્ટીમાંથી બીજી પાર્ટીમાં જાય છે ત્યારે તેને પણ હોર્સટ્રેડિંગનુ નામ આપવામાં આવે છે. આ ઉપરાંત કોઈ બિલનુ સમર્થન કરવા માટે અથવા તો વિશ્વાસમત હાંસલ કરવા માટે અથવા તો વિરોધ કરવા માટે આવા શબ્દનો આડેધડ રીતે જોરદાર રીતે ઉપયોગ કરવામાં આવે છે. કર્ણાટકમાં જ્યારે કોંગ્રેસના સમર્થનવાળી એચડી કુમારસ્વામી સરકારનુ પતન થયુ હતુ ત્યારે કોંગ્રેસ પાર્ટી દ્વારા ભાજપ પર હોર્સ ટ્રેડિંગનો આરોપ કર્યો હતો. કોંગ્રેસના ૧૩ અને જેડીએસના ત્રણ ધારાસભ્યો સહિત બે અપક્ષે કુમારસ્વામી સરકાર પાસેથી સમર્થન પરત લઈ લીધુ હતુ. ત્યારબાદ ગઠબંધન સરકારનુ પતન થયુ હતુ. ત્યારબાદ બીએસ યેદીયુરપ્પાના નેતૃત્વમાં ભાજપની સરકાર બની હતી. મધ્યપ્રદેશમાં રાજકીય હલચલ વચ્ચે કોંગ્રેસના દિગ્ગજ નેતા દિગ્વિજય સિંહ અને ભાજપના નેતાઓ પર હોર્સ ટ્રેડિંગના આરોપો થઈ રહ્યા છે. કોંગ્રેસી નેતાઓ ભાજપના તમામ ટોપ નેતાઓ પર હાલમાં આવા આરોપો કરી રહ્યા છે. હોર્સટ્રેડિંગ શબ્દનો ઉપયોગ વારંવાર રાજ્યોમાં ચૂંટણી વેળા થાય છે. જ્યોતિરાદિત્ય કોંગ્રેસ સાથે છેડો ફાડી ચુક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિતક શાહ સુધી તેમને પહોંચાડી દેનાર અન્ય કોઈ નહીં બલ્કે પાર્ટીના પ્રવકતા જફર ઈસ્લામ છે. જફર ઈસ્લામ મિડિયા માટે ઓળખીતા ચહેરા તરીકે છે. ટીવી ચેનલો પર ડિબેટ કરતા નજરે પડે છે. રાજનીતિમાં આવતા પહેલા જફર એક ઈસ્લામી વિદેશી બેંકમાં કામ કરતા હતા. સાથે સાથે લાખો રૂપિયાનો પગાર મેળવી લેતા હતા. મોદીની રાજનીતિથી પ્રભાવિત થઈને તેઓ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયા હતા. માનવામાં આવે છે કે વડાપ્રધાન મોદીની સાથે તેમના ખુબ સારા સંબંધ રહેલા છે. આ જ કારણસર તેઓ ખુબ શાલીન વ્યક્તિત્વ ધરાવે છે. આ મોટા ઓપરેશનની જવાબદારી તેમને સોંપવામાં આવી હતી. જફર કોંગ્રેસના નેતા સિંધિયાને પહેલાથી ઓળખે છે.



જ્યોતિરાદિત્ય સિંધિયાએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યા બાદ ૨૨ ધારાસભ્યો દ્વારા રાજીનામા : ભાજપ-કોંગ્રેસના દિગ્ગજો ફરીવાર સક્રિય

ગાયકવાડ પરિવારમાં તેમના લગ્ન થયા હતા

સિંધિયા શાહી પરિવારના છે



કોંગ્રેસ સાથે છેડો ફાડી લેનાર જ્યોતિરાદિત્ય સિંધિયા શાહી પરિવાર સાથે જોડાયેલા છે. ૪૯ વર્ષીય જ્યોતિરાદિત્ય ગ્વાલિયર અને ચંબલમાં ખુજ જ પ્રભુત્વ ધરાવે છે. પહેલી જાન્યુઆરી ૧૯૭૧માં મુંબઈમાં જન્મેલા સિંધિયા કોંગ્રેસના હાલના સૌથી દિગ્ગજ નેતાઓ પૈકી એક તરીકે રહ્યા છે. તેમની કોંગ્રેસમાંથી બાદબાકી થતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે તેમના લગ્ન વડોદરાના ગાયકવાડ પરિવારના પ્રિયદર્શની રાજે સિંધિયા સાથે થયા છે. મરાઠા રાજ પરિવાર સાથે તેમના સંબંધ છે. તમામ લોકો આ બાબત પણ સારી રીતે જાણે છે કે તેમના માતા માધવી રાજે સિન્ધિયા (કિરણ રાજ્યલક્ષ્મી દેવી) નેપાળના વડાપ્રધાનની ગ્રેટ ગ્રાન્ડ ડોટર તરીકે હતા. સિંધિયા ગ્વાલિયર પ્રાંતના છેલ્લા મહારાજા જીવારીજ રાવ સિંધિયાના ગ્રાન્ડસન તરીકે છે. વર્ષ ૧૯૬૧માં જીવારીજરાવ સિંધિયાના અવસાન બાદ તેમના પુત્ર માધવરાવ સિંધિયા (જ્યોતિરાદિત્યના પિતા) ગ્વાલિયરના છેલ્લા મહારાજા બન્યા હતા. જો કે મોડેથી ભારત સરકારે રાજાશાહી વ્યવસ્થાને દુર કરી હતી. સિંધિયા માધવરાવ સિન્ધિયા અને માધવી રાજેના પુત્ર છે. જ્યોતિરાદિત્યે મુંબઈમાં શિક્ષણ મેળવ્યુ હતુ. તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીમાં પણ અભ્યાસ કરી ચુક્યા છે. વર્ષ ૨૦૦૧માં તેઓ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી એમબીએ થયા હતા. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ના દિવસે તેમના પિતા અને એ વખતના ચાલુ સાંસદ માધવરાવના ઉત્તરપ્રદેશમાં વિમાન દુર્ઘટનામાં મોત બાદ ગુના સીટ ખાલી થઈ હતી. ૧૮મી ડિસેમ્બર ૨૦૦૧ના દિવસે તેઓ વિધિવત રીતે કોંગ્રેસમા સામેલ થઈ ગયા હતા. તેમના પિતાના સામાજિક મુલ્યો અને ઉદારતાને જાળવી રાખીને આગળ વધ્યા હતા. ૧૯મી જાન્યુઆરી ૨૦૦૨ના દિવસે સિંધિયાએ ગુનામાંથી પેટાચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી. ૨૪મી ફેબ્રુઆરીના દિવસે તેમની શાનદાર જીત થઈ હતી. મે ૨૦૦૪માં તેઓ ફરી ચૂંટાઈ આવ્યા હતા. વર્ષ ૨૦૦૭માં તેઓ દુરસંચાર અને આઈટી પ્રધાન બન્યા હતા. તેઓ વર્ષ ૨૦૦૯માં ફરી ચૂંટાઈ આવ્યા હતા. ત્યારબાદ ફરી કોમર્સ અને ઉદ્યોગ પ્રધાન બન્યા હતા. તેમની પાસે અભૂતપૂર્વ સંપત્તિ શાહી પરિવારના હોવાના કારણે હોવાના દાવા તમામ જાણકાર લોકો કરે છે. તેઓએ તેમના સ્વર્ગસ્થ પિતાની ૨૦૦૦૦ કરોડની સંપત્તિ હોવાનો દાવો કર્યો હતો. જો કે તેમના પરિવારના સભ્યોએ કોર્ટમાં પડકાર ફેંક્યો હતો.

નકારાત્મક વિચાર-ટેન્શન વય વધવાની પ્રક્રિયાને ઝડપી કરી છે...

જીવનશૈલીની સીધી અસર વય પર

અમારી આસપાસ એવા અનેક મોટી વયના લોકોને અમે જોઈ રહ્યા છીએ જે હકીકતમાં ૭૦ વર્ષની વયને પાર કરી ગયા છે પરંતુ વયમાં પણ ૫૦ની આસપાસના જ નજરે પડે છે. જ્યારે કેટલાક એવા લોકો હોય છે જે નાની વયના હોવાછતાં મોટી વયના દેખાય છે. કેટલાક મોટી વયના લોકો યુવાનો કરતા પણ બે ગણા વધારે ઉત્સાહ સાથે ભરેલા હોય છે. હકીકતમાં આવા લોકોની વય ધીમી ગતિથી વધવા માટે એપ્લસ જીનેટિક્સ જવાબદાર હોય છે. જો કે માત્ર એક્ટિવ જીનેટિક્સની સાથે જ નહીંબલ્કે સ્માટ જીવનશૈલી અપનાવીને પણ વ્યક્તિ પોતાની વયને વધવાની પ્રક્રિયાને ધીમી કરી શકે છે. તમામ નિષ્ણાંત લોકો કહે છે કે નકારાત્મક વિચારો અને ટેન્સન પણ અમારા હાર્મોન અને ન્યુરોટ્રાન્સમીટરની કાર્યપ્રણાળીને અસંતુલિત કરે છે. સારા વિચારો ખુશ રાખતા હાર્મોન અને હકારાત્મક વિચારને વધારે છે. આના કારણે વ્યક્તિની વય વધવાની કુદરતી પ્રક્રિયા દેખાતી રીતે ધીમી થઈ જાય છે. જાણકાર નિષ્ણાંત લોકો કહે છે કે ૭૦ ટકા પ્રતિ રક્ષા પ્રણાળી આંતરડાની નીચે સ્થિત હોય છે. જેથી રોગથી લડવા માટે આંતરડાને સ્વસ્થ રાખવામાં આવે તે ખુબ જરૂરી છે. નિષ્ણાંત લોકો એમ પણ કહે છે કે વાસ્તવમાં અમારા દિમાગ આરામની અવસ્થામાં વધારે સતર્ક રહે છે. આના માટે અમને પોતાના લોહીમાં રહેલા શુગરના પ્રમાણમાં સંતુલન જાળવી રાખવાની જરૂર હોય છે.સાથે સાથે મસલ્સને પણ મેન્ટેન રાખવાની જરૂર હોય છે. જ્યારે અમે આંતરડા અને પ્રતિરક્ષા પ્રણાલીને મજબુત કરીએ છીએ ત્યારે બિમારીઓ ઓછી હોય છે. લાંબા સમય સુધી નિયમિત લાઈફસ્ટાઈલ અને સ્વસ્થ જીવનશૈલી અપનાવીને વય વધવાની કુદરતી પ્રક્રિયાને ધીમી કરી શકાય છે. પોતાના પુસ્તક યંગરમા મહિલા રોગ નિષ્ણાંત ગોટ ફાઈડ કહે છે કે વય વધવાની સાથે સાથે માથામાં ન્યુરોન્સ પોતાની કામ કરવાની ક્ષમતા ગુમાવવા લાગી જાય છે. અમારી આસપાસના ટેન્શનવાળા માહોલ અને અન્ય નકારાત્મક બાબતો માથાની કોશિકાને નુકસાન પહોંચાડે છે. જેથી જ હમેંશા તબીબો ટેન્શનને દુર રાખવા માટેની સલાહ આપે છે. દિમાગને પણ શરીરની જેમ ભોજનની જરૂર હોય છે. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ ઓમેગા -૩ ફેટી એસિડ અમારા દિમાગ માટે સૌથી ઉપયોગી જૂરી તત્વો પૈકી એક તરીકે છે. જેના કારણે દિમાગ યોગ્ય રીતે કામ કરે છે. ટેન્શનને દુર કરવામાં મદદ કરે છે. ઓમેગા -૩ ફેટી એસિડ અમારા દિમાગ માટે સૌથી ઉપયોગી જરૂરી તત્વોપૈકી એક તરીકે છે. ઓમેગા-૩ના અન્ય કેટલાક ફાયદા રહેલાછે. તે હાર્ટ સંબંધિત બિમારી એઅને ડાયાબિટીસને રોકવામાં અને તેને કાબુમાં લેવામાં પણ ઉપયોગી ભૂમિકા અદા કરે છે. ગ્રાટફીડ કહે છેકે ૫૦ વર્ષની વય સુધી એક સરેરાશ પુખ્તવયના વ્યક્તિને નુકસાન થાયછે. એક સરેરાશ વ્યક્તિ પોતાના શરીરના ૧૫ ટકા લીન બોડી માસ ગુમાવી દે છે. જેમ જેમ વય વધે છે તેમાં પણ તેજી આવે છે. માંસપેશિઓનુ સ્તર જેટલુ ઓછુ હોય છે તેટલા વધારે પ્રમાણમાં ફેટ રહે છે. જે હાટ સંબંધિત બિમારી અને ડાયાબિટીસ માટેના કારણ તરીકે હોય છે. માંસપેશિઓ નબળી પડી જાય છે તે પણ એક કારણ તરીકે હોય છે. વિટામિન ઈ પણ એક લાભકારી એન્ટી એજિંગ ઓક્સીડેન્ટ તરીકે છે. જે અમારી રોગ પ્રતિકારક ક્ષમતાને મજબુત કરે છે. શરીરમાં અસુંલિત બ્લડ શુગર અમારી ઉર્જાને નુકસાન કરેછે. મનોદશા આને કારણે ગબડી જાય છે. આના કારણે ઉંઘ ઓછી આવે છે. વય વધવાની ગતિ ઝડપથી આગળ વધે છે. જેથી પ્રોસેસ્ડ ફુડ અને શુગર યુક્ત ભોજનથી બચવાની જરૂર હોય છે. શરીરમાં શુગર લેવલ વધારી દેવાના કારણે શારરિક રસાયણ અને હાર્મોન અસંતુલિત થઈ જાય છે. જે વય પર સીધી રીતે અસર કરે છે. નકારાત્મક વિચાર પણ હાર્મોનના સ્તરને કમજોર કરે છે. હાલમાં જ એક અગ્રણી અગ્રેજી અખબારમાં આ અંગેના હેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તમામ માટે ઉપયોગી બાબત સપાટી પર આવી છે. જે સંકેત આપે છે કે દરેક વ્યક્તિએ હમેંશા સારા વિચાર રાખવાની જરૂર છે. આના કારણે લાઈફસ્ટાઈલમાં ઉલ્લેખનીય સુધારો થાય છે.



સારા વિચાર ખુશ રાખનાર હાર્મોન તેમજ રચનાત્મકતાને વધારે છે જેથી વય વધવાની પ્રક્રિયા ધીમી પડી જાય છે : રસપ્રદ બાબત સપાટી પર

ફિલ્મી ગપસપ...

ફિલ્મ અંગ્રેજી મીડિયમનું લાડકી સોન્ગ રિલિઝઃ કાલે ફિલ્મ રિલિઝ થશે

મુંબઈ

ઈરફાન ખાન સ્ટારર ફિલ્મ 'અંગ્રેજી મીડિયમ'નું 'લાડકી' સોન્ગ રિલીઝ થયું છે. આ પ્રમોશનલ સોન્ગમાં કરિના કપૂર છે. આ સોન્ગ પપ્પા અને દીકરીના સંબંધને સમર્પિત કરવામાં આવ્યું છે. આ 'લાડકી' સોન્ગ રેખા ભારદ્વાજ અને સચિન જીગરે ગાયું છે. મ્યુઝિક સચિન જીગરનું છે. રસપ્રદ વાત એ છે કે આ સોન્ગ કોક સ્ટુડિયોના સોન્ગ 'લાડકી'નું હિન્દી વર્ઝન છે. ગુજરાતી સોન્ગ 'લાડકી'ને કિર્તીદાન ગઢવી, તનિષ્કા સંઘવી અને રેખા ભારદ્વાજે ગાયું હતું. તે સોન્ગને સચિન જીગરે જ બનાવ્યું હતું.

આ સોન્ગ સોશિયલ મીડિયા પર શેર કરતા સચિને લખ્યું કે, 'એક હાર્ટફુલ મેલોડી દરેક દીકરીઓને સમર્પિત.'

ફિલ્મમાં ઈરફાન ખાન લીડ રોલમાં છે અને રાધિકા મદાન તેની દીકરીના રોલમાં છે. કરીના કપૂર પોલીસ ઓફિસર નૈના કોહલીના રોલમાં છે. ફિલ્મની સ્ટારકાસ્ટમાં દિપક ડોબરિયાલ, ડિમ્પલ કપાડિયા, કિકુ શારદા, રણવીર શોરે અને પંકજ ત્રિપાઠી પણ છે. 'હિન્દી મીડિયમ' ફિલ્મની સફળતા બાદ મેકર્સે 'અંગ્રેજી મીડિયમ' બનાવી છે. ફિલ્મના ડિરેક્ટર હોમી અડાજણીયા છે અને પ્રોડ્યૂસર દિનેશ વિજન છે. આ ફિલ્મ ૧૩ માર્ચના રિલીઝ થશે.

રાહુલ દેવ ૧૪ વર્ષ નાની એક્ટ્રેસ મુગ્ધા ગોડસેને ડેટ કરતો હોવાની ચર્ચા

મુંબઈ

બોલિવૂડ એક્ટર રાહુલ દેવ તેના કરતા ઉંમરમાં ૧૪ વર્ષ નાની એક્ટ્રેસ મુગ્ધા ગોડસેને લગભગ છેલ્લા ૫ વર્ષથી ડેટ કરી રહ્યો છે. તેઓ સોશિયલ મીડિયા પર પણ પોસ્ટ શેર કરતા જોવા મળે છે. એક ટૉક શૉ દરમિયાન રાહુલ દેવે કહ્યું કે અમારી બંનેની ઉંમરમાં લગભગ ૧૪ વર્ષનો તફાવત છે. શરૂઆતમાં મને આ વાતથી સમસ્યા થઈ પણ બાદમાં મને એ વાતનો અહેસાસ થયો કે મારા માતા-પિતાની ઉંમરમાં પણ ૧૦ વર્ષનું અંતર હતું. મારું માનવું છે કે જ્યાં સુધી તમે ખુશ છો ત્યાં સુધી ઉંમરના તફાવતની કોઈ સમસ્યા નડતી નથી. રાહુલ દેવે જણાવ્યું કે અમારી મુલાકાત એક લગ્નમાં થઈ હતી, ત્યારે અમારી વચ્ચે મિત્રતા થઈ. બાદમાં અમે મળવા લાગ્યા અને એકબીજા પ્રત્યે પ્રેમ થઈ ગયો. અહીં ઉલ્લેખનીય છે કે રાહુલ દેવની પત્ની રીનાનું વર્ષ ૨૦૦૯માં કેન્સરથી મોત થયું હતું. રાહુલ દેવનો એક પુત્ર છે જેનું નામ સિદ્ધાર્થ છે. વર્ષ ૨૦૧૩માં રાહુલ દેવ અને મુગ્ધા ગોડસેની મુલાકાત થઈ હતી. વર્ષ ૨૦૧૭માં રાહુલ દેવ, ફિલ્મ 'મુબારકાં'માં જોવા મળ્યો હતો.

અભિનેતા મિલિંદ સોમને બાળપણના દિવસો યાદ કર્યા
આજે સંઘના પ્રોપગેંડા, મીડિયાની ટીપ્પણીઓ અને વિરોધની વાત સાંભળી આશ્ચર્ય થાય છે

મુંબઈ

મોડેલ અને અભિનેતા મિલિંદ સોમને પોતાના બાળપણના દિવસોને સંસ્મરણ 'મેડ ઈન ઈન્ડિયા'માં આરએસએસમાં જોડાવવાના કિસ્સાઓ શેર કર્યા છે. મિલિંદ સોમને કહ્યું કે, 'મારા પિતા આરએસએસમાં ખુબ જ વિશ્વાસ ધરાવતા હતાં. તેમનું માનવું હતું કે, જુનિયર કેડર તરીકે આરએસએસમાં જોડાઈને એક યુવક અનુશાસન સાથે રહેતા, ફિઝિકલ ફિટનેસ અને સારી વિચારસરણી શીખી શકે છે. અમારી ટ્રેનિંગ મુંબઈમાં



શિવાજી પાર્કમાં થતી હતી.'

આરએસએસને લઈ અભિનેતા મિલિંદે કહ્યું કે, આજના સમયમાં આરએસએસની શાખાઓના સામુદાયિક પ્રોપાગેંડા, મીડિયાની ટિપ્પણીઓ અથવા અન્ય વિરોધી વાતો સાંભળું છું તો મને આશ્ચર્ય થાય છે. આરએસએસમાં થયેલા અનુભવ અંગે મિલિંદે લખ્યું કે, ખાખી શોર્ટ્સ પહેરી માર્ચ કરવી, કૈપિંગ ટ્રિપ્સ, ગીત અને ક્યારેક ન સમજાતી સંસ્કૃત ભાષા જેવા અનેક અનુભવો થયા છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, મારા પિતા આરએસએસ સાથે જોડાયેલા હતા અને એક ગોરવશાળી હિન્દુ હતાં. મને નથી ખબર કે એમાં ગર્વ લેવા જેવા શું હતું. પણ બીજી બાજુ જોઈએ તો તેમાં વખોડવા જેવું પણ કંઈજ નહોતું.

વેબ સીરીઝ 'મેન્ટલહુડ'ને લઈને જેટલી ઉત્સાહીત છે તેટલી જ નર્વસ છુંઃ કરિશ્મા કપૂર

મુંબઈ

બોલિવુડ અભિનેત્રી કરિશ્મા કપૂર પોતાની નવી વેબ સીરીઝ 'મેન્ટલહુડ'ને લઈને નર્વસ છે. કરિશ્મા કપૂર લાંબા સમય પછી આ વેબ સીરીઝ મેન્ટલહુડ દ્વારા અભિનય ક્ષેત્રમાં પરત ફરી રહી છે. મેન્ટલહુડ ૧૧ માર્ચ એટલેકે બુધવારે જી-૫ અને અલ્ટ બાલાજી પર સ્ટ્રીમ હશે. આ વાર્તા માતાઓ સાથે જોડાયેલી છે. આ સીરીઝનાં પ્રમોશનમાં કરિશ્મા અત્યંત વ્યસ્ત ચાલી રહી છે. તે પ્રમોશન દરમ્યાન તે પોતાની અંગત જીવની અને પ્રોફેશનલ લાઈફ ને લઈને મીડિયા સાથે વાતો કરતા નજરે આવી રહી છે.

આ વચ્ચે કરિશમાએ પોતાની અપકમિંગ સીરીઝ સાથે જોડાયેલું એક નિવેદન આપ્યું છે. જેમાં કરશિમાએ જણાવ્યું કે હાલમાં તેઓ વેબ સીરીઝ 'મેન્ટલહુડ'ને લઈને જેટલી ઉત્સાહીત છે તેટલીજ તે નર્વસ છે. આ સીરીઝમાં માતાઓની મલ્ટીટાસ્કિંગ પ્રવૃતિને બતાવવામાં આવી છે. અને તે જણાવાવામાં આવ્યું છે કે કઈ રીતે બાળકોનું પાલન-પોષણ સારીરીતે કરવાની સાથે સાથે તેઓ અન્ય ઘણી બધી જવાબદારીઓ પણ ઉઠાવતી હોય છે.કરિશ્મા કપૂરને લાગે છે કે બાળકોની સાથે સાથે વાતચીત કરવીએ મહત્વપૂર્ણ છે. તેમણે જણાવ્યું કે બાળકો માટે સૌથી જરૂરી વાત એ છે કે તેમની સાથે વાત કરે. કરિશ્માએ જણાવ્યું કે બાળકો માટે કેવું ભોજન બનાવવું જોઈએ, તેમણે જણાવ્યું કે જો તમે ઈચ્છોકે તમારા બાળકો પણ ઓછી ઉંમરમાં ઘણું બધું કરે, તો તમારા ઘરનું ભોજન રસપ્રદ બનાવવું જોઈએ.

મારા સ્વયંવરમાં પ્રભાસ,વિકી કૌશલ અને રિતિક રોશનને જોવા માંગુ છુઃ તમન્ના ભાટિયા

મુંબઈ

સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી અને બોલિવૂડમાં પણ પોતાની સુંદરતા અને એક્ટિંગના કારણે ઓળખાણ બનાવી ચૂકેલી અભિનેત્રી તમન્ના ભાટિયા હાલ તેના સ્વયંવરના નિવેદનને લઈને ચર્ચામાં છે. તેનું કહેવું છે કે જો તે પોતાના સ્વયંવર કરશે તો તે આ ત્રણ એક્ટર્સને પોતાના સ્વયંવરમાં બોલાવશે. હાલમાં જ તમન્ના ભાટિયાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે જો તેનો સ્વયંવર થયો તો તે કયા ત્રણ સુપરસ્ટારને પોતાના સ્વયંવરમાં જોવા માંગશે? જે પર તમન્નાએ કહ્યું કે સ્વયંવરમાં તે રિતિક રોશન, વિક્કી કૌશલ અને પ્રભાસને જોવા માંગશે.

ફિલ્મ એક વિલન-૨માં તારા સુતરિયાની એન્ટ્રી



મુંબઈ

'એક વિલન ૨' ફિલ્મની સ્ટારકાસ્ટમાં તારા સુતરિયાની એન્ટ્રી થઈ ગઈ છે. 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨' અને 'મરજાવા' ફિલ્મ બાદ આ તારાની ત્રીજી ફિલ્મ છે. ફિલ્મની સ્ટારકાસ્ટમાં આદિત્ય રોય કપૂર, જહોન અબ્રાહમ અને દિશા પટણી છે. દિશા જહોનની ઓપોઝિટ કાસ્ટ થઈ છે અને તારા આદિત્યની ઓપોઝિટ કાસ્ટ થઈ છે. ડિરેક્ટ મોહિત સુરીની આ ફિલ્મ વિલન vs વિલનની સ્ટોરી છે. તારા સુતરિયા ટ્રેઈન્ડ ઓપેરા સિંગર છે અને તે આ ફિલ્મમાં એક સિંગરના જ રોલમાં છે. ફિલ્મમાં બે હિરોઈનમાંથી એક હિરોઈન પણ વિલનના રોલમાં હશે. ૨૦૧૪માં આવેલ 'એક વિલન' ફિલ્મની સિક્વલ 'એક વિલન ૨' ફિલ્મને એકતા કપૂર અને ટી સિરીઝના ભૂષણ કુમાર સાથે મળીને પ્રોડ્યૂસ કરવાના છે. ફિલ્મનું શૂટિંગ આ વર્ષે જ થશે અને આવતા વર્ષે ૨૦૨૧માં ૮ જાન્યુઆરીના રોજ રિલીઝ થશે.

હિટ ફિલ્મ ધ બર્નિંગ ટ્રેનની રિમેક બનશે

મુંબઈ

૧૯૮૦માં રિલીઝ થયેલ મલ્ટિ સ્ટારર ફિલ્મ 'ધ બર્નિંગ ટ્રેન'ની રિમેક બનવાની છે. આ ફિલ્મને રવિ ચોપરાએ ડિરેક્ટ કરી હતી અને તેમના પિતા બીઆર ચોપરાએ પ્રોડ્યૂસ કરી હતી. હવે રવિ ચોપરાનો દીકરો જૂનો ચોપરા આ ફિલ્મ જેકી ભગનાની સાથે મળીને પ્રોડ્યૂસ કરવાનો છે. રિમેક ફિલ્મ પણ ઓરિજિનલ ફિલ્મની જેમ મલ્ટિસ્ટાર કાસ્ટ ધરાવતી જ હશે. હાલ તો મેકર્સ કાસ્ટ ફાઈનલ કરી રહ્યા છે. ફિલ્મનું શૂટિંગ આ વર્ષે શરૂ થશે.

ઓરિજિનલ ફિલ્મમાં ધર્મેન્દ્ર, હેમા માલિની, વિનોદ ખન્ના, પરવીન બાબી, જીતેન્દ્ર, નીતુ સિંહ, ડેની ડેનઝોન્ગપા, વિનોદ મેહરા, રણજીત, સિમી ગરેવાલ, ઈફ્તેખાર અને ઓમ શિવપુરી મહત્ત્વના રોલમાં હતા. આ ફિલ્મનું મ્યુઝિક આર ડી બર્મને આપ્યું હતું. આ ફિલ્મ ૧૯૭૫માં આવેલ જાપાનીઝ ફિલ્મ 'ધ બુલેટ ટ્રેન'નું અડેપ્ટેશન હતું. 'ધ બર્નિંગ ટ્રેન' ફિલ્મ સુપર એક્સપ્રેસ નામની ટ્રેન આસપાસ ફરે છે. નવી દિલ્હીથી મુંબઈની પહેલી જ જર્નીમાં ટ્રેનમાં આગ લાગી જાય છે.

રમત જગત વિશેષ



ક્રિકેટ ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ એના ક્રિકેટર ભાઈ કૃણાલ અને ફિયાન્સી નતાશા સ્ટેકોવિચની સાથે મળીને આજે હોળી-ધૂળેટીનો તહેવાર ઉજવ્યો છે. હાર્દિકે પોતાના સોશિયલ મિડિયા એકાઉન્ટ્સ પર તસવીરો પોસ્ટ કરી છે. ઘરમાં જ હોળી રમતી વખતે પાડેલી તસવીરમાં કૃણાલની પત્ની પંખૂડી પણ છે.

શિવપાલ ભાલાફેંકમાં ઓલિમ્પિકની ટિકિટ મેળવનાર બીજો ભારતીય

ન્યુ દિલ્હી

ટોક્યો ઓલિમ્પિકમાં ભારતના બે ભાલા ફેંક એથલીટ ભાગ લેતાં જોવા મળશે. નીરજ ચોપડા પહેલાથી જ ઓલિમ્પિકની ટિકિટ હાંસિલ કરી ચુક્યો છે. હવે શિવપાલ સિંહએ પણ ભારત માટે અલગ કોટા હાંસિલ કરી લીધો છે. શિવપાલે દક્ષિણ આફ્રિકામાં ટોક્યો ઓલિમ્પિકની ટિકિટ મેળવી છે. ઓલિમ્પિક ગેમ્સનું આયોજન ૨૪ જુલાઈથી ૯ ઓગસ્ટ સુધી જાપાનની રાજધાની ટોક્યોમાં થવાનું છે.

શિવપાલ સિંહે મંગળવારે ૮૫.૪૭ મીટરનું અંતર કાપતા ૮૫ મીટરના કટ માર્કને પાર કર્યો હતો. તેણે શરૂઆતી ચાર પ્રયાસોમાં ૮૦ મીટરથી ઓછું અંતર કાપ્યું હતું. તે પાંચમાં પ્રયાસમાં ઓલિમ્પિક માર્ક પાર કરવામાં સફળ રહ્યો હતો. કેન્દ્રીય ખેલ પ્રધાન કિરણ રિજિજૂએ શિવપાલની સફળતાની જાણકારી ટ્વીટ કરીને આપી હતી.

ખેલ પ્રધાન કિરણ રિજિજૂએ લખ્યું, 'ટ્રેક તથા ફીલ્ડથી સારા સમાચાર છે. શિવપાલ સિંહે ટોક્યો ઓલિમ્પિકની ટિકિટ હાંસિલ કરી લીધી છે. તે ભાલા ફેંકમાં ઓલિમ્પિક ટિકિટ મેળવનાર ભારતનો બીજો એથલીટ બની ગયો છે.'

શિવપાલ સિંહે પાછલા વર્ષે દોહામાં આયોજીત એશિયન ચેમ્પિયનશિપમાં ૮૬.૨૩ મીટરનું અંતર કાપ્યું હતું, જે તેનું વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. શિવપાલે નોર્વેની રાજધાની ઓસ્લોમાં આયોજીત ડાયમંડ લીગ મીટિંગમાં પણ ભાગ લીધો હતો અને ૮૦.૮૭ મીટરની સાથે આઠમાં સ્થાન પર રહ્યો હતો.

મેચમાં વરસાદ વિલન બને તેવી શક્યતા,ભારે વાવાઝોડાની આશંકા
આજે ધર્મશાળામાં ભારત-દ.આફ્રિકા વચ્ચે પ્રથમ વન-ડે

ધવન,ભૂવી,હાર્દિક પંડ્યા કમબેક કરશે, દ.આફ્રિકાથી ભારતે રહેવું પડશે સાવધ,આઈપીએલ પહેલાં આ અંતિમ સિરિઝ,મેચ બપોરે ૧.૩૦ કલાકે શરૂ થશે

ધર્મશાળા

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની વન ડે સિરિઝની ૩ પૈકીની પહેલી મેચ ગુરુવારે ધર્મશાળામાં રમાવાની છે. જોકે આ મેચમાં વરસાદ વિલન બની શકે છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે માત્ર વરસાદ જ નહી વાવાઝોડુ પણ ત્રાટકવાની આશંકા છે. મેચ શરુ થઈ શકવા પર પણ અનિશ્ચિતતાઓ છે. ધર્મશાળામાં ૧૨ થી ૧૫ માર્ચ દરમિયાન આ જ પ્રકારનુ વેધર રહેવાનુ છે. આ જ મેદાન પર ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે છેલ્લે ૨૦૧૫માં રમાનારી ટી ૨૦ મેચ પણ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી.

ભારતીય ક્રિકેટ ટીમ ન્યૂઝીલેન્ડના પ્રવાસ પર નિરાશાજનક પ્રદર્શનને પાછળ છોડી દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ગુરૂવારે શરૂ થઈ રહેલી વનડે સિરીઝમાં જીત મેળવવાના ઈરાદા સાથે ઉતરશે. સિરીઝની પ્રથમ મેચ ધર્મશાળામાં રમાશે અને આ મુકાબલામાં કેપ્ટન વિરાટ કોહલી શાનદાર અંતિમ ઈલેવન સાથે ઉતરવા ઈચ્છશે.



દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ પ્રથમ વનડેમાં ભારતીય ટીમની અંતિમ ઈલેવન અલગ જોવા મળશે. ઓપનર શિખર ધવન, ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને ફાસ્ટ બોલર ભુવનેશ્વર કુમારની ટીમમાં વાપસી થઈ છે. આ ત્રણેયને આ મેચમાં તક મળી શકે છે.

રોહિત શર્માને આ સિરીઝમાં આરામ આપવામાં આવ્યો છે જ્યારે શિખર ધવને ઈજા બાદ વાપસી કરી છે. શાનદાર ફોર્મમાં ચાલી રહેલા રાહુલને ધવનની સાથે ઓપનિંગ કરાવી શકાય છે. રાહુલ જ વિકેટકીપિંગની ભૂમિકા અદા કરશે. ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ઓપનિંગ કરનાર પૃથ્વી શોએ રાહ જોવી પડી શકે છે.

ત્રીજા નંબર પર વિરાટ કોહલી જ્યારે ચોથા નંબર પર શ્રેયસ અય્યર બેટિંગ કરતા જોવા મળી શકે છે. મનીષ પાંડેને પાંચમાં નંબર પર તક મળી શકે છે. લાંબા સમય બાદ ટીમમાં વાપસી કરી રહેલ હાર્દિક પંડ્યા આ મેચમાં રવીન્દ્ર જાડેજાની સાથે ઓલરાઉન્ડરની ભૂમિકા ભજવશે.

ટીમમાં મુખ્ય સ્પિનર તરીકે વિરાટ કોહલીની પ્રથમ પસંદ યુજવેન્દ્ર ચહલને તક આપી શકાય છે. તો કુલદીપ યાદવે બહાર બેસવું પડી શકે છે.

ટીમમાં વાપસી કરી રહેલા અનુભવી ભુવનેશ્વર કુમાર, જસપ્રીત બુમરાહ અને નવદીપ સૈની ફાસ્ટ વિભાગની જવાબદારી સંભાળશે. આ ત્રિપુટીને હાર્દિક પંડ્યાની બોલિંગનો સાથ મળશે.

બીજી તરફ સાઉથ આફ્રિકાએ પોતાની છેલ્લી વન-ડે સીરીઝમાં ઓસ્ટ્રેલિયાના સુપડા સાફ કરી ત્રણ મેચમાં જીત મેળવી. સાઉથ આફ્રિકા પોતાના વિજય અભિયાનને જાળવી રાખવા માટે દરેક રીતે ભારતને હરાવવા ઈચ્છશે. ભારતીય ટીમે સાઉથ આફ્રિકાને ટેસ્ટ સીરિઝમાં ખરાબ રીતે હરાવ્યું હતું.

ભારતની સંભવિત ટીમઃ-

કેએલ રાહુલ, શિખર ધવન, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, મનીષ પાંડે, હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, યુજવેન્દ્ર ચહલ, ભુવનેશ્વર કુમાર, જસપ્રીત બુમરાહ, નવદીપ સૈની.

સાઉથ આફ્રિકાઃ-

ક્વિન્ટન ડી કોક, ટેમ્બા બાવુમા, ફાફ ડુ પ્લેસિસ, બેઉરન હેન્ડ્રિક્સ, હેનરિક ક્લાસેન, જ્યોર્જ લિંડે, કેશવ મહારાજ, જાનેમન મલાન, ડેવિડ મિલર, લુંગી ગિડી, એનરિક, એંડિલ ફેલુકવાયો, લ્યુથો સિપામલા, જેજે સ્મટ્સ, રસી વેન ડર ડુસેન અને કાઈલી વેરેન.



ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી એવા રવિન્દ્ર જાડેજાએ પોતાની પત્ની રીવાબા જાડેજા સાથે ધૂળેટીની ઉજવણી કરી હતી. રવિન્દ્ર જાડેજાએ રિવાબાને રંગબેરંગી કલરથી રંગ્યા હતા. જ્યારે રીવાબા જાડેજાએ પોતાના મનગમતા કલરથી પોતાના પતિ રવિન્દ્ર જાડેજાને રંગ્યા હતા. રવીન્દ્ર જાડેજાએ ધૂળેટીનો ઉજવણી કરતો ફોટો સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો. જાડેજાનો આ ફોટો વાયરલ થયો છે. જાડેજાએ ફોટા સાથે કેપ્શનમાં લખ્યું હતું કે તું રંગાઈ જાને રંગમાં. હેપ્પી હોલી.

૭ માર્ચે ફાઇનલ ક્વાઇસ્ટચર્ચમાં રમાશે
મહિલા વન-ડે વર્લ્ડકપ કાર્યક્રમ જાહેરઃ નોકઆઉટ મેચમાં રિઝર્વ-ડેની જોગવાઇ

દુબઇ

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદએ ન્યૂઝીલેન્ડમાં રમાનારા ૨૦૨૧ વનડે વિશ્વકપની બંન્ને સેમિફાઇનલ અને ફાઇનલ માટે રિઝર્વ દિવસ રાખ્યો છે. આઈસીસીએ ન્યૂઝીલેન્ડમાં છ ફેબ્રુઆરીથી સાત માર્ચ સુધી રમાનારી આ ટૂર્નામેન્ટનો કાર્યક્રમ જારી કરવામાં આવ્યો છે, જેમાં ૩૧ મેચ રમાશે. ત્રણ નોક આઉટ મેચોના આગામી દિવસે રિઝર્વ ડેની જોગવાઇ કરવામાં આવી છે. ભારતની વિરુદ્ધ ટી૨૦ મહિલા વિશ્વકપની સેમિફાઇનલમાં મેદાન પર ઉતર્યા વિના ઈંગ્લેન્ડના બહાર થયા બાદ આઈસીસીએ આ નિર્ણય લીધો છે. પાછલા સપ્તાહે ભારત વિરુદ્ધ મહિલા ટી૨૦ વિશ્વકપ સેમિફાઇનલ વરસાદને કારણે ધોવાયા બાદ ઈંગ્લેન્ડની ટીમ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. ભારતે ગ્રુપ સ્ટેજમાં સારા રેટિંગને કારણે ફાઇનલમાં જગ્યા બનાવી હતી. મહિલા ટી૨૦ વિશ્વકપ માટે રિઝર્વ દિવસ ન રાખવાને કારણે આઈસીસીએ આલોચનાનો સામનો કરવો પડ્યો હતો. મહિલા એકદિવસીય વિશ્વકપ છ સ્થળો પર રમાશે, જેમાં ઓકલેન્ડનું ઈડન પાર્ક, તૌરંગા કા બે ઓવલ, હેમિલ્ટનનું સેડન પાર્ક, ડુનેડિનનું યુનિવર્સિટી ઓવલ, વેલિંગ્ટનનું બેસિન રિઝર્વ અને ક્રાઇસ્ટચર્ચનું હેગલે ઓવલ સામેલ છે.

કોંગ્રેસે ૮૦ ધારાસભ્યોને જયપુરના બ્યૂના વિસ્ટા હોટલમાં રાખ્યા

હોર્સ ટ્રેડિંગનો ડરઃ કોંગ્રેસના ધારાસભ્યો જયપુરમાં-ભાજપના હરિયાણામાં....!

ભાજપના તમામ ૧૦૬ ધારાસભ્યોને હરિયાણાના માનેસરમાં ખસેડાયા

ન્યુ દિલ્હી

મધ્યપ્રદેશમાં રાજકિય કટોકટીમાં બે મુખ્ય પક્ષો સામસામે હોર્સ ટ્રેડીંગથી બચવા પોતપોતાની રાજકિય છાવણીઓ સંભાળી રહ્યાં છે. જેમાં બન્ને ભાજપ અને કોંગ્રેસે પોતપોતાના ધારાસભ્યોને સહીસલામત રાખવા જ્યાં પોતાની સરકાર છે તે રાજ્યમાં ખસેડ્યા છે.

મધ્ય પ્રદેશમાં પોતાની સરકારનું રાજકિય સંકટ ટાળવા માટે કોંગ્રેસના પ્રયત્નો શરૂ થઈ ગયા છે. સીએમ હાઉસથી ૮૦ ધારાસભ્યો એરપોર્ટ માટે રવાના થઈ ગયા છે. કોંગ્રેસ સિવાય તેમાં ૪ અપક્ષ ધારાસભ્યો પણ સામેલ છે. દરેક ધારાસભ્યોને ખાસ વિમાનથી જયપુર લઈ જવામાં આવ્યાં હતા. જયપુર-રાજસ્થાનમાં કોંગ્રેસની અશોક ગેહલોતની સરકાર છે. આ ધારાસભ્યો માટે જયપુરના બ્યૂના વિસ્ટા હોટલમાં ૪૪ વિલા બુક કરવામાં આવ્યા છે. માનવામાં આવે છે કે, ધારાસભ્યોને જયપુરમાં ૩-૫ દિવસ રોકવામાં આવશે. વિધાનસભાનું સત્ર ૧૬મીથી શરૂ થવાનું છે. જેમાં રાજ્યસભાની ચૂંટણીઓ મહત્વની બની રહે તેમ છે. ઉપરાંત હવે તો ભાજપે સિંધિયાને મધ્ય પ્રદેશમાં રંગોત્સવ હોળી-ધૂળેટીના દિવસે જ કોંગ્રેસ ધારાસભ્યોના એક પછી એક રાજીનામા આપતાં કમલનાથ સરકાર રાજકિય સંકટમાં મૂકાઈ ગઈ હતી. કોંગ્રેસ ધારાસભ્યોના રાજીનામા સ્વીકારી લેવામાં આવશે તો મધ્ય પ્રદેશ કુલ ૨૩૦ સભ્યો ધરાવતી વિધાનસભાની આંકડાકિય તસવીર બદલાઈ શકે છે. આ સંજોગોમાં બહુમતીનો આંકડો પણ ઘટીને ૧૦૪એ પહોંચી જશે. આ સંજોગોમાં ભાજપ સત્તા પર કબજો જમાવી લે તેવી પણ શક્યતાઓ જોવામાં આવી રહી છે. આ દરમિયાન કોંગ્રેસના વધારે ધારાસભ્યો ન તૂટે તે માટે ધારાસભ્યોને જયપુર લાવવામાં આવી રહ્યા છે. જ્યાં તેમને એક રિસોર્ટમાં રાખવામાં આવશે.

મધ્ય પ્રદેશના ભોપાલથી હવે કોંગ્રેસ ધારાસભ્યોને જયપુર લાવવામાં આવી રહ્યા છે. જયપુરમાં આ કોંગ્રેસ ધારાસભ્યોને બ્યૂના વિસ્તા રિસોર્ટમાં રાખવામાં આવશે. અહીં કોંગ્રેસ તરફથી રિસોર્ટમાં ૪૨ રુમ બુક કરવામાં આવ્યા છે.

જ્યારે ભાજપે પણ તેમના ૧૦૬ ધારાસભ્યોને જ્યાં પોતાની સરકાર છે તે હરિયાણાના માનેસર પહોંચાડી દીધા છે. કેમ કે કમલનાથ સરકાર દ્વારા એવો દાવો કરવામાં આવ્યો કે ભાજપના કેટલાક સભ્યો તેમના સંપર્કમાં છે.

કોરોના વાઈરસથી ગંભીર અસરગ્રસ્ત ઈરાનથી ૫૮ ભારતીયોને સ્વદેશ લવાયા

ગાઝિયાબાદ

ઈરાનમાં કોરોના વાઈરસની અસર વધારે જોવાઈ છે. ઈરાનમાં આ વાઈરસના કારણે ૨૩૭ વ્યક્તિના મોત થયા છે. પોઝિટિવ ટેસ્ટ ધરાવતા વ્યક્તિની સંખ્યા ૭૦૦૦ને વટાવી ગઈ છે. કોરોના વાઈરસથી અસરગ્રસ્ત ઈરાનમાં ભારતના ૫૮ નાગરિકને ભારતીય હવાઈદળના મિલિટરી એરક્રાફ્ટમાં મંગળવારે સ્વદેશ લવાયા હતા.

ગાઝિયાબાદના હિંડન એરબેઝથી એરક્રાફ્ટ સી-૧૭ને તહેરાન મોકલાયું હતું. ગ્રુપ કેપ્ટન અનુપમ બેનરજીએ કહ્યું હતું કે, ૨૫ પુરુષો અને બે બાળકો તથા ૨૯ મહિલા મળીને ૫૮ જણને ઈરાનથી ભારત લવાયા છે તે બધાની અહીં ટેસ્ટીંગ થશે.

ઈરાનમાં ૨૦૦૦ ભારતીયો રહે છે, એરક્રાફ્ટ ભારતમાં આવ્યા બાદ વિદેશ પ્રધાન એસ. જયશંકરે આનંદ વ્યક્ત કરીને જણાવ્યું હતું કે, ઈરાનથી ભારતીયોને લાવવાનું મિશન પૂર્ણ થયું છે, હવે બાકીના ભારતીયોને અહીં લાવવા સરકાર યોજના કરી રહી છે. ઈરાનમાંની ભારતની એમ્બેસી, ઈરાનના સત્તાવાળાઓ અને મેડિકલ ટીમના કારણે આ શક્ય બન્યું છે. ૨૭ ફેબ્રુઆરીએ

ચીનના વુહાનથી ૭૬ ભારતના નાગરિક અને ૩૬ વિદેશી નાગરિકને સફળતાપૂર્વક બહાર કઢાયા હતા. ઈરાનથી સ્વદેશ લવાયેલા ભારતીયો પૈકી મોટા ભાગના કાશ્મીરના છે.

અમેરિકાની ઈરાનને કડક શબ્દોમાં ચેતવણી

કોરોના વાયરસથી એક પણ અમેરિકી કેદીનું મોત થયું તો ઈરાન જવાબદાર રહેશે

વૉશિંગ્ટન

કોરોના વાઈરસને વધુ ફેલાવતા અટકાવવા માટે ઈરાને જેલમા રહેલા કેદીઓને શરતી જામીન પર છોડ્યા હતા. જેને લઈને અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ ખોટી રીતે ધરપકડ કરાયેલા કેદીઓને છોડવા માટે કહ્યુ છે. અમેરિકાએ ઈરાનને ચેતવણી પણ આપી છે કે, જો કોરોના વાઈરસથી કોઈપણ અમેરિકન કેદીની મોત નીપજ્યુ તો ઈરાન તેના માટે જવાબદાર હશે. પોમ્પિયોએ વધુમા જણાવ્યુ કે, આ બાબતે અમે કાનૂની કાર્યવાહી જ કરીશુ. કોરોના વાઈરસ ઈરાનની જેલમા ફેલાઈ ગયો છે. જે ખૂબ દુ:ખદ વાત છે. એવામા જેલમાથી બધા જ અમેરિકાના કેદીઓને પૂર્ણ રૂપે અને તાત્કાલિક ધોરણે છુટ્ટા કરવામા આવે. સૂત્રો અનુસાર, લગભગ ૪ અમેરિકન ઈરાનની જેલમા છે, જ્યાં ૮,૦૦૦થી વધારે લોકો કોરોનાથી સંક્રમિત અને ૩૦૦ લોકોની મોત થઇ ગયા છે. ઈરાનની કોર્ટેકોરોના વાઈરસના કારણે કેટલાય કેદીઓને જેલમાથી છુટ્ટા કરવા માટેના આદેશ આપ્યા છે. ઈરાને પોતાના હજારો કેદીઓની બેચને માફી આપવી અને દયા દાખવવાની વાતનુ પ્રદર્શન કર્યુ છે. ખોટી રીતે ધરપકડ કરાયેલ વિદેશી નાગરીકોને છુટ્ટા કરવામા આવે. આ સુચન શાસનની માફી આપવાની શક્તિની અંદર રહેલુ છે. અમેરિકા ત્યાં સુધી શાંતિથી નહીં બેસે જ્યાં સુધી ખોટી રીતે ધરપકડ કરાયેલા અમેરિકન નાગરિકોને ઘરે પરત મોકલવામા આવશે નહી.

ગેહલોત-પાયલટ વચ્ચે મતભેદ,૩ ડઝન ધારાસભ્યો સંપર્કમાં હોવાનો ભાજપનો દાવો

મ.પ્રદેશ બાદ રાજસ્થાનમાં રાજકીય સંકટઃ ગેહલોત સરકાર ઘર ભેગી થશે..!?

જયપુર/ભોપાલ

મધ્ય પ્રદેશ બાદ કોંગ્રેસ શાસિત વધુ એક મોટા રાજ્યમાં રાજકારણ ગરમાઈ રહ્યું છે. મુખ્યમંત્રી અશોક ગહલોત અને નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ વચ્ચે વિધાનસભા ચૂંટણી બાદ કેટલાક મહત્વના મુદ્દે મતભેદો સપાટી પર આવી ચૂક્યા છે. હવે ભારતીય જનતા પાર્ટીના રાજસ્થાન યુનિટ સાથે સંકળાયેલા સુત્રોએ નવો દાવો કરીને સૌ કોઈને ચોંકાવી દીધા છે. તેમણે દાવો કર્યો છે કે, કોંગ્રેસના ૩ ડઝન અસંતુષ્ઠ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં છે.

ભાજપ સુત્રોના દાવા પર વિશ્વાસ કરવામાં આવે તો, મધ્ય પ્રદેશમાં મુખ્યમંત્રી કમલનાથની જેમ રાજસ્થાનમાં પણ મુખ્યમંત્રી અશોક ગહલોતની સરકાર પર ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે.

સુત્રોનું માનીએ તો, રાજસ્થાનમાં નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ મુખ્યમંત્રી અશોક ગહલોતથી નારાજ છે. કહેવાય છે કે, પાયલટ કોંગ્રેસ હાઈકમાન્ડ સામે અશોક ગહલોતની ફરિયાદ પણ કરી ચૂક્યા છે. નાયબ મુખ્યમંત્રી ઉપરાંત કોંગ્રેસના ધારાસભ્યો પણ અશોક ગહલોતથી નારાજ છે. તાજેતરમાં જ વિધાનસભામાં પાયલટ જૂથના અનેક ધારાસભ્યો ગહલોત સરકાર પર સવાલ ઉઠાવી ચૂક્યા છે. જણાવી દઈએ કે, વિધાનસભા ચૂંટણી બાદ અશોક ગહલોતને રાજસ્થાનની કમાન સોંપ્યા બાદ જ પાયલટ અને તેમની વચ્ચે મતભેદો ચાલ્યા આવે છે. આ દરમિયાન ભાજપના સુત્રોએ રાજસ્થાન કોંગ્રેસના ત્રણ ડઝન અસંતુષ્ઠ ધારાસભ્યો ભાજપ સાથે સંપર્કમાં હોવાનો દાવો કર્યો છે.

ભારતે ફ્રાંસ, જર્મની અને સ્પેનના નાગરિકોના વિઝા રદ્દ કર્યા

ન્યુ દિલ્હી

ખતરનાક એવા કોરોના વાઈરસના ફેલાવાના રોકવા માટે લેવાયેલા પગલાંના ભાગરૂપે ભારત સરકારે તાત્કાલિક રીતે અસરમાં આવે એ રીતે ફ્રાન્સ, જર્મની અને સ્પેનમાંથી આવવા માગતા નાગરિકોને વિઝા આપવાનું હાલ સસ્પેન્ડ કર્યું છે. ૧૧ માર્ચે કે તે પહેલાં ફ્રાન્સ, જર્મની અને સ્પેનના જે નાગરિકોના રેગ્યૂલર વિઝા અને ઈ-વિઝા ભારત સરકારે મંજૂર કર્યા હતા, એ તમામને કામચલાઉ રીતે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ ત્રણેય દેશમાં કોરોના વાઈરસ ફેલાયો છે. ભારત સરકાર આ પહેલાં ઈટાલી, ઈરાન, દક્ષિણ કોરિયા, જાપાન અને ચીનના નાગરિકો માટેનાં વિઝા તથા ઈ-વિઝા સસ્પેન્ડ કરી ચૂકી છે. આમ તે યાદીમાં ફ્રાન્સ, જર્મની અને સ્પેનનો ઉમેરો કરાયો છે. આ નિર્ણય કેબિનેટ સચિવ રાજીવ ગૌબાના અધ્યક્ષપદ હેઠળ મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં લેવામાં આવ્યો હતો. વધુમાં, સરકારે ભારતીય નાગરિકોને સલાહ આપી છે કે એમણે ફ્રાન્સ, જર્મની અને સ્પેનના પ્રવાસે જવાનું હાલ ટાળવું.

મર્જર થનારી બેંકોના વડા સાથે નાણાંપ્રધાનની આજે મહત્ત્વપૂર્ણ બેઠક

ન્યુ દિલ્હી

બેંકોના મર્જરની પ્રક્રિયા ૧ એપ્રિલથી શરૂ થનાર છે તેની તૈયારીની સમીક્ષા કરવા સંબંધિત બેંકોના ચીફ એક્ઝિક્યૂટિવ સાથે ગુરુવારે નાણાં પ્રધાન નિર્મલા સીતારામન બેઠક કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ કેબિનેટની બેઠક અગાઉ મળી હતી, જેમાં ૧૦ બેંકોનું ચાર બેંકમાં મર્જર કરવાની મંજૂરી અપાઈ હતી.

બેંકોના મર્જર માટેની તૈયારી અને આયોજનની સમીક્ષા ૧૨ માર્ચે કરાશે. ધિરાણનો પ્રવાહ સરળ બને અને ગ્રાહકોને ઓછામાં ઓછી તકલીફથી બેંકમાં સર્વિસ મળી રહે તેની પણ ચર્ચા થશે. બેંકોના મર્જર બાદ ગ્રાહકોની સર્વિસ બાબત પણ ચર્ચાશે. બિઝનેસ અને નાણાકીય પ્લાન વિશે પણ ચર્ચા થશે. મર્જર ૧ એપ્રિલથી અમલી બનશે. ઓરિયેન્ટલ બેંક, યુનાઈટેડ બેંક, પંજાબ નેશનલ બેંકમાં મર્જ થશે. સિન્ડીકેટ બેંક, કેનેરા બેંકમાં મર્જ થશે. યુનિયન બેંક ઑફ ઈન્ડિયા, આંધ્ર બેંક, કોર્પોરેશન બેંકનું મર્જર થશે, ઈન્ડિયન બેંક અને અલ્હાબાદ બેંકનું મર્જર થશે.

ગત વર્ષે દેના બેંક, વિજયા બેંકના બેંક ઑફ બરોડા સાથે મર્જર થયા બાદ ઓપરેટિંગ નફો વધ્યો છે. રિટેલ લોન હવે ૧૧ દિવસમાં મંજૂર થાય છે જે અગાઉ ૨૩ દિવસમાં ક્લિયર થતી હતી.

કોરોના વાયરસઃ આઈપીએલને રદ કરવા મદ્રાસ હાઈકોર્ટમાં પિટિશન

ચેન્નાઇ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) પર સંકટના બાદળો ઘેરાવાના શરૂ થયા છે. એડવોકેટ જી એલેક્સ બેંઝિગરે મદ્રાસ હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરીને કોરોના વાયરસને લીધે આઈપીએલનું આયોજન રદ કરવા માંગ કરી છે. એડવોકેટે પોતાની અરજીમાં અપીલ કરી છે કે હાઈકોર્ટ કેન્દ્ર સરકારને આદેશ આપે કે તે બીસીસીઆઈને આઈપીએલનું આયોજન નહીં કરવાનું ફરમાન જારી કરે. આ વર્ષે ૨૯ માર્ચ ૨૪ મે દરમિયાન આઈપીએલ યોજાવાની છે. અખીલ ભારતીય ફૂટબોલ ફેડરેશન (આઇએફએફ) એ મિઝોરમના પાટનગર આઈઝોલમાં યોજાનાર હીરો સંતોષ ટ્રોફી ૨૦૧૯-૨૦ના ફાઈનલ રાઉન્ડ ટાળ્યો છે. આ મેચ ૧૪થી ૨૭ એપ્રિલે રમાવાની હતી.

આ મામલે જસ્ટિસ એમએમ સુંદ્રેશ અને કૃષ્ણન રામાસ્વામીની બેન્ચ ૧૨ માર્ચના સુનાવણી કરશે. ભારતમાં બુધવાર સુધીમાં કોરોના વાયરસની લપેટમાં આવેલા લોકોની સંખ્યા ૬૧ થઈ હતી. સરકાર તેમજ હેલ્થ એજન્સીઓ આ વાયરસને નાથવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. મંગળવારે દેશભરમાં ૧૪ નવા કેસ સામે આવ્યા છે. જેમાં કેરળમાં આઠ, પુણે અને કર્ણાટકમાં ત્રણ-ત્રણ કેસ નોંધાયા હતા.

૨૦૧૮-૧૯માં ભાજપને ૧૬૧૨ કરોડ રૂપિયા મળ્યા

રાષ્ટ્રીય પક્ષોને છેલ્લા ૧૪ વર્ષમાં અધધ...રૂ.૧૧ હજાર કરોડનું ફંડ મળ્યુંઃ એડીઆર રિપોર્ટ

ન્યુ દિલ્હી

દેશના રાષ્ટ્રીય રાજનૈતિક પક્ષોને નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫થી ૨૦૧૮-૧૯ દરમિયાન અજ્ઞાત સ્ત્રોતો પાસેથી ૧૧,૨૩૪ કરોડ રૂપિયાનો ફાળો મળ્યો છે. ગેર સરકારી સંગઠન એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ (ADR)એ આ અંગે દાવો કર્યો છે. એડીઆરે જણાવ્યું કે આ વિશ્લેષણ માટે તેમણે સાત રાષ્ટ્રીય પાર્ટીઓ ભાજપ, કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા ચૂંટણી પંચને આપવામાં આવેલી જાણકારીનો ઉપયોગ કર્યો છે.

અજ્ઞાત સ્ત્રોતો પાસેથી આવકનો અભિપ્રાય રિટર્નમાં જાહેર કરવામાં આવેલી રકમથી છે કે જેમાં દાનકર્તાના નામની જાણકારી નથી હોતી અને દાનની રકમ ૨૦,૦૦૦થી ઓછી હોય છે. અજ્ઞાક સ્ત્રોતોમાં ચૂંટણી બોન્ડ, કૂપનની વહેચણી, રાહત કોષ, વિવિધ આવક, સ્વૈચ્છિક યોગદાન અને બેઠક અને મોરચામાં આપવામાં આવેલા યોગદાનની રકમનો સમાવેશ થાય છે. બસપાએ તાજેતરમાં જ જાહેર કર્યું હતું કે સ્વૈચ્છિક યોગદાન (૨૦,૦૦૦ રૂપિયાથી ઓછું અથવા વધારે રકમ) રકમ કૂપનની વહેચણી, ચૂંટણી બોન્ડ અથવા અજ્ઞાત સ્ત્રોતો દ્વારા કોઈ આવક નથી થઈ. ગેર સરકારી સંગઠન એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ (ADR)એ સત્તાકીય જાહેરાત કરીને જણાવ્યું કે નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫થી ૨૦૧૮-૧૯ દરમિયાન રાષ્ટ્રીય પાર્ટીઓને ૧૧,૨૩૪.૧૨ કરોડ રૂપિયા અજ્ઞાત સ્ત્રોતો પાસેથી મળ્યા છે.

સિંધિયા કમલને છોડી પહેલા પાનાથી ચાલુ

હતી. તેમના ટેકેદાર ધારાસભ્યો પણ તે વખતે તેમના સમર્થનમાં બહાર આવ્યાં હતા. જો કે કોંગ્રેસ હાઈકમાન્ડે દરમ્યાનગીરી કરતાં મામલો શાંત થયો હતો. પરંતુ હોળીના દિવસે જ કોંગ્રેસના ૧૯ ધારાસભ્યો જેમાં ૬ મંત્રીઓનો પણ સમાવેશ થાય છે તેઓ એકાએક ભાજપ શાસિત કર્ણાટકના પાટનગર બેંગલૂરુ પહોંચ્યા હતા. તે અગાઉ ૧૦ ધારાસભ્યો હરિયાણામાં હોવાનું બહાર આવ્યું હતું. અને તેમને સમજાવીને પરત લાવ્યાં બાદ એકાએક ૧૯ ધારાસભ્યો કમલનાથના હાથમાંથી સરકી ગયા હતા. અને હોળી-ધૂળેટીના તહેવારોમાં જ કોંગ્રેસનો રંગ ઉડી ગયો હતો.

ગઈકાલે ૧૦મીએ દિવસભર નાટ્યાત્મક રીતે રાજકિય ઘટનાઓ એક પછી એક બની હતી. જેમાં સિંધિયા અમિત શાહની સાથે એક જ કારમાં બેસીને વડાપ્રધાન મોદીને મળવા પહોંચતાં મામલો હાઈપ્રોફાઈલ બન્યો હતો. અને તેઓ ભાજપમાં જોડાશે અને તેમને મધ્યપ્રદેશમાંથી રાજ્યસભામાં લઈ જઈને મોદી કેબિનેટમાં માનભેર સ્થાન આપવાના અહેવાલો આવી રહ્યાં હતાં. મધ્યપ્રદેશ કોંગ્રેસના કેટલાક નેતાઓએ પોતાના ૧૯ ધારાસભ્યોના રાજીનામાના પગલે હવે કમલનાથ સરકાર ગઈ હોવાના અભિપ્રાયો આપ્યા હતા. જો કે રાજીનામુ આપનાર ધારાસભ્યોની સંખ્યા વધીને ૨૨ થઈ છે.

ગઈકાલે મોદીને મળ્યા બાદ સિંધિયાએ ગઈકાલે જ ટ્વીટરના માધ્યમથી કોંગ્રેસમાંથી પોતાનું (ના)રાજીનામા પત્ર જાહેર કર્યું હતું. અને કોંગ્રેસમાં રહીને તેઓ લોકોની સેવા કરી શકે તેમ ન હોવાથી અને છેલ્લાં એક વર્ષથી રાજીનામુ આપવાના સંજોગો બની રહ્યાં હોવાનો ઉલ્લેખ અધ્યક્ષા સોનિયા ગાંધીને લખેલા પત્રમાં કર્યો હતો. તેઓ ગઈકાલે જ સાંજે ભાજપમાં જોડાઈ રહ્યાંની અટકળો વહેતી થઈ હતી. પરંતુ ત્યારબાદ તેઓ આજે એટલે કે ૧૧મીએ બપોરે ૧૨.૩૦ વાગે ભાજપમાં જોડાશેની જાહેરાત થઈ હતી. જો કે તેમાં વિલંબ થતાં આખરે ૩ વાગે તેઓ દિલ્હી ભાજપ કાર્યાલય કમલમ્ પહોંચ્યા અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાની હાજરીમાં વિધિવત રીતે કેસરી ખેસ ધારણ કરીને ભાજપમાં જોડાઈ ગયા હતા. અને તેમને રાજ્યસભાની ટિકિટ પણ આપી દેવામાં આવી હતી.

મધ્યપ્રદેશમાં હવે નવી રાજકિય પરિસ્થિતિમાં કમલનાથ સરકાર આંકડાની રમતમાં અટવાઈ ગઈ છે. તેમણે રાજીનામુ આપવાનો ઈકાર કરીને વિધાનસભામાં પોતે બહુમતિ પૂરવાર કરશે એવી જાહેરાત કરી છે, ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને ૧૧૪ અને ભાજપને ૧૦૯ બેઠકો મળી હતી. સરકાર બનાવવા માટે જરૂરી એવા ૧૧૫ બેઠકોથી કોંગ્રેસને એક બેઠક ખૂટતી હતી. જો કે કોંગ્રેસે બસપાના ૨ અને સપાના એક અને ૪ અપક્ષોના ટેકાથી સરકાર બનાવીને કમલનાથને સત્તાની બાગડોર સોંપતા સિંધિયા નારાજ થયા હતા. અને ત્યારથી તેઓ ઘણી વખત કમલનાથ સરકારની જાહેરમાં આલોચના પણ કરી રહ્યાં હતા. છેવટે રાજકિય મહેચ્છા પૂરી કરવા તેઓ ભાજપમાં જોડાઈ ગયા છે. રાજ્યસભાની ચૂંટણીમાં જીતીને તેઓ મોદી સરકારમાં કેબિનેટ મંત્રી બને એમ પણ ચર્ચાઈ રહ્યું છે.

કર્ણાટકમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

ફેબ્રુઆરીએ દુબઈથી પાછો આવ્યો હતો. બાદમાં બન્નેના સંપર્કમાં આવેલા ૩ લોકોને પણ નાયડુ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પુણેમાં અત્યાર સુધીમાં ૫ પોઝિટિવ કેસ નોંધાયા છે જ્યારે ૧૯ શંકાસ્પદ લોકોની તપાસ ચાલી રહી છે. આ ઉપરાંત કેરળમાં પણ વધુ બે નવા કેસ સામે આવ્યા છે. કેરળમાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસના ૧૪ કેસની પુષ્ટિ થઈ છે. કર્ણાટકમાં પણ કોરોના વાઈરસના ૩ નવા કેસ નોંધાયા છે. જેથી ભારતમાં કોરોનાના કેસની સંખ્યા વધીને ૫૧ થઈ ગઈ છે.

કેરળમાં સંક્રમિત દર્દીઓનો આંકડો ૧૪ને પાર

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને મંગળવારે કહ્યું રાજ્યમાં અત્યાર સુધીમાં સંક્રમણના ૧૪ મામલાઓ પ્રકાશમાં આવી ચૂક્યા છે. તેના ખતરાને જોતા સાતમુ ધોરણ સુધીના કલાસની પરીક્ષાઓ ૩૧ માર્ચ સુધી સ્થગિત રહેશે. જ્યારે ધોરણ ૮,૯ અને ૧૦ની પરિક્ષાઓ નિર્ધારિત કાર્યક્રમ અનુસાર થશે. ૩૧ માર્ચ સુધી ટ્યુશન ક્લાસ, આંગણવાડી, મદરેસા બંધ કરાવવામાં આવી છે. ૧૧-૩૧ માર્ચ સુધી થિએટર બંધ રહેશે.

દિલ્હી હિંસા પહેલા પાનાથી ચાલુ

શાંતિ લાવ્યા. જો અજીત ડોભાલ હિંસાગ્રસ્ત વિસ્તારમાં જાય છે તો ભૂલ શું છે, તે દ્વજીછ છે. કોંગ્રેસ નફરતની રાજનીતિ કરે છે. ભાજપ સાંસદે કહ્યું કે, ૨૪ ફેબ્રુઆરીએ ગૃહમંત્રી બેઠક કરી રહ્યા હતા.

ગૃહમંત્રાલયના તમામ અધિકારી બેઠકમાં હતા. અમિત શાહે ૧ વાગ્યા સુધી અધિકારીઓને આદેશ આપ્યા હતા. ૨૫ ફેબ્રુઆરીએ સવારે તેમણે ફરી અધિકારીઓ સાથે બેઠક કરી હતી. હિંસા રોકવા માટે તેમણે ઉચ્ચ નેતાઓ સાથે મુલાકાત કરી હતી. ૨૬ ફેબ્રુઆરીએ તેમણે ફરી બેઠક કરી હતી.

ભાજપ સાંસદ મીનાક્ષી લેખીએ કહ્યું કે, હિંસામાં મરનારા ભારતીય હતા. કોઇ બાંગ્લાદેશી હોય તેની જાણકારી મને નથી. આઇબી કર્મચારી અંકિત શર્માની હત્યા કરવામાં આવી, તેની પર ૪૦૦ વખત ચાકુથી હુમલો કરવામાં આવ્યો. હું લોકોના મોતથી દુખી છું.

ટીએમસી સાંસદના અમિત શાહ પર પ્રહાર

ટીએમસી સાંસદ સૌગત રૉયે ગૃહમંત્રી અમિત શાહ પર નિશાન સાધ્યુ છે, તેમણે કહ્યું કે મે જોયુ કે ટ્રમ્પના આગમન પર અમિત શાહ મોટેરામાં હતા. તે સમયે દિલ્હીમાં હિંસા થઇ. ૨૬ ફેબ્રુઆરીએ સ્થિતિ સામાન્ય થઇ, અજીત ડોભાલ રસ્તા પર ઉતર્યા બાદ શાંતિ આવી. ગૃહમંત્રી કેમ ના ગયા, તેમણે રાજીનામું આપવુ જોઇએ. ભગવાનના નામ પર તે રાજીનામું આપી દે. સૌગત રૉયે દિલ્હી હિંસાની ન્યાયિક તપાસની માંગ કરી હતી.

આઈપીએલ પહેલા પાનાથી ચાલુ

કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં. તેની સાથે જ અમારી લોકોને અપીલ છે કે તેઓ ભીડવાળી જગ્યાએ જાય નહીં. કેબિનેટ મીટિંગમાં આઈપીએલ બાબતે ચર્ચા થઈ અને સાથે જ નિર્ણય લેવામાં આવ્યો છે, આઈપીએલ ટૂર્નામેન્ટને ત્યારે જ પરવાનગી મળશે જ્યારે દર્શકોને ટિકિટ વેચવામાં આવશે નહીં.

કોંગ્રેસ હવે પહેલા જેવી પહેલા પાનાથી ચાલુ

સુરક્ષિત છે. હું વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને જેપી નડ્ડાનો આભારી છું કે તેમણે મને એક પ્લેટફોર્મ આપ્યું જ્યાં હું લોકોની સેવા કરી શકું છું. કમલનાથ સાથેના મતભેદોને ઉજાગર કરતા જ્યોતિરાદિત્યએ જણાવ્યું કે કમલનાથ ભ્રષ્ટ છે અને રાજ્યમાં ભ્રષ્ટાચાર ફૂલ્યો ફાલ્યો છે.

અચ્છે દિન પહેલા પાનાથી ચાલુ

જ નિર્ભર કરે છે.અત્રે નોંધનીય છે કે ૧૬ જૂન ૨૦૧૭થી પેટ્રોલ અને ડીઝલના ભાવ આંતરરાષ્ટ્રીય બજારના હિસાબથી રોજ બદલાય છે. દેશભરના પેટ્રોલ પંપોનો રોજ સવારે ૬ વાગ્યે નવા ભાવની માહિતી આપવામાં આવે છે. નિષ્ણાતોના કહેવા મુજબ આવતા દિવસોમાં પણ ક્રૂડના ભાવ રોકેટ ગતિએ વધે તેવુ જણાતુ નથી. ભાવ ઘટતા ભારતને સૌથી વધુ ફાયદો થાય છે કારણ કે ભારત સૌથી વધુ ક્રૂડની આયાત કરે છે.

કાન ખોલીને સાંભળી લો અમને પ્રેમ માટે નમતા આવડે છે ને લડતા પણ આવડે છે



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા
મો.નંબર-9824856247
WRITER THINKER COLUMNIST

તહેવારોની મોસમ ચાલી રહી છે અને લોકો પોતાના સુખ દુ:ખ ભૂલીને તહેવારોની મસ્તીમાં મસ્ત રહી જીવન વ્યતીત કરી રહ્યા છે. કોઈને તેના અંગત મિત્ર સાથે બનેલો અણબનાવો હોય કે પછી પરિવારમાં થયેલી નાની-મોટી બોલાચાલી હોય બધા જ ભૂતકાળને ભૂલીને વર્તમાનમાં જીવી રહ્યા છે અને ભવિષ્યની ચિંતા કરી રહ્યા છે. મિત્રો અને પરિવારજનો મસ્તીમાં મસ્ત બની રહ્યા છે અને એકબીજાની મજાક મશ્કરી કરી રહ્યા છે. સંકેત અને રેવા નામના યુવક યુવતીઓ પણ સૌની સાથે મળીને તહેવારની ઉજવણી કરી રહ્યા છે. સંકેત સ્વભાવમાં મિલનસાર અને સૌની સાથે હળી-મળી જાય તેવો છે જયારે રેવા પણ સહજતાથી સૌની સાથે આત્મીયતા પૂર્ણક વ્યવહાર કરે તેવી છે. સતત સાથે રહેવાના કારણે સંકેત અને રેવા વચ્ચે શરૂઆતથી જ મૈત્રીના સંબંધો સ્થપાઈ જાય છે. રેવા નોકરી શરૂ કરે છે ત્યારે સંકેત પણ કહે છે કે હવે તો મારે પણ નોકરી શોધવી પડશે. આ સાંભળીને રેવા કહે છે કે જો તારે મારી સાથે મહત્તમ સમય સાથે રહેવું હોય તો મારી સાથે જ નોકરી કરવા માટે આવી જા. સંકેત એ કહ્યું કે હું તો તારી સાથે નોકરી કરવા આવવા માટે તૈયાર જ છું પરંતુ મારા લાયક નોકરી શોધી આપ. રેવા એ કહ્યું કે તારા માટે તો નોકરી તૈયાર જ છે. તું પહેલા તારી કંપનીના માલિકને પૂછી તો જો કે મને નોકરીએ રાખશે કે નહીં તેમ સંકેત પ્રશ્ન કર્યો. મારી કંપનીમાં તારા માટે હંમેશા દરવાજા ખુલ્લા જ છે અને તું આવતીકાલથી જ નોકરી પર આવવાનું શરૂ કરી દે. તારી નોકરી માટેની તમામ વાત હું આજે કરી લઈશ અને નોકરી કન્ફર્મ પણ આજે જ કરી લઈશ તેમ રેવાએ આત્મવિશ્વાસ સાથે કહ્યું.

બીજા દિવસે વહેલી સવારમાં સંકેત રેવાને ફોન કરે છે અને બંને સાથે નોકરી પર જાય છે. સંકેત રેવાની સાથે જેવો કંપનીમાં દાખલ થાય છે અત્યારે રેવા જણાવે છે કે, આપણે દોસ્ત ખરા પરંતુ અહી આપણે નોકરી કરવા માટે આવ્યા છીએ અને નોકરીના પૈસાથી જ આપણા બન્નેના પરિવારો સહિત આપણે પણ શાંતિપૂર્ણ જીવન પસાર કરી શકીએ છીએ તેથી કંપનીમાં તો આપણે ફક્ત કામની વાતો કરીશું. કંપનીના દરવાજા બહાર આપણે મિત્ર છીએ પરંતુ કંપનીની અંદર તો આપણે સહકર્મચારી તરીકેનો જ વ્યવહાર કરીશું. આ સાંભળીને સંકેતે કહ્યું કે જેવી તમારી મરજી અને જેવા કંપનીના નિયમો. પછી તો સંકેત કંપનીની અંદર ક્યારે પણ રહેવા સાથે કામ વગર વાત નથી કરતો અને પૂરી નિષ્ઠાથી કંપનીમાં કામ કરવા લાગે છે. સંકેતની કામ પ્રત્યેની નિષ્ઠા અને વ્યવહારથી કંપનીના બધા જ લોકો પ્રભાવિત થાય છે. થોડા જ દિવસોમાં સંકેત સૌનો લાડલો બની જાય છે. પરંતુ કંપનીમાં સતત સાથે રહેવાના કારણે સંકેત રેવાને એક તરફી પ્રેમ કરવા લાગે છે. પરંતુ સંકેતના પ્રેમથી રેવા તો સાવ અજાણ છે. સંકેત તેનું કામ ઝડપથી પતાવીને રેવાને પણ કામમાં મદદ કરી રહ્યો છે. સંકેત રેવાની સાથે મહત્તમ સમય પસાર કરવા માટે પ્રયત્નશીલ રહે છે અને હવે રેવા પણ સંકેતને તેના મિત્રથી વિશેષ માનવા લાગી છે. રેવાના મનમાં પણ સંકેત પ્રત્યેક પ્રેમના અંકુર ફૂટવા લાગે છે. સંકેતના વ્યવહારથી રેવા જાણી જાય છે કે તે તેને પ્રેમ કરી રહ્યો છે. તો આ બાજુ સંકેત રેવાને પ્રેમ અંગે જાણ કરવા વિચારી રહ્યો છે પરંતુ સાથે ડર પણ લાગી રહ્યો છે કે જો રેવા તેના પ્રેમનો પ્રસ્તાવ નહીં સ્વીકારે તો કાયમ માટે તેનાથી દૂર રહેવું પડશે. ઘણા દિવસનું મનોમંથન કરીને સંકેત હિંમત એકઠી કરી રહ્યો છે.



પ્રતિકાત્મક તસવીર સૌજન્યઃ- સિધ્ધરાજ ગોહિલ

કંપનીમાંથી છૂટ્યા પછીના સમયમાં સંકેત રેવાને નજીકમાં આવેલા રેસ્ટોરન્ટમાં સાથે આવવાનું કહે છે ત્યારે રેવા કહે છે કે આજે કેમ અચાનક આટલો બધો પ્રેમ ઉભરાય આવ્યો છે કે મને રેસ્ટોરન્ટમાં લઈ જાય છે. આજે નથી તારો જન્મદિવસ કે મારો જન્મદિવસ છે તો પણ તું કેમ ખુશ ખુશ જણાય છે. આવી વાતચીત કરતા થોડીવારમાં જ રેસ્ટોરન્ટ આવી જાય છે અને રેવા જયારે નાસ્તા નો ઓર્ડર આપવા જાય છે ત્યારે તેને સંકેત અટકાવે છે અને કહે છે કે આપણે પહેલા થોડી વાત કરી લઈએ પછી ભરપેટ નાસ્તો નહીં પરંતુ સાથે ભોજન કરીશું. આમ ગોળ ગોળ વાતો કરીને તું મને મૂંઝવણમાં મુકેશ નહીં તારે જે પણ કહેવું હોય તે સ્પષ્ટ કહી દે તેમ રેવાએ કહ્યું ત્યારે સંકેતે જણાવ્યું કે હું તને બધું સ્પષ્ટ કહેવા માટે જ અહીં લાવ્યો છું, પરંતુ મને થોડો ડર લાગી રહ્યો છે. રેવાએ કહ્યું કે ડર અને એ પણ તને? આ વાત મારા માનવામાં આવતી નથી તેમ છતાં પણ જો તારા મનમાં કોઈ ડર હોય તો તે કાઢી નાખ અને મને સ્પષ્ટ કહી દે. સંકેત ધીમા અવાજે કહ્યું કે હું તને પ્રેમ કરું છું. આ સાંભળીને રેવાએ કહ્યું કે બસ આટલું કહેવામાં તું ડરતો હતો. તું મને પ્રેમ કરે છે એ તો હું પહેલેથી જ જાણું છું અને હું પણ તને પ્રેમ કરું છું એ તું પણ જાણે જ છે. આમાં કહેવાની ક્યાં જરૂર હતી. રેવાનો જવાબ સાંભળીને સંકેત ખૂબ જ હરખાઈ જાય છે અને કહે છે કે આજે તે મને ખૂબ જ ખુશ કરી દીધો છે. આ સાંભળીને રેવા કહે છે કે તારા કારણે જ હું ખુશ રહી શકું છું અને જીવનભર તારી સાથે જ રહેવા માગું છું. સંકેતએ કહ્યું કે જીવનભર નહીં પરંતુ જન્મો જન્મ આપણે સાથે જ રહીશું અને આવો જ પ્રેમ આપણો અવિરત રહેશે. પ્રેમનો સ્વીકાર કર્યા પછી સંકેત અને રેવા નોકરીના સમય પછી પણ મહત્તમ સમય સાથે રહેવા લાગે છે અને મોલ-મલ્ટિપ્લેક્સ ગાર્ડનમાં સાથે જોવા મળી રહ્યા છે. નાનામાં નાની વાત પણ એકબીજાને કહી રહ્યા છે અને એકબીજાને સમજીને મદદરૂપ પણ બની રહ્યા છે. પરંતુ સંકેત અને રેવાનો પ્રેમ કંપનીના કેટલાક કર્મચારીઓને ગમતો નથી અને તેથી ઈર્ષા ભાવથી બંનેને અલગ પાડવા માટેના પ્રયત્નો શરૂ કરવામાં આવે છે. સંકેત અને રેવાની કામ પ્રત્યેની નિષ્ઠા પર પ્રશ્નો ઊભા કરીને તેમના વિરોધમાં કંપનીમાં ફરિયાદ કરવામાં આવી રહી છે. શરૂઆતમાં તો કંપનીના મેનેજમેન્ટ દ્વારા કોઈ પગલાં ભરવામાં આવતા નથી પરંતુ અનેક લોકો દ્વારા આવી ફરિયાદ કરવામાં આવતા કંપની મેનેજમેન્ટ દ્વારા સંકેત અને રેવાને નોટિસ પાઠવવામાં આવે છે. નોટિસ મળવાના કારણે બંને સ્તબ્ધ થઈ જાય છે. સંકેત થોડો સમય તો શાંત રહે છે અને બધાને પ્રેમથી સમજાવે છે કે અમે પ્રેમ કરીએ છીએ પરંતુ કામ કરવામાં કોઈ બાંધછોડ નથી કરતા. તેમ છતાં પણ વારંવાર ફરીયાદો થતા જાહેરમાં બધાને ધમકાવતા સંકેત કહે છે કે, "કાન ખોલીને સાંભળી લો અમને પ્રેમ માટે નમતા આવડે છે ને લડતા પણ આવડે છે" સંકેતની ગર્ભિત ધમકી પછી કોઈ તેની ફરીયાદ નથી કરતુ અને સંકેત તથા રેવા પ્રેમથી સાથે નોકરી કરી રહ્યા છે. કંપની મેનેજમેન્ટ દ્વારા પણ સંકેત અને રેવાને કોઈ રોકટોક કરવામાં આવતી નથી. કંપની મેનેજમેન્ટનો વિશ્વાસ જીતીને સંકેત અને રેવા પ્રેમની અમુલ્ય પળોને માણી રહ્યા છે.

બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસ

વિસ્મયે ૫ વર્ષની જેલની સજાના હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમમાં પડકાર્યો

અમદાવાદ

શહેરના બહુ ચર્ચિત બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસના દોષિત વિસ્મય શાહે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી જામીન માગ્યા છે. આ પહેલા ગુજરાત હાઈકોર્ટે ગત ફેબ્રુઆરીમાં સેશન્સ કોર્ટે ફટકારેલી પાંચ વર્ષની જેલની સજા યથાવત રાખી હતી. આમ વિસ્મય શાહે આ ૫ વર્ષની સજા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે. આ પહેલા સેશન્સ કોર્ટે વિસ્મયને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. તેની સામે વિસ્મયે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જોકે, હાઈકોર્ટે પણ તેને કોઈ રાહત ન આપી પાંચ વર્ષની સજા યથાવત રાખી આત્મસમર્પણ કરવા આદેશ કર્યો હતો. જેની સામે હવે વિસ્મયે સુપ્રીમમાં અપીલ કરી જામીન પણ માગ્યા છે. વિસ્મયની અરજી પર સુપ્રીમમાં આવતા સપ્તાહથી સુનાવણી શરુ થાય તેવી શક્યતા છે.

વિસ્મયે રાહુલ પટેલ અને શિવમ દવે નામના બે યુવકોને પોતાની બીએમડબલ્યુ કારથી ટક્કર મારી હતી. ૨૦૧૫માં નીચલી કોર્ટે વિસ્મયને દોષિત ઠેરવીને પાંચ વર્ષની જેલની સજા કરી હતી. આ કેસમાં પક્ષકાર બનેલા રાહુલ પટેલના પિતાએ કોર્ટમાં એફિડેવિટ ફાઈલ કરીને કહ્યું હતું કે બંને પક્ષ વચ્ચે સમાધાન થઈ ગયું હોવાથી હવે તેઓ કેસ આગળ ચલાવવા નથી ઈચ્છતા.જો કે રાજય સરકારે આ સમાધાનનો વિરોધ કરી આ કેસ ગંભીર હોવાથી વિસ્મયને સજા કરવા દલીલ કરી હતી. સરકારે એમ પણ જણાવ્યું હતું કે વિસ્મયને મુક્ત ન કરી શકાય, જો તેમ કરાયું તો સમાજમાં ખોટો દાખલો બેસશે.

સાબરતી જેલમાં પોલીસકર્મીએ અંડરવેયરમાં છૂપાવેલી ૧૧ તમાકુની પડીકીઓ ઝડપાઈ

અમદાવાદ

સાબરમતી સેન્ટ્રલ જેલમાં ફરજ બજાવતાં પોલીસ કર્મચારીઓ જ કેદીને જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ પોહચાડતા હોય છે. જેલસહાયક તરીકે ફરજ બજાવતાં રૂતેશ ચૌધરી પાસેથી તમાકુની ૧૧ પડીકીઓ મળી આવી હતી. જે મામલે રાણીપ પોલીસ સ્ટેશનમાં જેલ સહાયક રૂતેશ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. સાબરમતી જેલના જેલર ગ્રુપર ને માહિતી મળી હતી.

જેલના મેઈન ગેટ પાસે ઝડતી રૂમમાં જેલ સહાયક રૂતેશ ચૌધરી પાસે તમાકુની પડીકીઓ છે જેથી રૂતેશની તપાસ કરતા તેના અંડરવેયરમાં ગુપ્ત ભાગ પાસે સંતાડેલી ૧૧ તમાકુની પડીકીઓ મળી આવી હતી. જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ લાવી કેદીને આપવાને લઈ રાણીપ પોલીસ સ્ટેશનમાં તેની સામે પ્રિઝન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.



રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના સાજડીયારી ગામે કેબિનેટ મંત્રી જયેશ રાદડીયા પર રૂપિયાનો વરસાદ થયો હતો. એક વર્ષમાં પોતાના વિસ્તારમાં ચોથીવાર રૂપિયાનો વરસાદ થયો હતો. ગાયોના લાભાર્થે રાખવામાં આવેલા ભવ્ય લોક ડાયરામાં રૂપિયાનો લોકોએ વરસાદ કર્યો હતો. અલ્પા પટેલના લોક ડાયરામાં યુવા કેબિનેટ મંત્રી જયેશ રાદડીયા તેમજ રાજકોટ દૂધ ડેરીના ચેરમેન ગોવિંદભાઈ રાણપરીયા પર રૂપિયાનો વરસાદ કરવામાં આવ્યો હતો. ડાયરામાં અલ્પા પટેલ, બ્રીજદાન ગઢવી તેમજ અન્ય કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટમાં યુવકને બેરહેમીપૂર્વક માર મારતો વીડિયો વાયરલ

રાજકોટ

ત્રિકોણ બાગ પાસે જાહેરમાં સગીરાને યુવકે માર માર્યો હતો. અપશબ્દો કહીને યુવક બેરહેમીપૂર્વક સગીરાને માર મારતો વીડિયોમાં કેદ થયો હતો. હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહેલા વીડિયોને આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

ત્રિકોણ બાગ નજીક સગીર યુવતી પર અત્યાચાર ગુજારતા જાહેરમાં તમાચા ઝીંકી અપશબ્દો કહેતા યુવકને જોવા માટે મોટી સંખ્યામાં લોકો હાજર હતાં. મોટી સંખ્યામાં હાજર લોકોમાંથી કોઈએ યુવકને રોક્યો નહોતો કે પોલીસને જાણ નહોતી કરી. કથિત રીતે સગીરાને પિયુષ નામના યુવાન સાથે મિત્રતા હતી જો કે સગીરાએ મિત્રતા તોડતા રોષે ભરાયેલા યુવાને સરાજાહેર સગીરાને માર માર્યો હતો. સમગ્ર વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા બાદ રાજકોટ એ ડિવિઝન પોલીસે તપાસ શરૂ કરી છે.

ઘરની ઓસરીમાં સૂતેલી વૃદ્ધા સાથે યુવકે અડપલાં કરતાં ચકચાર: અંતે ઝડપાયો

અમદાવાદ

શહેરના જમાલપુર વિસ્તારમાં ઘરની ઓસરીમાં સુતેલી વૃદ્ધા સાથે યુવકે અડપલાં કર્યા હતા. મોડી રાતે ઘરનો દરવાજો ખુલ્લો હોવાથી યુવક ઘરમાં ઘુસી ગયો હતો. ગાયકવાડ હવેલી પોલીસે આરોપીની ધરપકડ કરી છે. જમાલપુરમાં નવી મસ્જિદ પાસે પરિવાર સાથે રહેતી ૬૦ વર્ષની મહિલા ઓસરીમાં દરવાજો ખુલ્લો રાખી પડદો કરી સુઈ ગયા હતા. મોડી રાતે એક યુવક ઘરમાં ઘૂસ્યો હતો.

યુવકે વૃદ્ધાના શરીરે અડપલાં શરૂ કર્યા હતા. જેથી વૃદ્ધા જાગી ગઈ હતી. વૃદ્ધાએ બુમાબુમ કરતા મોહું યુવકે દબાવી દીધું હતું. ઘરના અન્ય લોકો જાગી જતા યુવક ભાગ્યો હતો જો કે તેને ઝડપી લેવાયો હતો. પોલીસને જાણ કરવામાં આવતા ગાયકવાડ હવેલી પોલીસ આવી હતી. પોલીસે અડપલાં કરનાર તોફિક પનારા (રહે. આસ્ટોડિયા છાપરાંમાં)ની ધરપકડ કરી હતી.

મંદિરોમાં ફૂલદોલ ઉત્સવ, યુવાનોનો રેઇન ડાન્સ

કોરોનાની ચિંતા વચ્ચે રાજયમાં ધૂળેટીની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

અમદાવાદ

ગુજરાતમાં મંગળવારે ધુળેટીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસના તહેવાર હોળીની અમદાવાદ, રાજકોટ, મહેસાણા, પાટણ, સુરત, વડોદરા સહિત ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. લોકો મોટી સંખ્યામાં જાહેર રસ્તાઓ પર એકબીજાપર અબીલ, ગલાલ અને કલર સાથે હોળી રમી રહ્યા હતા. રાજયભરમાં હોળીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાઓ અને મોટા શહેરમાં સોસાયટીથી લઈ બંગ્લોઝ અને પોળમાં યુવા હૈયાઓ હોળીના રંગે રંગાયા હતા શહેરીજનોએએકબીજાના ચહેરા પર લગાવી ચહેરાઓને રંગીન બનાવી દીધા હતાં. તેમજ ગરબે ઘુમતા પણ જોવા મળ્યા હતા. તેની સાથે સાથે રાગ-દ્વેષ ભૂલીને એકબીજાને ગળે મળીને રંગ પર્વની ઉજવણી કરી હતી. જ્યારે અમદાવાદ શહેરના બાપુનગર, ઈસનપુર, ચાંદખેડા, રખિયાલ, થલતેજ, સાબરમતી, નિકોલ, ઓઢવ, નારણપુરા, બોપલ, સેટેલાઈટ, વસ્ત્રાપુર, ગુલબાઈ ટેકરા, નવરંગપુરા, મોટેરા, લાલ દરવાજા અને સરખેજ સહિતના અનેક વિસ્તારોમાં અબીલ-ગુલાલની છોળો ઉડતી જોવા મળી હતી. જેમાં ક્યાંક ટોમેટો, તિલક હોળી તો ક્યાંક રેઈન ડાન્સ અને મડ ડાન્સ જોવા મળ્યો હતો.

જ્યારે રાજકોટમાં પોલીસ પરિવારો સહિત ઠેર-ઠેર ધુળેટી પર્વની ઉજવણી આવી હતી. રાજકોટ પોલીસ કમિશનર મનોજ અગ્રવાલના બંગલો ખાતે પણ ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ, જોઈન્ટ પોલીસ કમિશનર અહેમદ ખુરશીદ, ડીસીપી રવી મોહન સૈની, ડીસીપી મનોહર સિંહ જાડેજા અને એસપી બલરામ મીણા સહિતના અધિકારીઓએ જોડાયા હતા.

રસી-દવા પીવડાવ્યા બાદ બે જોડિયા બાળકોના મોત નિપજતાં ચકચાર

દાહોદ

દાહોદ તાલુકાના કટવારા ગામમાં રસી અને દવા પીવડાવ્યા બાદ તબિયત લથડતા એક મહિનાના જોડિયા બાળકોના મોત નીપજયા છે. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

દાહોદ તાલુકાના કટવારા ગામમાં રહેતા રાકેશભાઈ કટારાની પત્નીએ ૪૦ દિવસ પહેલા જોડિયા બાળકોને જન્મ આપ્યો હતો. જેમના નામ મયંક અને અર્પિત રાખવામાં આવ્યા હતા. બંને બાળકોને ગત ૪ માર્ચના રોજ રસી અને દવા પીવડાવવામાં આવી હતી. ત્યારબાદ બંને બાળકોની તબિયત લથડી હતી. જેથી બંને બાળકોને દાહોદની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર માટે જઈ લવામાં આવ્યા હતા. જ્યાં એક બાળક મયંકનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. પરિવારે તેના મૃતદેહને દાટી દીધો હતો.

રૂપાણી સરકારે કોરોનાને પગલે મોલ, થીયેટર બંધ કરવાની વિપક્ષની માંગ ફગાવી

મોલ અને સિનેમા હોલ બંધ કરાવીને લોકોમાં ખોટો ગભરાટ ફેલાવવો જોઈએ નહીંઃ નીતિન પટેલ

ગાંધીનગર

રાજયમાં કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે જાહેર સ્થળો જેમ કે મોલ અને થીયેટર્સને બંધ રાખવાની વિપક્ષ કોંગ્રેસની માંગને ગુજરાત સરકારે બુધવારે ફગાવી છે. કોંગ્રેસના ધારાસભ્ય નૌશાદ સોલંકીએ કોરોના વાયરસ પરની ચર્ચા દરમિયાન વિધાનસભામાં સુચન કર્યું હતું કે રાજયમાં તમામ જાહેર સ્થળો જયાં વધુ લોકો એકત્ર થતા હોય તેવા સ્થળો પર ૨૦-૨૫ દિવસ બંધ કરી દેવા જોઈએ. સોલંકીએ બસ સ્ટેશનો તેમજ રેલેવ સ્ટેશનો ઉપર પણ મુસાફરોનું સ્ક્રીનિંગ કરવાની માંગ કરી હતી.

કોંગ્રેસના ધારાસભ્યના સુચનનો જવાબ આપતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે મોલ અને થીયેટર્સ બંધ કરીને કોરોના વાયરસથી લોકોમાં કોઈ ફફડાટ ફેલાવવાની જરૂર નથી. ચીનમાં ફક્ત પાંચથી છ શહેરો જે સૌથી વધુ પ્રભાવિત છે ત્યાં જ બધુ બંધ કરવામાં આવ્યું છે અને અન્ય સ્થળે જનજીવન સામાન્ય છે. પ્રવર્તમાન તબક્કે રાજયમાં કોઈ જ ગભરાટ ઊભો કરવાની જરૂર નથી. રાજય સરકાર કોરોના વાયરસ સામે લડવાની તમામ પગલાંઓ લઈ રહી છે.

કેન્દ્રની માર્ગદર્શિકા મુજબ અમદાવાદ તેમજ સુરત એરપોર્ટ પર આંતરાષ્ટ્રીય પેસેન્જર્સનું સ્ક્રીનિંગ થઈ રહ્યું છે. આ ઉપરાંત લક્ઝરી હોટેલમાં રહેતા વિદેશી પર્યટકોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે તેમ આરોગ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું.

નીતિન પટેલે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, 'ગુજરાતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસનો એકપણ કેસ નોંધાયો નથી. તમામ પ૬ લોકોના સેમ્પલ નેગેટિવ આવ્યા છે જે રાહતની વાત છે. બહારના દેશમાંથી આવેલા ૨,૨૦૦ જેટલા લોકોનું સ્ક્રીનિંગ પણ કરાયું છે. ગુજરાતના દરિયાકાંઠે પપ જહાજની પણ તપાસ કરવામાં આવી છે જેમાં ૨,૩૦૦ લોકો જે પૈકી મોટાભાગના ક્રુ સભ્યો છે તેમની પણ ચકાસણી કરવામાં આવી છે. તકેદારી માટે રાજય સરકારે પ૭૬ આઈસોલેશન પથારી અને ૨૦૪ વેન્ટિલેટર્સની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

શબ્દોના બાણ છે ઘાતક, જેના થકી કોઈના દિલમાં ઉતરી જવાય ને કોઈના દિલમાંથી પણ ઉતરી જવાય

જિંદગી ખરેખર ખૂબ જ સુંદર છે. કુદરતે દરેક વ્યક્તિને સુમધુર અને સરખું જીવન આપ્યું છે, દરેક વ્યક્તિને સમાન અંગો, મગજ, બુદ્ધિ અને દુનિયા આપી છે, તેના દરબારમાં ક્યાંયે અન્યાય નથી. પરંતુ વ્યક્તિ દુનિયામાં આવીને કુદરત વિરુદ્ધ ઘણા કામ કરે છે, જે ખુદ કુદરતની નજરમાં પણ યોગ્ય નથી હોતા. આજે આપણે કુદરતે આપેલી સૌથી મૂલ્યવાન અને જીવનમાં ખૂબ ઉપયોગી હોય તેવી વાણીની વાત કરીશું. શબ્દો એ પ્રત્યાયનનું મહત્વનું માધ્યમ છે. જયારે આપણે કોઈ વ્યક્તિ સાથે વાત કરતા હોઈએ ત્યારે આપણા શબ્દોથી આપણું વ્યક્તિત્વ નક્કી થાય છે. આપણે શું બોલીએ છીએ, આપણી ભાષા કેવી છે, આપણે કેવા શબ્દોનો ઉપયોગ કરીએ છીએ, બોલતી વખતે આપણા શબ્દોના હાવ ભાવ કેવા છે તે દરેક વસ્તુની સામેવાળા પર સીધી અસર પડે છે. હા ક્યારેક એવું બની શકે કે આપણો કેવાનો ભાવાર્થ સારો હોય, પરંતુ શબ્દો આપણા યોગ્ય ના હોય તો પણ વ્યક્તિને દુઃખ થઈ શકે છે અને તેની નજરમાં આપણી છાપ ખરાબ પડે છે. કોઈકએ ખૂબ સરસ કહ્યું છે કે, વાણીમાં ખૂબ જ મધુરતા હોવી જોઈએ, જે મનને ખૂબ પ્રસન્ન કરે અને બીજાને તો શબ્દો સાંભળીને ખુશી થાય જ પરંતુ પોતાને પણ ખૂબ જ ખુશી થાય એ પણ પોતાના શબ્દો થકી. મિત્રો જીવન ખૂબ જ મધુર છે, પરંતુ ચોક્કસ નથી. ક્યારેય જીવનમાં કઈ પણ થાય તે નક્કી ના કહી શકાય,જ્યાં સુધી ઈશ્વર જીવાડે ત્યાં સુધી ક્યારેક આપણા શબ્દો થકી કોઈ ને દુઃખ થાય તેવું વર્તન અને શબ્દો આપણા ના હોવા જોઈએ. સારા શબ્દોથી ઘણા બધા ફાયદા જીવનમાં થાય છે, જેમ કે દરેકના દિલમાં આપણે રાજ કરી શકીએ છીએ અને ભગવાને જીવન બનાવ્યું છે. ક્યારેક તો આપણને એક બીજાની જરૂર તો પડે જ છે. આપણો વ્યવહાર દરેક જોડે યોગ્ય હોય તો વ્યક્તિ ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં કોઈ પણ વ્યક્તિ આપણો સહારો બની શકે છે. બીજાની નજરમાં અલગ જ વ્યક્તિત્વ આપણું દેખાય છે અને ચાર જગ્યાએ આપણી પ્રશંસા થાય છે. ઘર,કુટુંબ, સમાજ અને રાષ્ટમાં આપણી અલગ તસવીર બંને છે. આપણી પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકેની છબી આપણા સામાજિક અને આર્થિક બન્ને પાસાઓ માટે ખૂબ જ ઉપયોગી બંને છે. ફક્ત બે સારા શબ્દોથી કોઈના મુખ પર આપણે ખુશી લાવી શકતા હોય તો એનાથી વિશેષ જિંદગીમાં શું જોઈએ? પરંતુ કડવા શબ્દો આપણી છાપ તો ખરાબ પાડે જ છે. એનાથી અધિક આપણી પ્રતિષ્ઠાને પણ નુકશાન પહોચે છે. આપણા સબંધો ધીમે ધીમે લોકો જોડે બગડવા લાગે છે અને આપણે લોકો જોડે યોગ્ય રીતે સમાયોજન સાધી શકતા નથી. કહેવાય છે કે વ્યક્તિની તનની સુંદરતા તેના સુંદર મુખ પર ઉપસી આવે છે. પરંતુ મનની સુંદરતા તે બોલે પછી જ થાય છે. તેથી જ કહેવાય છે કે શબ્દો મહામૂલી સપંત્તિ છે અને તેનો ઉપયોગ સમજી વિચારીને કરવો જોઈએ. અન્યથા ખોટ પડશે તે નક્કી છે. છોડેલા બાણ ક્યારેય પાછા લઈ શકાતા નથી, તે ખૂબ જ ઊંડે સુધી પહોંચીને વ્યક્તિને ઘાયલ કરે છે. તેવી જ રીતે શબ્દોના બાણ તો તેના કરતા પણ વધુ ખતરનાક હોય છે. તે વ્યક્તિના સમગ્ર અસ્તિત્વને હચમચાવી દે છે. કોઈના બોલેલા શબ્દોને અવગણી તો શકાય છે, પરંતુ ભૂલી શકાતા નથી. તેથી જ કહેવાય છે કે બોલવું તો પણ માપીને. જેમ જેવું તેવું ખવાય નહી તેમ જેમ તેમ બોલાય પણ નહી. ખરાબ જમેલુ જેમ શરીરને નુકશાન કરે છે, તેમ ખરાબ બોલેલુ સમગ્ર વ્યક્તિત્વને ઠેસ પહોંચાડે છે. તેથી જ વાણી અને વર્તન બન્નેમાં મધ જેવી મધુરતા રાખવી જોઈએ.



"કલ્પના ના સૂર"
સુચિતા ભટ્ટ
અમદાવાદ
POET WRITER THINKER COLUMNIST

બેવરેજીસ કંપની સાથે ૧૦૦ કરોડની છેતરપિંડી આચરનાર ભેજાબાજ ઝડપાયો

વડોદરા

સાવલી તાલુકાના મંજુસર જીઆઈડીસીમાં આવેલી મનપસંદ બેવરેજીસ લિમિટેડ કંપની સાથે રૂપિયા ૧૦૦ કરોડની છેતરપિંડી કરનાર ભેજાબાજની વડોદરા જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી છે. ભેજાબાજે કંપનીના સત્તાવાળાઓને રૂપિયા ૧૦૦ કરોડની લોન અપાવવાના બહાને છેતરપિંડી કરી હતી.

મંજુસર જી.આઈ.ડી.સી.માં આવેલી મનપસંદ બેવરેજીસ કંપની આર્થિકભીંસમાં હતી. ત્યારે ભેજાબાજ પવન પરસોત્તમભાઇ રાઠી (રહે. એફ-૪૦૪, શિખર એપાર્ટમેન્ટ, ગોરવા, વડોદરા) અને તેના સાગરીતોએ કંપનીના માલિકોને મોટી-મોટી વાતો કરીને ફિનક્વિસ્ત ફાઇનાન્સિયલ સોલ્યુશન પ્રાઇવેટ લિમિટેડમાંથી રૂપિયા ૧૦૦ કરોડની બેંકમાંથી લોન અપાવવાનું જણાવીને તબક્કાવાર તેઓ પાસે નાણાં પડાવી રૂપિયા ૧૦૦ કરોડની છેતરપિંડી કરી હતી.

દરમિયાન લોન અપાવવાના નામે રૂપિયા ૧૦૦ કરોડની છેતરપિંડી કરનાર પવન રાઠી સહિત તેઓના સાત સાગરીતો સામે ભાદરવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. ૪ માસ પૂર્વે ફરિયાદ નોંધાયા બાદ ભેજાબાજ પવન રાઠી ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. વડોદરા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા તેની ધરપકડ કરવા માટે તેના ઘરે તેમજ તેના અન્ય આશ્રયસ્થાનો પર તપાસ કરી હતી. પરંતુ, તે મળી આવ્યો ન હતો.

ક્લાઈમેન્ટ ચેન્જ ઈફેક્ટ: છેલ્લા ૧૦ વર્ષમાં ચાલુ વર્ષના માર્ચમાં સૌથી નીચુ તાપમાન

ગાંધીનગર

રાજસ્થાન પર સાક્લોનિક સરક્યુલેશન સક્રિય થઇ રહ્યું છે. જેની અસર ગુજરાતનાં વાતાવરણ પર જોવા મળી રહી છે. વાદળછાયા વાતાવરણ સાથે થતો કમોસમી વરસાદ ખેડૂતોની ચિંતા વધારી રહ્યો છે. બીજી બાજુ વાદળછાયા વાતાવરણનાં કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. નોંધનીય છે કે, છેલ્લા ૧૦ વર્ષના માર્ચ મહિનામાં જે તાપમાન નોંધાયુ છે તેમાં સૌથી નીચું તાપમાન ચાલુ વર્ષે માર્ચ મહિનામાં નોંધાયુ છે.

છેલ્લા ૧૦ વર્ષમાં અમદાવાદ શહેરમાં માર્ચ મહિનામાં ૩૯થી ૪૩ ડિગ્રી વચ્ચે તાપમાન નોધાયું છે. પરંતુ ચાલુ વર્ષે ઉનાળામાં શરુઆત બાદ પણ અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૨.૩ ડિગ્રી નોંધાયું છે જે છેલ્લા ૧૦ વર્ષનાં લઘુત્તમ તાપમાનમાં સૌથી નીચું છે. હવામાન વિભાગે આ મહિનાનાં અંત સુધીમાં તાપમાન વધે તેવી સંભાવના વ્યક્ત કરી છે.

ક્લાઈમેન્ટ ચેન્જની અસર ઋતુઓ પર જોવા મળી રહી છે. એટલે કે ૨૦૧૯નું ચોમાસુ પણ પહેલા ખેંચાયુ અને પછી નવેમ્બર સુધી વરસાદ થયો અને અતિવૃષ્ટી અને કમોસમી વરસાદનાં કારણે ખેડૂતોને મોટું નુકસાન થયું છે. તો ચાલુ વર્ષે ઉનાળાની શરુઆતમાં વારંવાર વાતાવરણમાં પલટો આવી રહ્યો છે. વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ઉનાળામાં એવા ઠંડા પવન ફૂંકાય રહ્યા છે જેના કારણે શિયાળાની ગુલાબી ઠંડી હોય તેવો અહેસાસ થય રહ્યો છે. પરંતુ આ ઠંડક ખેડુતો માટે ચિંતા લાવે છે. જોકે, હવે ઋતુઓનો પણ કોઈ સમય રહ્યો નથી. ઋતુઓ બદલે ત્યારે શરુઆતમાં એક દિવસમાં બે ઋતુઓનો અહેસાસ થાય છે. પરંતુ હવે તો એક દિવસમાં ત્રણે ત્રણ ઋતુઓ જોવા મળી જાય છે. સવારે ઠંડી, બપોરે ગરમી અને સાંજે કમોસમી વરસાદ પડે છે.

કાવ્ય અભિવ્યક્તિ



સંકલનઃ નીલકંઠ વાસુકિયા
મો નંબરઃ- 9824856247

તુ ઉંબાળૂ કરી તાપણું કરીશ તો ક્યાં થી મજા આવશે?
બીજાના હક નું આપણું કરીશ તો ક્યાં થી મજા આવશે?
એક શેર એનો તો એક શેર તેનો એમ મારી મચેડીને
તું આખો મિસરો પૂરો કરીશ તો ક્યાં થી મજા આવશે?
આગ લાગી છે ક્યારનીય અહી તો સૌના આયખા માં
તું એક ખોબો જ પાણી ધરીશ તો ક્યાં થી મજા આવશે?
હાથ લંબાવ્યો તો છેલ્લે મે, છતા પણ તમે જોઈ ન શક્યા.
હવે અફસોસ મા ઉભો રહીશ, તો ક્યાં થી મજા આવશે?
પીરસાય છે 'સાહીલ' ગઝલો નઝમ રોજ કોઈ યાદ માં
તું જ છેલ્લે આવી દાદ ભરીશ તો ક્યાં થી મજા આવશે?

- વિજય ગોહેલ "સાહીલ"

•

હોય છે નાદાન દીકરી,
સ્નેહ નું સન્માન દીકરી.
આંગળી ઝાલી લઈને,
જિંદગી કરે ધનવાન દીકરી.
કિંમતી લ્હાણી મટી ને,
થાય ઘરનો સામાન દીકરી.
કોઈ દેવાલય બનીને,
આપે ગીતાજ્ઞાન દીકરી.
કોણ તું છે કોણ હું છું?
કરાવે આત્મજ્ઞાન દીકરી.
એકલી જગથી લડી લે.
બાપનું અભિમાન દીકરી.

- ભૂમિ પંડ્યા (રાજુલા)

•

ચડ્યો હતો ! એવોજ ઉતરી ગયો,
રંગ જ તો હતો રંગ બતાવી ગયો !
કરી મનમાની કામ એવું કરી ગયો,
બનાવી મુખોટો સૌને ડઘાવી ગયો !
સાચા જૂઠાનો ભેદ પારખવો કેમ ?
હસતો રહી પોતે સૌને રડાવી ગયો !
સાથ આપ્યો સમયે ને એ રમી ગયો,
અકારણ રમતમાં મને ફસાવી ગયો !
થતાં રાત આખરે એ ઓસરી ગયો !
હારી અસિત્વ પાણી પાણી થઇ ગયો.

- મિલન લાડ. "મન " વલસાડ

•

વાત વાતમાં ફાયદા અને નુકસાનની તું વાત ન કર.
સાવ કંગાળ અને વળી લાચાર તારી તું જાત ન કર.
જીવી લે મોજથી અને પતંગિયાની જેમ હળવાશથી.
ગણતરી નકામી છોડ, નાહકની હવે તું ચંચૂપાત ન કર.
કેટલું મેળવ્યું અને કેટલું ગુમાવ્યું છોડ આ લમણા ઝીક.
તારીજ જાત પર નકામી વારંવાર આમ તું ઘાત ન કર.
બીજાના જીવનમાં પણ ભરી દઈએ ખુશીની થોડી પળ.
નાની-નાની તકલીફમાં હર ઘડી ભેગી તું નાત ન કર.
વીતી ગયેલા સમયને યાદ કરી નાહક દુઃખી થવાશે.
વર્તમાનને વધાવી લે,દુઃખ સાથે ફરી તું મુલાકાત ન કર.

- કુસુમ કુંડારિયા, જૂનાગઢ

•

ભીતરે આ કેમ અગ્નિ ભડકાય છે,
છે વર્ષો જૂનો પણ આજ બહું દઝાય છે.
એકંદરે તો જે થયું તે સારું જ થયું,
બાકી શિયાળા સિવાય ક્યાં તપાય છે.
શબ્દ ચિનગારી બની જો બાળ્યા કરે,
તો જવું ક્યાં એ જ ક્યાં સમજાય છે.
વિકૃતિ આકૃતિ ને પ્રકૃતિ ત્રણ આયામ,
જીવને ક્યાં અટકવું એ ક્યાં કહેવાય છે.
ચિંતાનો અનલ ચિત્તા સુધી પહોંચ્યો પણ
આરામ નો એ આનંદ ક્યાં અનુભવાય છે.
કોઈ ઋતુ નો ઉમળકો હવે રહ્યો નથી,
શાંતિ કે સંતોષ ના સ્વપ્ન ક્યાં દેખાય છે.
આખરી મુકામ નો ગજબ વલોપાત છે,
થાય કૃપા તો જપયજ્ઞ ક્યાં ઓલવાય છે.

- ફાલ્ગુની વસાવડા, ભાવનગર

•

આવ તો ચાલશે, જાય તો ચાલશે.
દિ' નહીં તો ભલે, સાંજ પણ ચાલશે.
વાસ વીના ભલે, ફૂલ થી ચાલશે.
હેત, વિશ્વાસમાં, ભૂલ પણ ચાલશે.
આમ સંસાર રથ, સમજણે ચાલશે.


- કાવ્યાલ્પ, અલ્પા વસા

•

હું તો છું માટીનો માણસ, અંતિમ ક્ષણે તો માટીમાં જ મળવાનો.
પ્રયત્ન છે જીવનસફરના પ્રત્યેક પગલે પરમાત્માને પામવાનો.
નિર્ધાર કર્યો, માટીમાં મળતાં પહેલાં સાચા માણસ બનવાનો.
સફરમારગ મારો પાંચ પગલાનો, મારા પરમાત્માને પામવાનો.
પ્રથમ પગલે ડરને ભગાડીને, નીડરતાથી જીવનમાં ચાલવાનો.
દ્વિતીય પગલે મોહને મીટાવીને, પ્રેમભાવથી જીવન મહેકાવવાનો.
તૃતીય પગલે ઈર્ષામુક્ત થઈને, સ્નેહની ધારા છલકાવવાનો.
ચતુર્થ પગલે ક્રોધને શમાવીને, વેરનું નામોનિશાન ન રાખવાનો.
પંચમ પગલે ગર્વને ઓગાળીને નમ્રતાથી વ્યવહાર નિભાવવાનો.
સંયમ, ભક્તિ, શ્રદ્ધા અપનાવીને,મારી મંજિલને દિવ્ય બનાવવાનો.
પ્રેમથી જીવી લઉં સહુની સંગાથે, છોડી જાઉં ખજાનો સંભારણાંનો,
ભૂલચૂક થઈ હોય, માફી ચાહીને શિરસ્તો નિભાવું ક્ષમાપનાનો.
હું તો છું માટીનો માણસ, અંતિમ ક્ષણે તો માટીમાં જ મળવાનો.

- ચેતના ગણાત્રા 'ચેતુ' મુંબઈ

•



ગોંડલ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગેરકાનૂની પ્રવૃતિઓનો વ્યાપ ખૂબ વધ્યો હોય કોઈ જાગૃત નાગરિક દ્વારા પોલીસની આંખ ખોલવા બેનરો મૂકવામાં આવ્યા છે. દારૂ, જુગાર, વરલી, મટકા અને પાઉડરનો વેપાર કરતા તત્વોના નામ સરનામાનો બેનરમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ગુંદાળા ચોકડી, જેલચોક, વોરા કોટડા રોડ સહિત વિવિધ વિસ્તારોમાં બોર્ડ બેનર મુકવામાં આવતા શહેરમાં ચર્ચાનો વિષય બની જવા પામ્યો છે. આ બોર્ડ બેનરો હાલ સોશિયલ મીડિયામાં પણ વાઈરલ થયા છે. જિલ્લા પોલીસ વડા આ અંગે તાકીદે યોગ્ય કાર્યવાહી કરશે કે કેમ ? તે અંગે પણ લોકોમાં અનુમાનો થવા લાગ્યા છે.

રાજ્યસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ તૂટશે? અમે કોંગ્રેસને ગણતાં જ નથી, કોંગ્રેસ અંદરોઅંદરની લડાઈમાં હોમાઈ ગઈઃ રૂપાણી

ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજ્યસભાની ચૂંટણી પહેલા ગુજરાતમાં કોંગ્રેસ તૂટવાના નિવેદનથી રાજકારણ ગરમાયુ છે. વિજય રૂપાણીના નિવેદન બાદ કોંગ્રેસ લાલઘુમ થઈ હતી અને પલટવાર કર્યો હતો. કોંગ્રેસના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ પલટવાર કરતા કહ્યો કે, જનતાને પણ મુખ્યમંત્રી પર વિશ્વાસ રહ્યો નથી.

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું, "કોંગ્રેસમાં નેતૃત્વ પરિવર્તનની જરૂર છે, અમે તો તેમણે ગણકારતા નથી, બધા જાણે છે ગુજરાતમાં શું હાલત છે, ગુજરાતની નેતાગીરી બદલવા માટે આંતરિક બધુ ચાલી રહ્યું છે.તેમાં મારે કઈ કહેવાની જરૂર નથી.

રુપાણીને કોઈ મુખ્યમંત્રી ગણે છે કે નહીં તે ગુજરાતની જનતાને પૂછોઃ કોંગ્રેસ

વિજય રૂપાણીના કોંગ્રેસમાં આંતરીક વિખવાદના નિવેદન પર કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ પલટવાર કર્યો હતો.અમિત ચાવડાએ પલટવાર કરતા કહ્યું, રાજ્યસભાની ચૂંટણી પહેલા વિજય રૂપાણીને ટેન્શન છે, રાત્રે ઉંઘ નહી આવી હોય એટલે સવારે ઉઠીને આવુ નિવેદન કર્યુ હોય તેમ લાગે છે.

અમિત ચાવડાએ કહ્યું, "ગુજરાતની જનતાને પણ પૂછવામાં આવે, સરકારમાં બેઠેલા મંત્રીથી અધિકારીઓને પણ પૂછવામાં આવે, અડધી સરકાર કોણ ચલાવે છે તે બધા જાણે છે, ક્યા રિમોટ કંટ્રોલથી દેશ ચાલે છે તે બધા જાણે છે, સરકારનો સારો વહીવટ કરો, અડધી પીચે રમીને ભ્રષ્ટાચાર નાબુદ કરો, ગુજરાતના ખેડૂતોની ચિંતા કરવાની જરૂર છે, રાજકોટમાં ગાંધીજીએ સ્થાપેલી શાળામાં દારૂ પકડાય તેની ચિંતા કરવાની જરૂર છે.

વિજયભાઈ અમારા મુખ્યમંત્રી છે અને રહેવાના છેઃ પ્રદિપસિંહનો કોંગ્રેસને જવાબ

અમિત ચાવડાનાં નિવેદન પર આજે ગૃહમાં ગૃહમંત્રી પ્રદિપ જાડેજાએ સણસણતો જવાબ આપ્યો છે. તેમણે કહ્યું છે કે, પ્રદીપ સિંહે ગૃહમાં જવાબ આપતા પહેલા કોગ્રેસનાં ધારાસભ્યો અને અમિત ચાવડાને આડે હાથે લીધા હતા. મધ્યપ્રદેશમાં કોગ્રેસના કાંકરા ખરવા માંડ્યા છે. વીરજીભાઈ નિતીનભાઈ માટે કહેતા હતા ને? પણ અમારે ત્યાંથી નેતા તો શું સામાન્ય કાર્યકર પણ ક્યાંય જશે નહીં. તમારી બેઠકમાં નેતા ને બદલવા માટે કેટલા ધુમાડા થાય છે એની ગામ આખાને ખબર છે. તમારામાંથી કેટલા નેતા બોર્ડર પર બેઠા છે એ તો સમય આવે જ ખબર પડશે. હુ ડંકાની ચોટ પર કહું છુ કે, વિજય ભાઈ અમારા મુખ્યમંત્રી છે અને રહેવાના છે.

ગણિતનું પેપર અઘરુ પૂછાતા વિદ્યાર્થીઓમાં ભારે નિરાશા

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓ ચાલી રહી છે. આજે બુધવારે ધોરણ ૧૦માં ત્રીજુ પેપર ગણિતનું પેપર પૂર્ણ થયું છે. ગણિતનું પેપર અઘરું પૂછાતા વિદ્યાર્થીઓ ભારે નિરાશ થયા હતા. ગણિતના પેપરમાં ૮૦માંથી ૨૦ માર્કસના પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પૂછવામાં આવ્યા હતા. A,B,C સેક્શનમાંથી B સેક્શન અને C સેક્શન ખૂબજ અઘરું લાગ્યું હતું. ગણિતના પેપરમાં વેલ્યુઝ અને દાખલા ટ્વિસ્ટ કરીને પૂછવામાં આવ્યા હતાં. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે ગણિતનું પેપર ખૂબ જ અટપટું પૂછ્યું હતું. આ વર્ષે NCERT(નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ) કોર્સ અમલમાં આવ્યો છે અને પ્રથમ વખત NCERT છે તો પેપર પ્રમાણમાં સરળ હશે. જો કે પેપર અઘરું પુછાયું હતું. પેપર સ્ટાઈલ જે હતી તેનાથી અલગ પૂછાયું હતું.

મોબાઈલ પર વાત કરતો યુવક નદીમાં ખાબકતા ગુમઃ પરિવાર ચિંતાતુર

મોડાસા

ધુળેટીના દિવસે મોડાસાના વણિયાદ-કોકાપુર નજીકથી પસાર થતી માજુમ નદીના પુલ પર મોબાઈલ પર વાત કરતો યુવક નદીમાં ખાબકતા ભારે ચકચાર મચી હતી. યુવકને ડૂબવાની ઘટનાને ૧૮ કલાકથી વધુનો સમય વીતવા છતાં પાણીમાં ગરકાવ યુવક મળી ન આવતા પરિવારજનોમાં ભારે ચિંતા સાથે શોકમાં ગરકાવ થઈ ગયા હતા.

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના વણિયાદ-કોકાપુર ગામ નજીકથી પસાર થતી માજુમ નદીના પુલની દીવાલ નજીક ઉભો રહી કોકાપુર ગામનો કલ્પેશ રમણભાઈ પરમાર (ઉ.વર્ષ-૨૮) નામનો યુવક મોબાઈલ પર વાતચીત કરી રહ્યો હતો. અચાનક શરીરનું સંતુલન ગુમાવતા પુલ પરથી નદીમાં ખાબકતા આજુબાજુ થી લોકો દોડી આવ્યા હતા. સ્થાનિક તરવૈયા બચાવે તે પહેલા પાણીમાં ગરકાવ થઈ જતા યુવકના પરિવારજનો અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ધુળેટી પર્વના દિવસે યુવક નદીમાં ડૂબી જતા જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરેમેન રેવાભાઈ ભાંભી પણ દોડી આવ્યા હતા અને વહીવટી તંત્રને જાણ કરતા યુવકને શોધખોળ કરવા ગાંધીનગરથી એનડીઆરએફની ટીમ પણ બોલાવી લીધી હતી. યુવકને ડૂબવાની ઘટનાને ૧૮ કલાકથી વધુનો સમય વીતવા છતાં પાણીમાં ગરકાવ યુવક મળી ન આવતા પરિવારજનોમાં ભારે ચિંતા સાથે શોકમાં ગરકાવ થઈ ગયા હતા.

મહિધરપુરાની હીરાની પેઢી હર્ષલ ડાયમંડ સાથે ૨.૪૯ કરોડની ઠગાઈ

બેંગ્લોરના વેપારીએ પેમેન્ટને બદલે ધમકી આપતા ફરિયાદ

સુરત

મહિધરપુરા હીરાબજાર જદા ખાડીમાં હર્ષલ ડાયમંડના નામથી વેપાર કરતા હીરા વેપારી પાસેથી બેંગ્લોરના વેપારીએ વિશ્વાસ કેળવી રૂપિયા ૨.૫૪ કરોડની કિંમતનો હીરાનો માલ ખરીદી બાકી પેમેન્ટ રૂપિયા ૨.૪૯ કરોડ ચૂકવવાને બદલે થાય તે કરી લેવાની અને ઉઘરાણી કરશે તો જાન ગુમાવવો પડશેની ધમકી આપી હતી.

ડીસીબી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાર્લે પોઈન્ટ પ્રસ્થાન એપાર્ટમેન્ટમાં રહેતા અને મહિધરપુરા હીરાબજારમાં હર્ષલ ડાયમંડના નામથી વેપાર કરતા નિતેશકુમાર પુનમચંદ શાહે આરોપી પ્રવિણ ઉર્ફે પપ્પુ ઉર્ફે ભાવિન શાહ, બાબુ લાલજી જૈન (રહે. નગરપેટ, ધર્માસ્વામી ટેમ્પલની બાજુમાં બેંગ્લોર) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદી સાથે વેપાર કરી સમયસર પેમેન્ટ ચૂકવી દઈ વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ ફરિયાદી પાસેથી કુલ રૂા.૨,૫૪,૨૬,૬૪૮ની કિંમતના તૈયાર હીરા કુરિયર મારફતે મંગાવી માત્ર રૂપિયા ૪.૫૦ લાખ ચૂકવી બાકીના રૂપિયાની ઉઘરાણી કરતા આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ડીસીબી પોલીસે ફરિયાદ નોંધી પો.ઈ. ઝેડ એન.ધાસુરાએ તપાસ હાથ ધરી છે.

વિજવાયર તૂટતા સોર્ટ સર્કિટથી જાડીઓમાં આગ લાગી

અંકલેશ્વરમાં બાઈક થાંભલા સાથે અથડાતા આગ ભડકી

અંકલેશ્વર

અંકલેશ્વર દીવા રોડ પર ધુળેટીના દિવસે બાઈક સવાર વિજથાંભલા સાથે અથડાતાં તેને ઈજાઓ પહોંચી હતી. સાથે જ જીવંત વીજવાયર તૂટી પડતાં આસપાસની ઝાડીમાં આગ લાગી હતી.

મળતી માહિતી અનુસાર અંકલેશ્વરના દિવા રોડ પર ધૂળેટીના બપોરના સમયે એક બાઈક સવાર અંકલેશ્વરના દિવા રોડ ઉપર પોતાના કામના અર્થે પસાર થઈ રહ્યો હતો. તે સમયે અચાનક બાઈક સવારે બાઈક ઉપરનો કાબૂ ગુમાવતાં વીજ થાંભલા સાથે ટકરાયો હતો. બાઈક ચાલકે વીજ થાંભલાને ટક્કર મારતા વીજપોલ ધરાશાયી થઈ ગયો હતો. અકસ્માતને કારણે બાઈક ચાલકને નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માત દરમ્યાન થાંભલા ઉપરથી જીવંત વીજ વાયર નીચે પડતા રોડની સાઈડમાં ઝાડીઓમાં આગ લાગી હતી. ઘટના બાદ લોક ટોળું ઘટના સ્થળે ભેગું થઈ ગયું હતું.

ઉમરાના અસરગ્રસ્તો સાથે સમાધાન થતા પાલ-ઉમરા બ્રીજનું કોકડું ઉકેલાયું

હાઈકોર્ટની મધ્યસ્થીમાં વિવાદ ઉકેલાતા ઉમરા-પાલ બ્રીજ હવે ઝડપથી સાકાર થશે

સુરત

પાલ-ઉમરા બ્રીજનાં કામે ઉમરા ગામની જરૂરી જમીન તથા મિલ્કતો સુરત મહાનગરપાલિકા ને સુપ્રત કરવા સામે મિલ્કતદારો દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એપ્લી. નં.૧૭૦૦૬/૨૦૧૬ તથા ૧૭૫૬૯/૨૦૧૬ થી દાવા પ્રકરણો કરવામાં આવેલ. સદરહું દાવા પ્રકરણોનો તાકીદે નિકાલ કરાવવા સુરત મહાનગર પાલિકા દ્વારા સઘન ફલોપઅપ કરવામાં આવી રહેલ છે. જે અન્વયે ગત તા.૦૯/૦૩/૨૦૨૦ ના રોજ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સુનાવણી રાખવામાં આવેલ હતી. જે સંદર્ભે સુરત મહાનગરપાલિકાના ઉપસ્થિત અધિકારીશ્રીની સીધી સુચના હેઠળ સુરત મહાનગરપાલિકાના એડવોકેટશ્રી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટને અસરગ્રસ્ત મિલકતોના મિલકતદારોની પસંદગી મુજબનો આપવા લાયક પ્લોટ તથા જમીનો સુરત મહાનગરપાલિકા તાકીદે તેઓને સુપ્રત કરી શકવાની સ્થિતિમાં હોવાની સ્પષ્ટતા પુરાવા સહિત કરેલ તથા મિલકતદારોની પૃચ્છા સંદર્ભે તેઓને ફાળવવા સુચવેલ જમીનમાં તેઓ તરફથી વિકાસ પરવાનગીના કામે અરજી કર્યેથી વિના વિલંબે તેમાં વિકાસ પરવાનગી પણ આપી શકાય તેમ હોવાની ખાતરી આપેલ છે. જેનાથી નામદાર ગુજરાત હાઈકોર્ટ સંપૂર્ણપણે સંતુષ્ટ થઈ મિલતદારોના એડવોકેટશ્રીને સુરત મહાનગરપાલિકા તરફથી દર્શાવવામાં આવેલી તૈયારી ખુબ જ ન્યાયપુર્ણ હોય, જે સ્વીકારી તાકીદે આ પ્રશ્નનો સમાધાનથી સુખદ ઉકેલ લાવવા નિર્દેશ કરેલ છે તથા આ મુજબનો બન્ને પક્ષોએ એગ્રીમેન્ટ તૈયાર કરી તા.૧૨/૦૩/૨૦૨૦ ના રોજ કોર્ટ સમક્ષ રજુ કરવા હુકમ કરેલ છે. આમ, સુરત મહાનગર પાલિકાના પ્રજાલક્ષી સકારાત્મક અભિગમના કારણે ઘણા લાંબા સમયથી મિલકતદારોના અસહકાર ભર્યા વલણને કારણે ગુંચવાયેલ જમીન પ્રાપ્તિના પ્રશ્નનો કાયદેસર ઉકેલ ટુંક સમયમાં જ આવી જશે. જેથી બી.આર.ટી.એસ. ફેઈઝ-૨ અંતર્ગતના પાલ–ઉમરા બ્રીજનું બાકી ફકત ૫% કામ હવે તાકીદે પૂર્ણ થશે તથા જેનો સીધો લાભ સમગ્ર સુરત શહેર તથા ખાસ કરીને રાંદેર અને અઠવા ઝોન વિસ્તારના આશરે દશેક લાખ લોકોને મળી શકશે.

ઝઘડાથી ફરિયાદમાં પાંડેસરા પોલીસે પકડેલા આરોપીનું કસ્ટડીમાં મોત

સુરત

પાંડેસરા પોલીસ સ્ટેશનથી ૧૦૮માં સુરત સિવિલ હોલ્ખિટલ લવાયેલા એક આરોપીને મૃત જાહેર કરાતા પરિવારમાં શોકની કાલીમાં છવાઈ ગઈ હતી. વિમલ યાદવને પાંડેસરા પોલીસ હાઉસીંગમાં થયેલા ઝઘડાની ફરિયાદ બાદ મંગળવારની રાત્રે ઉપાડી ગઈ હતી. શ્વાસની તકલીફથી પીડિત વિમલ આખી રાત બુમો પાડતો રહ્યો છતાં લોકઅપમાંથી તેને બહાર ન કાઢી સારવાર માટે નહીં મોકલતા વિમલ મોત ને ભેટ્યો હોવાનું પરિવારે આરોપ મૂક્યો છે. વિમલ એલીના નામની કંપનીમાં બાઈકની ચેઈન બનાવવાના વિભાગમાં કામ કરતો હતો.

વિનય યાદવ એ જણાવ્યું હતું કે, ભાઈ વિમલ મંગળવારની રાત્રે ધૂળેટી મનાવી ઘરે આવ્યો હતો. ત્યારે ઘર નજીક રહેતા રાજેશ નામના ઈસમ સાથે જૂની વાતને લઈ બોલાચાલી કરી ઝઘડો થયો હતો. ત્યારબાદ રાજેશે પાંડેસરા પોલીસને બોલાવી વિમલને પકડાવી દીધો હતો. સાંજે સાત અને આઠ વાગ્યાની વચ્ચે પાંડેસરા પોલીસ લોકઅપમાંથી શ્વાસની તકલીફથી પીડિત ભાઈ વિમલ બહાર કાઢો મારાથી શ્વાસ નથી લેવાતો એવું કહી બૂમો પાડતો રહ્યો તેમ છતાં પોલીસે તેને બહાર કાઢ્યો ન હતો. પોલીસ સ્ટેશન બહાર વિમલનો અવાજ સાંભળી તેઓ વારંવાર પોલીસને વિનંતી કરતા રહ્યા પણ પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ આખી વાતને મજાકમાં લેતા હોય એવો વ્યવહાર કર્યો હતો. આખી રાત પોલીસ સ્ટેશન બહાર બેસી રહ્યા પછી સવારે આઠ વાગે વિમલને લોકઅપમાંથી બહાર લાવતા મૃત થઈ ગયો હોવાનું જ લાગતું હતું. જેને લઈ પોલીસે ૧૦૮માં તાત્કાલિક સિવિલ મોકલી આપતા સિવિલ હોલ્ખિટલના ફરજ પર હાજર ડોક્ટરોએ વિમલને મૃત જાહેર કર્યો હતો. પોલીસની બેદરકારીથી વિમલનું મોત થયું હોવાનો પરિવારે આરોપ લગાવ્યો હતો. યાદવ પરિવાર મૂળ યુપીનું હોવાનું અને છેલ્લા ૩-૪ વર્ષથી સુરતમાં રોજગારી લઈ રહ્યા હોવાનું બહાર આવ્યું છે.

ડીસીપી વિધિ ચૌધરીએ જણાવ્યું હતું કે, કંટ્રોલમાં ફોન આવ્યો હતો કે, પાંડેસરા બાલાજી નગરમાં દારૂ પીને ધમાલ અને ઝઘડો કરી રહ્યા છે. જેથી પીસાઆરે રિસ્પોન્ડ કરી સ્પોટ પર પહોંચ્યા હતા અને વિમલ સહિત તમામને લઈને પોલીસ સ્ટેશન આવી હતી. ત્યારબાદ પ્રિવેન્ટીવ એક્શન લેવામાં આવ્યું હતું. દરમિયાન રાત્રે લોકઅપમાં હતા. વિમલને શ્વાસની બિમારી બાળપણથી હોવાની તેના પિતાએ જણાવ્યું હતું. સવારે શ્વાસની તકલીફ થતા લોકઅપમાંથી બહાર કાઢતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. મૃતકના ભાઈ દ્વારા જે આક્ષેપ કરવામાં આવ્યા છે તેના પર તપાસ કરવામાં આવશે. હાલ અકસ્માત મોતને ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. પોલીસ સ્ટેશનમાં કોઈની બેદરકારી સામે આવશે તો કાર્યવાહી કરાશે

અંકલેશ્વર નજીક હાઈ-વે પર ભંગારના ગોડાઉનમાં આગ

ધૂમાડાના ગોટે ગોટા નિકળતા સ્થાનિક લોકો ભયભીત

ભરૂચ

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે ઉપર આવેલા સ્ક્રેપ માર્કેટના ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. બનાવને પગલે આસપાસના લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી.

મળતી માહિતી અનુસાર, અંકલેશ્વર નજીકથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર ૮ ઉપર નવજીવન હોટલના પાછળના ભાગે આવેલા સ્ક્રેપ માર્કેટમાં એક ભંગારના ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ લાગવાની ઘટનાના પગલે આસપાસના લોકોમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે, આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. સમગ્ર બનાવની જાણ અંકલેશ્વર ફ્રેંસ્ઝ ફાયર વિભાગને થતાં તાત્કાલિક ફાયર ફાઈટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યાર બાદ બે જેટલા વોટર બાઉઝરની મદદથી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવવા કવાયત હાથ ધરવામાં આવી હતી. ભંગારના ગોડાઉનમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. નોંધનીય છે કે છેલ્લા છ મહિનામાં ભંગારના ગોડાઉનમાં આગ લાગવાની ૧૦થી વધુ ઘટના છે. ભંગાર માર્કેટમાં રીતે ગેરકાયદેસર રીતે જોખમી કચરા અને રસાયણોનો નિકાલ થાય છે આ માટે જવાબદાર તંત્ર હોય તો પોલીસ, ફેક્ટરી ઈન્સ્પેક્ટર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ છે, પરંતુ તંત્રો આ બાબતે કોઈ પગલાં લેતા નથી એ કડવી હકીકત છે.

બે બાઈક વચ્ચે જીવલેણ અકસ્માતઃ ત્રણ લોકોના મોત,બે ગંભીર

ભરૂચ

દહેજ નજીક કાસવા ગામ પાસે ગઈકાલે ધુળેટીનાં દિવસે બે બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં ત્રણ વ્યક્તિનાં મોત નીપજ્યાં છે. આ સાથે અન્ય બેને ગંભીર ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે ભરૂચ સિવિલ હૉસ્પિટલ લઈ જવામાં આવ્યાં હતાં. આ અકસ્માત જોતાની સાથે સ્થાનિકોનાં ટોળેટોળા ભેગા થયા હતાં. જેમને ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી હતી. જે બાદ સ્થાનિક પોલીસ અને ૧૦૮નો કાફલો થોડી જ મિનિટોમાં ત્યાં આવીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.





આ અકસ્માત અંગે ૧૦૮નાં કર્મચારી ખુશબુ રાણાએ જણાવ્યું કે, 'અમને ભરૂચ કાસવા અકસ્માતની માહિતી ગઈકાલે ૧૬.૦૮ કલાકે મળી હતી. જો બાદ ઝડપથી અમારી ભરૂચ અને દહેજની એમ્બ્યુલન્સ લઈને ત્યાં પહોંચ્યાં હતાં. ત્યાં જઈને જોયું તો બે ટુવ્હિલર વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ઈજાગ્રસ્તોના સારી સારવાર માટે અમે ભરૂચની સિવિલ હૉસ્પિટલમાં ખસેડ્યાં હતાં.

એક સાથે ચાર દુકાનોના તાળા તૂટતાં લોકોમાં રોષઃ પોલીસ પર ઉઠતા સવાલો

સુરત

સુરતના વરાછા વિસ્તારમાં જવેલર્સની દુકાનમાં લાખો રૂપિયાની ચોરી અને અન્ય એક જવેલર્સના ત્યાં ચોરીના પ્રયાસની ઘટના બાદ ફરી એકવાર તહેવાર ટાણે તસ્કરોએ હાથફેરો કર્યો હતો. એક સાથે ચાર દુકાનોના તાળા તૂટતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. આ સમગ્ર ઘટનામાં સીસીટીવી ફુટેજમાં એક ઈસમ કેદ થઈ ગયો હતો, બનાવ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરતના વરાછા વિસ્તારમાં હાલમાં જ થોડા દિવસ પહેલા લાખો રૂપિયાની ચોરીની ઘટના સામે આવી હતી, અને એ જ ઈસમે અન્ય એક જવેલર્સમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાઓમાં હજુ આરોપી પોલીસ પકડથી દુર છે. ત્યારે ફરી એકવાર વરાછા વિસ્તારમાં વધુ ચાર દુકાનનાં તાળાં તૂટતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. વરાછામાં સુદામા ચોક નજીકના ડોક્ટર હાઉસની ચાર દુકાનના તાળા તૂટ્યા હતા, જેમાં બેકરી, એક મેડિકલ સ્ટોર અને એક હોમ ડેકોરને તહેવાર ટાણે જ તસ્કરોએ નિશાન બનાવ્યા હતા. ધુળેટીના તહેવારને લઈ દુકાનો બંધ હોવાથી, તસ્કરોએ આ તકનો લાભ લઈ દુકાનનું તાળુ તોડી એક લાખથી વધુની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ધુળેટીની મોડી રાત્રે થયેલી ચોરીની ઘટના સીસીટીવી ફુટેજમાં કેદ થઈ ગઈ હતી. જેમાં દુકાનના શટર ઉંચા કરી ચોરી કરવા આવેલા ચાર શખ્સો પૈકી એક શખ્સનું મોઢું સીસીટીવીમાં સ્પષ્ટ દેખાય છે. આ બનાવ સંદર્ભે વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે આ શટર તોડ ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સુરતમાં રાષ્ટ્રીય કક્ષાના સરસ મેળાને ભવ્ય પ્રતિસાદઃ રવિવારે ૨૩ લાખનું વેચાણ

ચાર દિવસ દરમિયાન રૂ. ૬૦.૬૨ લાખની ચીજ વસ્તુઓનું વેચાણ થયું

સુરત

ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા નીચે જીવતા પરિવારો અને સ્વ-સહાયજુથ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના રાષ્ટ્રીયકક્ષાના 'રિજીયોનલ સરસ મેળામાં ચાર દિવસ દરમિયાન રૂા.૬૦.૬૨ લાખની ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું હતું.

અડાજણ ખાતે જ્યોતિન્દ્ર ગાર્ડનની બાજુમાં, મહાનગરપાલિકાના હનિપાર્ક ગ્રાઉન્ડ ખાતે યોજાયેલો મેળામાં રાષ્ટ્રીય સરસ મેળામાં વિવિધ રાજ્યોના ૪૦ સ્ટોલ તેમજ ગુજરાતના તમામ જિલ્લાઓના ૧૦૫ તથા સુરત મહાનગરપાલિકાના ૨૦ મળી કુલ ૧૭૫ જેટલા સ્ટોલ ઉભા કરીને વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેના ચાર દિવસ દરમિયાન લાખની ચીજવસ્તુનું વેચાણ બહેનો દ્વારા કરવામાં આવ્યું છે. રવિવારના રોજ સૌથી વધુ રૂા.૨૩ લાખનું વેચાણ થયું હતું. આમ તા.૧૨મી માર્ચ સુધી ચાલનારા મેળામાં શહેરીજનો હાથ બનાવટની ઉત્પાદિત કરાયેલી કલાત્મક વિવિધ ચીજવસ્તુઓના વેચાણ થકી પ્રોત્સાહિત કરવાનો અનેરો અવસર સાપડયો છે.

ગ્રામિણ મહિલાઓના આર્થિક સ્વાવલંબન માટેના આ મેળામાં મેળામાં ગુજરાતના ચણીયાચોલી, હરિયાણાની ટેરાકોટાની ચીજવસ્તુઓ, ઓરિસ્સાના હેન્ડલુમ, ત્રિપુરાની સિલ્ક સાડીઓ, આસામના વુડન પેઈન્ટીંગ, મધ્યપ્રદેશના સુતર પ્રોડકટ, પંજાબની ફુલકારી, બિહારનું મધુબની પેઈન્ટીંગ, ઉત્તરાખંડની જયુટબેગ, હિમાચલ પ્રદેશની હસ્તકલા અને ઉનની બનાવટો મળી ૧૭૫થી વધવુ સ્ટોલો દ્વારા વેચાણ કરવામાં આવી રહ્યું છે.

તા.૨૧મીએ નવસારી જિલ્લાની સંકલન બેઠક

નવસારી

નવસારી જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક તા.૨૧ મી માર્ચ-૨૦૨૦ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે જિલ્લા સેવા સદન, સભાખંડ, ત્રીજામાળે, કાલિયાવાડી, નવસારી ખાતે મળશે. જેની સંબંધકર્તા તમામે નોદ્વધ લઈ સમયસર ઉપસ્થિત રહેવા નિવાસી અધિક કલેકટર, નવસારીની યાદીમાં જણાવાયું છે.

આહવા, વઘણ અને સુબીરમાં મોડલ જન સેવા કેન્દ્રનો આરંભ

ગુજરાત પોર્ટલ સુવિધા ધરાવતો ડાંગ જિલ્લો ત્રીજા નંબરે

સુરત

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા (જિલ્લા સેવા સદન) ખાતે રાજ્યના વન અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી તેમજ ડાંગ પ્રભારી મંત્રીશ્રી રમણલાલ પાટકરના વરદ્ હસ્તે આજરોજ મોડેલ જનસેવા કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો.

સમગ્ર ગુજરાત રાજ્યમાં ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં મોડેલ જનસેવા કેન્દ્ર કાર્યરત છે. આજરોજ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આ મોડેલ જનસેવા કેન્દ્રને ખુલ્લુ મુકતા રાજ્યકક્ષાના વન અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતુ કે ડિજીટલ ગુજરાત પોર્ટલ ધરાવતો ડાંગ જિલ્લો ત્રીજો છે કે જ્યાં અરજદારો માટે સરકારશ્રીની કુલ ૧૯૮ સેવા ટોકન સિસ્ટમથી અમલી બની છે. સંપૂર્ણ પારદર્શક અને ડિજીટલ આ સેવા આહવા,વઘઇ અને સુબીર તાલુકામાં પણ આ સાથે શરૂ થઇ ગઇ છે. મંત્રીશ્રી પાટકરે અરજદારોને મળી સરકારની સેવામાં વધારો થયાનું જણાવ્યું હતું.

કલેકટર શ્રી એન.કે.ડામોરે જણાવ્યું હતું કે અરજદારોને કોઇપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે ૪૦ બેઠક વ્યવસ્થા, મફત ફોર્મ તેમજ ફોર્મ ભરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મોડેલ જન સેવા કેન્દ્ર ખાતે સરકારની નક્કી કરેલ સેવાઓ માટે ટોકન નંબર મુજબ કામગીરી કરવામાં આવશે.

મોડેલ જનસેવા કેન્દ્રના ઉદ્ઘાટન પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ બીબીબેન ચૌધરી,ધારાસભ્ય શ્રી મંગળભાઇ ગાવિત, માજી ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલ,માજી જિ.પંચાયત પ્રમુખ શ્રી બાબુરાવભાઇ ચૌર્યા, માજી સુબીર તાલુક પ્રમુખ રાજેશભાઇ ગામીત, મામલતદાર શ્રી ધવલ સંગાડા, પ્રતિક પટેલ,જેશભાઇ પટેલ સહિત જનસેવા કેન્દ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

મસાજ પાર્લર સંચાલકોએ વિગતો પોલીસમાં નોંધાવી દેવી

સુરત

શહેરના કેટલાક રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારોમાં સ્પા અને મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન, દેહ વ્યાપાર અને કેટલાક ગેરકાયદે કૃત્યોને ધ્યાને લઈ સૂરત શહેરના મદદનીશ પોલીસ કમિશનર શ્રી પી.એલ.ચૌધરીએ એક જાહેરનામા દ્વારા શહેર વિસ્તારમાં આવેલા પ્રત્યેક સ્પા અને મસાજ પાર્લરના સંચાલકોએ પોતાની તેમજ તેને ત્યાં કામ કરતા કર્મચારીઓની ફોટા સહિતની માહિતી પોલીસને અનિવાર્ય પણે આપવા માટે હુકમ કર્યો છે.

જાહેરનામા મુજબ સ્પા અને મસાજ પાર્લરના માલિકો અથવા સંચાલકોએ પોતાની નામ સરનામા અને મોબાઇલ નંબર, ફોટોગ્રાફ સહિતની તમામ વિગતો આપવાની રહેશે. આ ઉપરાંત મસાજ પાર્લરમાં કામ કરનારી પ્રત્યેક વ્યક્તિની વિગતો પણ ફોટાગ્રાફ સાથે આપવાની રહેશે. સ્પા કે મસાજ પાર્લરમાં બહારના રાજ્યની કોઇ વ્યક્તિ કામ કરતી હોય તો તેના વતનની વિગતો સાથે ઓળખના પુરાવા રજૂ કરવાના રહેશે. જો કોઇ વ્યક્તિ વિદેશી હોય તો તેના પાસપોર્ટની વિગતો પોલીસને આપવાની રહેશે.આ જાહેરનામું તા.૬/૦૫/૨૦૨૦ સુધી અમલી રહેશે.

તા.૨૪મીએ નવસારી શહેરનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

નવસારી

મામલતદાર નવસારી (શહેર)નો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪ મી માર્ચ-૨૦૨૦ ના રોજ મામલતદાર કચેરી(શહેર) નવસારી ખાતે ૧૧-૦૦ કલાકે યોજાશે. જે માટેની ફરિયાદ અરજી તા.૧૨/૦૩/૨૦૨૦ સુધીમાં 'ફરિયાદ નિવારણ કાર્યક્રમ માર્ચ-૨૦૨૦ દર્શાવી અરજી મામલતદારશ્રી, (શહેર) નવસારીને મોકલી આપવી. અરજીમાં કયા ખાતાને લગતી બાબત છે તે અવશ્ય દર્શાવવાનું રહેશે. એમ મામલતદાર નવસારી (શહેર) ઘ્વારા જણાવાયું છે.

રાજપીપળાની મધ્યમાં આવેલી રજવાડા સમયની કન્યા શાળાની હરાજી ટાણે વિવાદ : રાજપીપળાની અસ્મિતા જાળવવા પાલિકા સદસ્ય મેદાને

- જિલ્લા પંચાયત નર્મદા દ્વારા જર્જરિત આ ઈમારતની હરાજી ગોઠવતા પાલિકાના સભ્ય અને પૂર્વ પ્રમુખ મહેશ વસાવાએ વિરોધ નોંધાવ્યો
- જેને વિરોધ કરવો હોય એ કરે અમારી પાસે તમામ પુરાવા છે : બહાદુર વસાવા (જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ)







(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેર ની મધ્યમાં આવેલી રજવાડા સમયની કન્યાશાળા ની ઈમારત ઘણા વર્ષોથી જર્જરિત હાલતમાં છે ત્યારે ગ્રામજનો અને વાલીઓ પણ આ જર્જરિત ઈમારત છે ત્યાં નવી શાળા બનાવામાં આવે તેવી માંગ કરી રહ્યા હતા એક સમયે કન્યાશાળામાં ત્રણ શાળાઓ ચાલતી હતી અને હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા પરંતું આજે શિક્ષણ ની કથળેલી સ્થિતિ અને શાળાના ખસ્તા હાલ ને કારણે માંડ એક શાળા ચાલે છે.

આજે જિલ્લા પંચાયત નર્મદા દ્વારા આ જર્જરિત ઈમારત ની જાહેર હરાજી રાખવામાં આવી હતી,પરંતુ રાજપીપળા પાલિકા સદસ્ય અને પૂર્વ પ્રમુખ મહેશભાઈ વસાવાએ તેનો વિરોધ દર્શાવી જણાવ્યું હતું કે આ રજવાડા સમયની ઈમારત રાજપીપળાની શાન અને અસ્મિતા છે તેને તોડવા કરતા સમારકામ કરી તેને જાળવી રાખવી જોઈએ મોદી હોય,સોનિયા ગાંધી હોય કે બચ્ચન હોય બાંધકામ તોડવા કે બાંધવા નગરપાલિકાની પરમિશન લેવીજ પડે,જેતે સમયે જિલ્લા પંચાયત દ્વારા અધૂરી દરખાસ્ત હતી જેમાં શાળાનું બાંધકામ તોડવાની દરખાસ્ત ન હતી જેથી આ હરાજી ગેરકાયદેસર છે તેવા પણ તેમને આક્ષેપ કર્યા,ઉપરાંત આગામી સમયમાં નગરપાલિકાની સામાન્ય સભામાં પ્રમુખપદે અમે આ મુદ્દાને લઈશું અને જરૂર પડ્યે કોર્ટના દ્વાર પણ ખખડાવીશું

જ્યારે જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ અને બિટીપીના બહાદુરભાઈ વસાવાએ જણાવ્યું હતું કે આ કન્યાશાળા જિલ્લા પંચાયત હસ્તક છે અને મૂળ માલીક રાજવી પરિવારના શ્રી રઘુવીરસિંહ ગોહિલ છે પરિવાર દ્વારા આપાયેલી છે જેના સંબંધિત તમામ પુરાવા અમારી પાસે છે બિલ્ડીંગ જર્જરિત છે તેને ઉતારવી પડે તેમ છે અગાઉ પણ લોકો વિરોધ કરી ચુક્યા છે સમારકામ માટે મૌખિક વાતો કરતા હોય પરંતુ તે કરી શક્યા ન હોય ના છૂટકે અમે ત્રીજી વાર આ મકાન ઉતારવા હરાજી કરી છે શૈક્ષણીક હેતુ માટેજ અહીં નવી બિલ્ડીંગ બનશે અને દરેકને લાભ મળશે ઉપરાંત આ બિલ્ડીંગ પુરાતત્ત્વ માં આવતી નથી જેનો પત્ર પણ લીધેલો છે જેણે વિરોધ કરવો હોય તે કરે અમારી પાસે દરેક પુરાવા છે.ત્યારે હવે એ જોવું રહ્યું કે જર્જરિત શાળા તૂટશે કે વિરોધ થતા અગાઉની માફક અટકશે..?



રંગોના તહેવાર હોળીમાં વિવિધ પ્રકારના લાલ, પીળા, ગુલાબી, કેસરી રંગોથી એકબીજાને રંગતી યુવતીઓ તેમની મસ્તીમાં ખોવાયેલી તસવીરમાં નજરે ચડે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીને જળમાર્ગે જોવા ક્રુઝ બોટનું ટેસ્ટિંગ કરાયું,મોદી ક્રુઝ બોટ પ્રોજેકટનું લોકાર્પણ કરે એવી સંભાવના



ક્રુઝ બોટનું ટેસ્ટિંગ માટે નર્મદા નદીમાં ઉતારવામાં આવી જેને પગલે હાલ નર્મદા નદીમાં પાણી ભરવામાં આવી રહયું છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા બની ગયા બાદ હવે સ્ટેચ્યુ ઓફ લિબર્ટીમાં જે રીતે પ્રવાસીઓને બોટ દ્વારા લઈ જવાય છે એ રીતે હવે સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ જળ માર્ગે બતાવવામાં આવશે.જેના માટે શ્રેષ્ટ ભારત ભવનથી સ્ટેચ્યુ સુધીનો ૬ કિલો મીટરનો જળમાર્ગ રહેશે.જેમાં અત્યાધુનિક બોટ દ્વારા પ્રવાસીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટી બતાવાશે.આ બોટમાં પ્રવાસીઓ માટે જલપાનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.ક્રુઝ બોટમાં જવા માટે પ્રવાસીએ ૩૫૦ રૂપીયાનો ખર્ચ કરવો પડશે.આ બોટમાં સિક્યુરિટી કારણો ને લીધે સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. પ્રવાસીને તકલીફ ના પડે એ માટે લાઈફ જેકેટ પણ આ બોટમાં હશે, અને ગરમીમાં રાહત રહે તે માટે બોટમાં પંખાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની બાજુ સરકાર દ્વારા નવા આકર્ષણો ઉભા કરવામાં આવી રહ્યા છે.ત્યારે ૧૧માર્ચ ના રોજ ટેસ્ટિંગ માટે નર્મદા નદીમાં ક્રુઝ બોટ ઉતારવામાં આવી હતી.જેને પગલે સરદાર સરોવર નર્મદા ડેમના ટર્બાઈનોના ડિસ્ચાર્જ પાણીનો સંગ્રહ કરી નર્મદા નદીમાં પાણીનો સંગ્રહ કરાઈ રહ્યો છે.આજ કારણોસર ગોરા પુલના બંને છેડા ડૂબી જવા પામ્યા છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે ક્રુઝ બોટ પ્રોજેકટને લીધે જ ૮૦૦ મીટર લાંબા ગોરા બ્રિજના વચ્ચેના ભાગને તોડવાની કામગીરી સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા ૧ માર્ચ ૨૦૨૦ થી ચાલુ કરવામાં આવી હતી.૮૦૦ મીટરના આ પુલને વચ્ચેના ભાગેથી ૭૦ મીટર તોડી પડાયો છે.અને ગોરા પુલના બને છેડા ડૂબી જવા પામ્યા છે. જયારે પુલની વચ્ચે ૨ મોટી ગ્રીલ બનાવાઈ હોય ત્યાં થઈને ક્રુઝ બોટ જશે.

આગામી ૨૧ અને ૨૨ માર્ચે વડાપ્રધાન મોદી ગુજરાતની મુલાકાતે છે ત્યારે તેઓ કોઈ પણ એક દિવસ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવનાર હોવાની જાણકારી પ્રાપ્ત થઈ છે.તેઓ કેવડિયા ખાતે આવીને ક્રુઝ બોટનું લોકર્પણ કરશે એવી સંભાવનાઓ વ્યક્ત કરાઈ રહી છે.તંત્ર દ્વારા વડાપ્રધાનના આગમનની તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ છે એવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ઝગડિયા જીઆઈડીસીમાંથી HCL ભરેલ ટેન્કર કપલસાડી ગામ પાસે પલટી જતા બનેલ અકસ્માત



આસ પાસ તીવ્ર વાસ-ગેસ ફેલાતા અફરાતફરી નો માહોલ સર્જાયું : ગામજનો દ્વારા ડ્રાઈવર નો અદભુત બચાવ

ઝગડિયા

તારીખ ૦૯-૦૩-૨૦૨૦ ના રોજ ઝગડિયા જીઆઈડીસી માં આવેલ કમ્પની ડી.સી.એમ. શ્રી રામ ઈન્ડસ્ટ્રીઝના માંથી HCL ભરી અંકલેશ્વર તરફ જતા ટેન્કર જીઆઈડીસી પાસે આવેલ કપસાડી ગામ ના હદ વિસ્તાર માં અકસ્માતે ટેન્કર પલટી જતા HCL બાલુભાઈ ખુશાલભાઈ પટેલ ના ખેતર માં અને રસ્તા પર ઢોરાતા તીવ્ર વાસ – ગેસ ફેલાતા અફરાતફરી નો માહોલ સર્જાયો હતો શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી . વાહન વ્યવહાર બન્ધ કરવા ની ફરજ પડી હતી જ્યાં ઘાયલ ડ્રાયવર કેબીન માંથી બહાર નીકળી શકાય એવી પરિસ્થિતિ માં ના હતો અને વધુ સમય ત્યાં રહે તો તીવ્ર વાસ અને ગેસ થી તેના જીવ ને જોખમ હતો આવી પરિસ્થિતિ માં સ્થાનિક ગ્રામજનો દ્વારા હિંમત કરી ડ્રાઈવર ને કેબીન માંથી બહાર કાઢી તાત્કાલિક ૧૦૮ ને બોલાવી જયાબેન મોદી હોસ્પિટલ માં દાખલ કરવામાં કરી માનવતા નું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવેલ હતુ.

બચાવ કામગીરી માં હાજર ગામ આગેવાન સફીકભાઈ ચોહાણ ના જણાવ્યા મુજબ " મોડે સાંજે અમો અમારા ખેતર માં હતા જ્યાં આ અકસ્માત ની માહિતી અમોને મળતા અમો મિત્રો સાથે સ્થળે ગયા હતા જ્યાં તીવ્ર વાસ અને ગેસ બહાર નીકળી રહ્યું હતું અને ડ્રાઈવર ઘાયલ અવસ્થા માં કેબીન માં ફસાયેલ હતો જેને અમોએ બહાર કાઢી ૧૦૮ એમ્બુલન્સ બોલાવી હોસ્પિટલ મોકલવામાં આવેલ તેમજ અમોએ અકસ્માત ની જાણકારી કમ્પની ના અધિકારીઓ અને સરકારી તંત્ર ને આપી હતી"

DCM કમ્પનીના આસીસ્ટન વાઈસ પ્રેસીડન્ટ (એચ.આર.) શ્રી કમલ નાયક સાહેબ ને આ બાબતે પૂછતા તેમણે જણાવ્યા હતું કે " આ ટેન્કર સવારે ૧૦.૩૦ કલાકે અમારી કમ્પની પરિસર માંથી રવાના થયું હતું જ્યાં સાંજે મોડે સ્થાનિકો ના ફોન દ્વારા અકસ્માત ની જાણકારી મળતા અમો સ્થળે પોહ્ચ્યા હતા અને બચાવ કામગીરી કરી હતી. HCL ની તીવ્રતા ને કન્ટ્રોલ કરવા સોડા એસ નો છંટકાવ કરવામાં આવ્યો છે અને પ્રદુષિત HCL માટી સહિત ટ્રકો દ્વારા હાલ અમારી કમ્પની માં લઈ જવામાં આવેલ છે જ્યાંથી વેજ્ઞાનિક ઢબે નિકાલ કરવા અર્થે બેઈલ કમ્પની માં મોકલવામાં આવશે. સ્થાનિકો દ્વારા કરવામાં આવેલ બચાવ કામગીરી ને અમો બિરદાવીએ છીએ"

પ્રકૃતિ સુરક્ષા મંડળ ના સલીમ પટેલે જણાવ્યું હતું કે " આ HCL ભરેલ ટેન્કર સવારે ૧૦.૩૦ થી કમ્પની માંથી નીકળ્યા પછી મોડે સાંજ સુધી ક્યાં હતો ? ટેન્કર માં કાયદા મુજબ જી.પી.એસ. સીસ્ટમ લગાડેલ હતી કે કેમ ? એ બાબત ની તપાસ કમ્પની તરફથી થવી જોઈએ અને સરકાર ના પરિપત્રો મુજબ રાત્રી ના સમયે ટેન્કરો ની અવરજવર પર પાબંદી છે. તો આ પરિપત્રો નું અમલ દરેકે દરેક કમ્પનીએ કરવું જોઈએ. સરકારી વિભાગો ખાસ તો પોલીસ અને જીપીસીબી ને અમારી માંગણી છે કે તેઓ દ્વારા સરકાર ના પરિપત્રો નો ખરા અર્થ માં અમલ થાય એવી વ્યવસ્થા કરવી જોઈએ"

૧૦ રૂપિયાની લાલચ આપી યુવકે બાળકી સાથે દુષ્કર્મ આચરતા ખળભળાટ

સુરત

દેશમાં દુષ્કર્મના બનાવોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.ત્યારે ફરી એકવાર સુરતમાં દુષ્કર્મની ઘટના પ્રકાશમાં આવી છે જેમાં એક આઠ વર્ષની બાળકીને ૧૦ રુપિયા આપવાની લાલચ આપી તેના પર દુષ્કર્મ આચર્યુ હતું, આ બનાવની જાણ પોલીસને કરતા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી તેની સામે કાર્યવાહી હાથ ધરી છે.

સુરતના સંગ્રામપુરા વિસ્તારમાં માસુમ બાળાને ૧૦ રુપિયાની લાચ આપી તેને ફોસલાવીને યુવક આંતરી તેના પર દુષ્કર્મ આચર્યુ હતું. આ તમામ ઘટનાની જાણ બાળકીએ તેના પરિવારને કરતા તેઓએ તાત્કાલિક આઠવા પોલીસ મથકે ફરિયાદ દાખલ કરી હતી. જેથી પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી દુષ્કર્મનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

તમને જણાવી દઈએ કે, આ પહેલા પણ સુરત શહેરમાં દુષ્કર્મના કેસ થયો હતો જેમાં એક માસુમ બાળા પર દુષ્કર્મ આચરી તેને મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હતી, જેમા પોલીસે તેની સામે ગુનો નોંધી કોર્ટમાં હાજર કર્યો હતો. જેથી કોર્ટે દ્વારા તેને ફાંસીની સજા પણ સંભળાવવામાં આવી છે.

સુરત મહાનગર પાલિકા દ્વારા પ્લાસ્ટીકનો મોટો જથ્થો જપ્ત

દુકાનદારોને રૂ. બે લાખથી વધુનો દંડ

સુરત

ઈસ્ટઝોન – એ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક વપરાશ અટકાયતી અભિયાનના ભાગરૂપે દૈનિક ધોરણે સવારે ધારા માર્કેટ, શાકભાજી માર્કેટ, ફૂલ માર્કેટ વિગેરે સ્થળોએ પ્લાસ્ટિક અવર–નવર જપ્ત કરવામાં આવે છે. તેમ છતાપણ વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક જોવા મળતા સદર સ્થળે વોચ રાખતા એપીએમસી માર્કેટ તથા ધારા માર્કેટમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક સપ્લાય કરતા ફેરીયાઓ તેમજ હોલસેલ સંસ્થાની જાણકારી મળતા તા. ૨૭/૨/૨૦૨૦ થી ૮/૩/૨૦૨૦ દરમ્યાન ચેકીંગ કરતા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો કુલ ૪૮૦ કિ.ગ્રામ જથ્થો જપ્ત કરવામાં આવેલ હતો તેમજ રૂટીન ઝુંબેશના ભાગરૂપે મેડીકલ સ્ટોર , કાપડની દુકાનો , કરિયાણાની દુકાનો , રેસ્ટોરન્ટો , ટી-સ્ટોલ, દુધ નીડેરી, પાનની દુકાનો તેમજ ગલ્લાઓ તેમજ અન્ય સંસ્થાઓ મળી કુલ - ૧૦૧૦ સંસ્થાઓનું ચેકીંગ કરવામાં આવેલ જેમાં કુલ- ૩૫૨ કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવેલ હતા. આમ ઈસ્ટ ઝોનેં કુલ - ૮૩૨ કિલોગ્રામ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ હતુ. જે પૈકી હોળી, ધૂળેટી તહેવાર નિમિતે કલરોનું વેચાણ કરતી સંસ્થાઓ તેમજ ફેરીયાઓને ચેક કરી અંદાજીત કુલ ૫ કિ.ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓ તેમજ ફુગ્ગાઓ જપ્ત કરવામાં આવેલ હતા જે અંગે કુલ ૨,૨૭,૪૦૦ /- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ હતો.

સુરતના વેપારી પાસેથી માલ ખરીદી રૂ.૧૪ લાખની ઠગાઈ

બેંગ્લુરૂની વેપારી પેઢીએ પેમેન્ટ આપવા કરેલો ઈન્કાર

સુરત

રિંગરોડ વિસ્તારમાં વેપાર કરતા બે વેપારી સાથે રૂપિયા ૧૪.૦૧ લાખની ઠગાઈ કરનાર બેંગ્લુરૂની ગજવાલા સિલ્કના વહીવટકર્તા સામે સલાબતપુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રિંગરોડ જે.જે.એ.સી. ટેક્ષ્ટાઈલ્સ માર્કેટમાં વિનાયક ફેશન ધરાવતા શ્રવણકુમાર રામનિવાસ ચૌધરીએ આરોપી સુરેશ રામવિલાસ મહેશ્વરી, લલિત સુરેશભાઈ મહેશ્વરી (ગજવાલા સિલ્ક, બેંગ્લુરૂ, રહેવાસી પરવત પાટીયા, શશી વિહાર રેસીડેન્સી) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂપિયા ૧૩,૪૯,૧૯૩ની કિંમતની ૨૬૯૩ નંગ સાડી તથા વેપારી સંજય સોહનલાલ મુંદરા (મહેશ્વરી) પાસેથી રૂપિયા ૫૨,૪૦૦ના કિંમત કાપડ ખરીદ્યા બાદ આરોપીઓએ પેમેન્ટ ચૂકવવાને બદલે દુકાન બંધ કરી નાસી ગયા હતા. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

નાનીવેડમાં મહિલા પર પિતા અને બે દિકરાઓ દ્વારા હુમલો

સુરત

નાનીવેડ ઉપલા ફળીયા ખાતે રહેતી એક પરિણીતાની સાથે ઝઘડો કરી ઢીક મુક્કીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી પિતા સહિત બે પુત્રો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ચોકબજાર પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નાનીવેડ ઉપલા વેડ ખાતે ચેતનાબેન જ્યોતિભાઈ પટેલ (ઉ.વ.૪૪) શાકભાજીનો વેપાર કરે છે. ચેતનાબેનના પુત્રએ સામાવાળાની છોકરીને લઈને ભાગી ગયો હતો. આ બાબતે પિતા વિજય પટેલ, પુત્ર મિતુલ પટેલ તથા નિલુ પટેલે ચેતનાબેનના ઘરે જઈ દિકરો ક્યાં છે ? તે બાબતે પૂછપરછ કરી ઝઘડો કરી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નર્મદાના ગરુડેશ્વર તાલુકાની ૧૪ વર્ષની તરુણીનું લગ્નની લાલચે અપહરણ બાદ દુષ્કર્મ: નરાધમની ધરપકડ

નજીકના ગામના યુવાન અને તરુણી વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું પોલીસે જણાવ્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં સગીર બાળકીઓ ના અપહરણ બાદ દુષ્કર્મ ની ઘટના વધી રહી હોય જેમાં ખાસ તો પ્રેમ પ્રકરણ હોવાનું વધુ જોવા મળ્યું છે ત્યારે આવીજ એક ઘટના ગરુડેશ્વર તાલુકાના એક નાનકડા ગામની સગીર



વયની તરુણી સાથે બની હોય તેની માતા એ દીકરીનું અપહરણ કરી દુષ્કર્મ કરનાર નરાધમ વિરુદ્ધ ફરિયાદ કરતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરુડેશ્વર તાલુકાના નાનકડા એક ગામની ૧૪ વર્ષીય તરુણીનું ગત તારીખ ૩ માર્ચે નજીકના નસવાડી તાલુકાના સીન્દીકુવા ગામના કમલેશ જેસંગ ભીલે લગ્ન કરવાની લાલચે અપહરણ કરી તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કર્યું હોવાની ફરિયાદ ભોગ બનનારની માતા એ ગરુડેશ્વર પોલીસમા આપતા પોલીસે ગણતરીના કલાકોમાં નરાધમ કમલેશ ભીલને ઝડપી પાડી તેની સામે અપહરણ, બળાત્કાર તથા પોસ્કો ની કલમ લગાવી કાયદેસર કાર્યવાહી કરી છે.

નર્મદા પેરોલ-ફર્લો-સ્કોડ ટીમે પાંચ વાહનોની ચોરી કરી ચાર વર્ષથી ભાગતા ચોરને ઝડપી પાડ્યો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહની સુચના હેઠળ ગુનાઓ કરી ભાગતા આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કરતા છેલ્લા ચાર વર્ષથી પાંચ વાહનોની ચોરીના ગુનામાં ભાગતા આરોપીને ઝડપી કાયદેસર લઈ કાર્યવાહી કરી હતી.

રાજપીપળા પોલીસ સ્ટેશનના અલગ અલગ વાહન ચોરીના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા-ફરતા આરોપી દિનેશ ઉર્ફે દિનકર સીમટીયાભાઈ તડવી રહે,ગદવાની તા-અંકલકુવા જી-નાંદુરબાર (મહારષ્ટ્ર)ની માહીતી સાગબારા ખાતે બંદોબસ્ત,પેટ્રોલીંગ દરમિયાન પેરોલ-ફર્લો શાખાને મળી જેમાં હોળી ધુળેટીનો પર્વ હોય પોતાના ગામમાં તહેવારની ઉજવણી કરવા માટે દિનેશ તડવી આવવાનો હોવાની માહિતી મળતાજ નર્મદા પેરોલ-ફર્લો શાખાના પો.સબ.ઈન્સ. ડી.એ.ક્રિશ્ચયન તથા પેરોલ ફર્લો સ્કોડની ટીમે તેને પકડવા ચક્રો ગતિમાન કરી ગામમાં વોચ રાખી દિનેશ તા.૧૧ માર્ચે ગામમાં આવતા તેને ઝડપી વાહન ચોરીના ગુનામાં રાજપીપળા પોલીસ સ્ટેશનમાં સોંપી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ખોચરપાડા ગામના સ્મસાન પાસેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી એલ.સી.બી.નર્મદા

ક્વાટરીયા નંગ - ૧૯૫ તથા બીયર ટીન નંગ-૭૨ મળી કિ.રૂ.૨૬૭૦૦/-તથા મો.સા. કિ.રૂ.- ૨૦૦૦૦/- મળી કુલ્લે રૂ.૪૬૭૦૦/- નો પ્રોહી મુદામાલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



હિમકર સિંહ(IPS) પોલીસ અધિક્ષક,નર્મદાના માર્ગદર્શન અને સુચના હેઠળ એ.એમ.પટેલ, પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી.તથા સી.એમ.ગામીત પોલીસ PSI એલ.સી.બી તથા પોલીસ સ્ટાફ મારફતે જીલ્લામાં પ્રોહીબીશન ની બદી નાબુદ કરવા સ્ટાફને આપેલ સુચના અનુસાર મળેલ ચોક્કસ બાતમીના આધારે મો.સા.નં GJ 05 EF 8487 નો ચાલક પોતાની મોસામાં ભારતીય બનાવટનો વિદેશી દારુના ક્વાટરીયા નંગ-૧૯૫ કિ.રૂ.૧૯૫૦૦/- તથા બીયર ટીન નંગ ૭૨ કિ.રૂ,૭૨૦૦/- મળી કુલ્લે રૂ.૨૬, ૭૦૦/-નો પ્રોહિ મુદ્દામાલ તથા મોસા.ની કિ.રૂ.૨૦,૦૦૦/- મળી કુલ્લે કિમંત રૂ.૪૬૭૦૦/- નો મુદ્દામાલ પકડી પાડી મો.સા.ચાલક સ્થળ ઉપર હાજર મળેલ ન હોય વોન્ટેડ જાહેર કરી સાગબારા પો.સ્ટે માં ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

સાગબારાના સીમઆમલી ગામમાં હોળીમાં ઢોલ ફાડી નાંખવા બાબતે એકની હત્યા : હત્યારાને પોલીસે ઝડપી લીધો

ગામના વ્યક્તિઓ હોળીના તહેવાર નિમિત્તે ઢોલ વગાડી નાચતા હતા તે વખતે ગામના એક વ્યક્તિએ ચપ્પુ મારી ઢોલ ફાડી નાખતા બોલાચાલી બાદ હત્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સીમઆમલી ગામમાં હોળીના તહેવાર માં ગ્રામજનો ઢોલ વગાડી નાચતા હતા એ વખતે ગામના એક વ્યક્તિ એ ચપ્પુ થી ઢોલ ફાડી નાખતા બોલાચાલી થઈ જેમાં હત્યારા એ એકને ચપ્પુ મારતા ગંભીર ઈજા બાદ મોત થતા પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારાને ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સીમઆમલી ગામમાં હોળીના તહેવાર હોય ગામના લોકો નાચતા હતા એ સમયે ભીખા ભાઈ મોતીયાભાઈ વસાવા ત્યાં આવી ચપ્પુ વડે ઢોલ ફાડી નાખતા ગામના જ વાડચિયા જેરામભાઈ વસાવાએ ઢોલ કેમ ફાડી નાખે છે તેમ કહી ઠપકો આપતા ભીખા વસાવા એકદમ ઉશ્કેરાઈ જઈ વાડચિયાભાઈ ને ચપ્પુ મારી દેતા તેમને ગંભીર ઈજા થતા મોત થયું હતું. હત્યા કરી હત્યારો ત્યાંથી નાસી છૂટ્યો હોય આ બાબતે મોવાસીયાભાઈ જેરમાભાઈ વસાવા એ ફરિયાદ આપતા પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારાને ગણતરીના કલાકોમાં ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી કરી છે.

લાંચ લેતા ઝડપાયેલા ડેપ્યુટી ઈજનેર અશ્વીન ટેલર સસ્પેન્ડ

સુરત, તા.૧૧

સુરત મહાનગર પાલિકામાં ડે.ટાઉન પ્લાનર તરીકે ફરજ બજાવતા શ્રી અશ્વિનકુમાર ખુશમત લાલ ટેલર (કર્મ.નં. ૩૪૦૭૨) સામે સુરત એ.સી.બી. પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૦૫/૨૦૨૦, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ના સુધારા અધિનિયમ ૨૦૧૮ ની કલમ : ૭, (એ) અન્વયેનો ગુન્હો પો.ઈ., એ.સી.બી. સુરતના ધ્વારા દાખલ કરી તા.૦૮/૦૩/ ૨૦૨૦ના રોજ ૨૦.૧૫ કલાકે લાંચ લેતા ઝડપાતા તથા તેઓ સામે કાયદેસરની કાર્યવાહી એ.સી.બી. દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે જેને ધ્યાને લઈ મજુકર કર્મચારીને તા.૦૮/ ૦૩/૨૦૨૦થી અમલમાં આવે તે રીતે ફરજ મોકુફી હેઠળ મુકવા અંગેનો કચેરી હુકમ ઈસ્યુ કરવામાં આવેલ છે.

રાજપીપળા દરબાર રોડ પર ધુળેટીના દિવસે નજીવી બાબતે ધીંગાણું: કોયતા વડે હુમલામાં એક મહિલાને ઈજા

એકજ કુટુંબના પાડોશીઓ ધુમાડા જેવી મામુલી બાબતે બાખડયા: સામાં પક્ષે પણ ફરિયાદ આપી

ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળાના દરબાર રોડ પર ધુળેટીના દિવસે એકજ કુટુંબના પાડોશીઓ વચ્ચે ધુમાડા જેવી મામુલી બાબતે બોલાચાલી થતા છોડાવવા વચ્ચે પડનાર મહિલાને કોયતું વાગી જતા ઈજા થઈ હતી.



પ્રાપ્ત માહિતી અનુસાર દરબાર રોડ પર રહેતા કામીનીબેન વિજયભાઈ ચૌહાણે આપેલી ફરિયાદ મુજબ ચેતન હર્ષદ ભાઈ ચાપાનેરીયા તેના ઘરના પાછળ લાકડા સળગાવતા તેનો ધુમાડો બાજુમાં રહેતા દીનદયાલભાઈ રજનીકાંત ભાઈ ધોબીના ઘરમાં જતો હતો, દીનદયાલ આ માટે કહેવા જતા ચેતને ગાળા ગાળી કરી ઝગડા દરમ્યાન દીનદયાલ નો પુત્ર ધવલભાઈ પણ ત્યાં આવ્યો આ ઝગડો જોઈ કામીનીબેન તથા તેમના પતિ વિજય ભાઈ વચ્ચે પડતા હર્ષવર્ધન ચેતનભાઈ ચાંપાનેરીયા ઘર માંથી કોયતું લાવી દીનદયાલને મારવા જતા દીનદયાલ હટી જતા આ કોયતુ કમિનીબેનને વાગી જતા ઈજા થઈ હતી તેમજ દિનદયાલના દિકરા ધવલભાઈને પણ ધક્કો મારી જમીન ઉપર પાડી દઈ ઈજા કરી હોવાની કામિની બેનની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.જ્યારે સામાં પક્ષે ચેતન હર્ષદલાલ ચાંપાનેરીયાએ ફરિયાદ આપી જેમાં એ પોતે ઘરમાં ધુપ કરીને ઘરની બહાર પેપર વાંચતા હતા તે વખતે દિનદયાલ રજનીકાંત ધોબી તેમજ તેમની પત્ની નયનાબેને આવીને કહ્યું કે તમેં ધુમ કેમ કરો છો અમારા ઘરમાં ધુમાડો આવે છે ધુમાડો મારા ઘરમાં પાછો આવશે તો જાનથી મારી નાંખીશ તે સાંભળી તેમનો દીકરો હર્ષવર્ધન ઘરમાંથી આવી ધુપ તો અમારા ઘરમા થશે તેમ કહેતા ધવલ દિનદયાલ ધોબી ઘરમાંથી આવી હાથમાં પહેરેલ પંચનો મુક્કો મારી ઈજા કરી તેમજ તેમના પત્ની હિનાબેન તથા હર્ષવર્ધન વચ્ચે છોડાવવા પડતા તેમને પણ લાકડી,બેટ વડે માર મારી ઈજા કરતા રાજપીપળા પોલીસે બંનેની ફરિયાદ લઈ આઠ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે.

પ્રજાની રક્ષા કરતી નર્મદા પોલીસ પર મચ્છરોનો હુમલો : પાયગા પોલીસ લાઈનની ડબકોમાંથી મચ્છરોનું આક્રમણ



દરેક પોલીસ લાઈનમાં રહેતા પરિવારો દર મહિને હજારો રૂપિયા મચ્છરોના ડંખ થી બચવા બગાડે છે છતાં ડબકોની તેમજ અન્ય સફાઈ ન થતા ઊંઘ હરામ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં પ્રજાની રક્ષા કરતા પોલીસ પરિવાર માટે સરકારે કે સ્થાનિક લેવલે યોગ્ય કામગીરી ન થતા સતત પ્રજાની સુરક્ષા માં પોરવાયેલી રહેતી પોલીસ રાત્રે શાંતિ થી ઊંઘ પણ નથી લઈ શકતી તેનું જીવંત ઉદાહરણ રાજપીપળા એસટી ડેપો ને અડીને આવેલી પાયગા પોલીસ લાઈન માં જોવા મળે છે.

આમતો નર્મદા જિલ્લામાં દરેક પોલીસ લાઈનો માં એક વાર બન્યા બાદ ખાસ કોઈ ભારતું નથી પરંતુ રાજપીપળા પાયગા પોલીસ લાઈનની વાત કરીએ તો ત્યાંની ડબકો માંથી રોજ થતું મચ્છરો નું આક્રમણ એટલી હદે વધ્યું છે કે ત્યાં રહેતા પરિવારો તોબા પોકારી ઉઠ્યા છે જેમાં મચ્છરો થી બચવા તેમની પાસે મચ્છરની અગરબત્તી,ગુડ નાઈટ જેવા અન્ય સાધનો સિવાય અન્ય કોઈ વિકલ્પ બચ્યો નથી આ સાધનો પાછળ દર મહિને આ પરિવારો હજારો રૂપિયા બગાડે છે છતાં શાંતિ ની ઊંઘ મળતી નથી જેમાં સ્થાનિક અધિકારીઓ પણ આ પોલીસ પરિવારો માટે ખાસ કંઈ કરતા ન હોય આખરે બિમારીમાં સપડાય છે. ત્યારે સતત પ્રજા ની રક્ષા કરતી પોલીસ અને તેના પરિવાર બાબતે સરકાર કે અધિકારીઓ ખાસ કાળજી રાખે તે જરૂરી છે.



સુરત શહેરમાં જુદા જુદા ચાર લોકોના આપઘાત

ચારેય લોકોએ અગમ્ય કારણે જીંદગી ટૂંકાવી

સુરત

શહેરના વરાછા, લીંબાયત અને ખટોદરા પોલીસ મથક વિસ્તારમાં મળી કુલ ૪ ઈસમોએ કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વરાછા મીનીબજાર ભાતની વાડી ખાતે હરકિશન વિનોદભાઈ પટેલ રહે છે. ગતરોજ પોતાના ઘરમાં ૩૨ વર્ષના હરકીશનભાઈએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બીજા અકસ્માત મોતની વિગતો એવી છે કે, લીંબાયત સુભાષનગર ખાતે ૪૫ વર્ષના નારાયણ આહિરે રહેતા હતા. ગતરોજ સવારના સુમારે નારાયણ આહિરે (ઉ.વ.૫૫) પોતાના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

ત્રીજા બનાવની વિગતો જોતા લીંબાયત રતનચોક નવાનગર ખાતે વિલાશભાઈ પાટીલ ૯મી માર્ચના રોજ સવારના સુમારે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. ચોથા અકસ્માત મોતની વિગતો એવી છે કે, ખટોદરા ભટાર આઝાદનગર ખાતે રહેતા રવિ નામદેવ ખંડારેએ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પીલોસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે.

દિકરીને સુરત મળવા આવેલા પિતા લૂંટાયા

સુરત

નાશિકથી સુરત વેસુ ખાતે રહેતી દિકરીને મળવા આવતા પિતાને મીઠીખાડી નારાયણનગર પાસે રિક્ષામાં આવેલા બે અજાણ્યા યુવકે ચપ્પુ બતાવી રૂપિયા ૮૧ હજારની મતા લૂંટી લીધી હતી.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નાશિક ત્ર્યંબક રોડ સમૃદ્ધનગરમાં રહેતા નરેશ કિશનચંદ અગ્રેવાલ વેસુ ખાતે રહેતી દિકરીને મળવા સહારાદરવાજાથી રિક્ષામાં બેસીને જતા હતા. ત્યારે રિક્ષા ચાલક સહિતનાએ ફરિયાદીના ગળાના ભાગે ચપ્પુ મુકી રોકડા રૂપિયા ૬૦૦૦, મોબાઈલ ફોન અને સોનાની ચેન મળી કુલ રૂ.૮૧૦૦૦ની લૂંટ કરી નાસી ગયા હતા. લીંબાયત પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850


ૐ

પ. પૂ. શ્રી જગદીશાનંદજીનો ૬૭મો જન્મોત્સવ

દ્રૉં

“શ્રી હૃદયોર્મિ પ્રેમોત્સવ”





શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ એવા કૃપાસૂત્રને આત્માસાત કરીને, ભગવાન શ્રી રંગાવધૂત ગુરુ મહારાજના આશિષવર્ષાનો પ્રસાદ પામીને, વિશ્વ વંદનીય રાષ્ટ્રીય સંત શ્રી વિશ્વનાથ અવધૂતજીના કૃપા-પ્રેમ સાગરમાં તરબોળ થઈને પોતાનું સમગ્ર જીવન સર્વજન માટે સમર્પિત કરી રંગ-ગુરુ-ગાથા અને રંગ વિચારધારામાં સૌને પ્રયોજી, પરમહંસ શ્રી કેવલાનંદ મહારાજ અર્પિત પૂર્ણ આનંદ કરતા અને કરાવતા

પ. પૂ. શ્રી જગદીશાનંદજી (રંગ બાળ)નો ૬૭મો

“હૃદયોર્મિ પ્રેમોત્સવ”

સંવત ૨૦૭૬ ફાગણ વદ ૯ને ૧૭-૦૩-૨૦૨૦ના રોજ

આપશ્રી તથા સમસ્ત અવધૂત પરિવારના આત્મસ્વજનોની હાજરી આ સમગ્ર પ્રેમ- ઉર્મિ મહોત્સવને આનંદરૂપી ઉજાસથી પરિપૂર્ણ કરશે જ.

પ.પૂ. શ્રી ગુરુજી માટે કોઈપણ પ્રકારની ભેટ, બુકે કે ફુલહાર લાવવા નહીં.

નોંધ : બહારગામથી આવનાર આત્મ સ્વજનોએ ઉતારાની વ્યવસ્થા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

પ. પૂ. શ્રી રંગબાળના “હૃદયોર્મિ પ્રેમોત્સવ” અંતર્ગત યોજાનારા કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૬-૦૩-૨૦૨૦ સોમવાર


- સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રા
- સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદ
- રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ કાર્યક્રમ

શોભાયાત્રા શ્રીરંગ ખુશી ભવનથી શ્રી ઉમિયા માતાના મંદિરે જશે

તા. ૧૭-૦૩-૨૦૨૦ મંગળવાર

- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન નામ સ્મરણ ધૂન
- સવારે ૧૦.૩૦ કલાકે પ્રસાદ
- બપોરે ૧૨.૦૦ કલાકથી સંતજનો તથા મહાનુભાવોના આશિર્વચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન પ.પૂ. શ્રી ગુરુજીનો જન્મોત્સવ તથા આશિર્વચન
- સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ

- મધ્યાહન ૧૨.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય
- પ. પૂ. શ્રી વિશ્વનાથ અવધૂતજી (અવધૂત આશ્રમ, રાંદેર)
- શ્રી પ્રદિપ્તાનંદજી (ભુજ)
- શ્રી સંતરામ મંદિર સંતગણ
- શ્રી તપસ્વી મહારાજ (શ્રી રંગકુટિર, પાનસર)
- શ્રી મનમોહનદાસજી (ગુમાનદેવ હનુમાનજી મંદિર)
- ડો. ધીરૂભાઈ જોષી (મેનેજીંગ ટ્રસ્ટી, નારેશ્વર)
- શ્રી યોગેશભાઇ વ્યાસ (ટ્રસ્ટી, નારેશ્વર)
- આત્મીય સંતજનો તથા મહાનુભાવો



સંપર્ક સૂત્ર

શ્રી કમલેશભાઈ પટેલ ૯૪૨૭૮૫૫૯૯૯
શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય ૯૪૨૭૦૮૩૯૫૩
શ્રી નિલેષભાઈ ત્રિવેદી ૭૩૮૩૮૭૫૨૯૭
શ્રી ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૮૬૪૪૦૦
શ્રી પ્રતિકભાઈ પ્રજાપતિ ૯૭૨૪૫૧૪૮૦૮
શ્રી મનુભાઈ પટેલ ૯૮૯૮૬૩૧૨૪૦
શ્રી ધર્મેન્દ્રભાઈ સોની ૯૪૨૭૬૧૯૩૪૪
શ્રી જયરાજસિંહ સોલંકી ૯૫૮૬૦૯૮૯૯૦
શ્રી ખુશાલસિંહ રાવ ૯૮૯૮૪૬૫૭૨૭
શ્રી રાકેશભાઈ દેસાઇ ૯૮૨૫૩૬૫૭૦૯
શ્રી ધર્મેન્દ્રભાઈ મહીડા ૯૭૨૫૩૬૦૯૯૭
શ્રી રણજીતસિંહ વાંસીયા ૯૯૨૫૦૨૯૦૯૪
શ્રી જગદીશભાઈ સોની ૯૯૭૯૫૬૧૦૦૧
શ્રી અશોકસિંહ મહીડા ૯૮૭૯૦૧૫૯૩૬